# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

15 FEBRUARY, 2026 SUNDAY



પેજ 2

થરાદના ચાગડા ગામે મારવાડી ચૌધરી સમાજનું સામાજિક બંધારણ

પેજ 3

શિવરાત્રી પર્વ ઉજવવા તડામાર તૈયારીઓ

પેજ 7

સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમાનું લોકાર્પણ કરાયું

પેજ 5

થરાદના વાડિયા ગામના લોકોનો શક્તિ ફિલ્મ ના વિરોધમાં કલેક્ટરને રજૂઆત



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 322 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### ગયા વર્ષે જૂનમાં ઈરાનની ન્યુક્લિયર સાઈટ્સ પર હુમલાના સમયે પણ અમેરિકા પાસે આ ક્ષેત્રમાં બે કેરિયર હતા

# અમેરિકાનો બીજો જંગી કાફલો મિડલ ઈસ્ટ રવાના:દુનિયાનું સૌથી મોટું કેરિયર એરક્રાફ્ટ

## સામાન્ય રીતે એરક્રાફ્ટ કેરિયરની તૈનાતી નવ મહિનાની હોય છે, પરંતુ સૈન્ય ગતિવિધિ વધવા પર તેને લંબાવવામાં પણ આવે છે

• વોશિંગ્ટન ડીસી

મિડલ ઈસ્ટમાં તેની સૈન્ય ઉપસ્થિતિ વધારી રહ્યું છે. અમેરિકા હવે તેનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જેરાલ્ડ આર. ફોર્ડ ત્યાં મોકલી રહ્યું છે. આ એક ન્યુક્લિયર-પાવર્ડ કેરિયર એરક્રાફ્ટ છે. રોઈટર્સને બે અમેરિકી અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી.આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે, જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. અધિકારીના જણાવ્યા અનુસાર, જેરાલ્ડને મિડલ ઈસ્ટ પહોંચવામાં એક અઠવાડિયું લાગશે. ત્યાં પહેલાથી જ અબ્રાહમ લિંકન કેરિયર અને અન્ય યુદ્ધ જહાજો તૈનાત છે.જેરાલ્ડ તેના સાથી જહાજો સાથે કેરેબિયન સાગરમાં તૈનાત હતું. તેણે આ વર્ષે વેનેઝુએલામાં થયેલા અમેરિકી અભિયાનોમાં ભાગ લીધો છે. આ ઉપરાંત, તાજેતરના અઠવાડિયામાં ઘણા ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર, ફાઈટર જેટ અને સર્વેલન્સ વિમાન પણ મિડલ ઈસ્ટમાં મોકલવામાં આવ્યા છે.

અમેરિકી નૌકાદળ પાસે કુલ માત્ર 11 એરક્રાફ્ટ કેરિયર છે, તેથી આ ખૂબ જ કિંમતી સંસાધનો છે અને તેમની તૈનાતીનો કાર્યક્રમ અગાઉથી નક્કી હોય છે.ગયા વર્ષે જૂનમાં ઈરાનની ન્યુક્લિયર સાઈટ્સ પર હુમલાના સમયે પણ અમેરિકા પાસે આ ક્ષેત્રમાં બે કેરિયર હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અઠવાડિયે કહ્યું હતું કે જો ઈરાન સાથે કોઈ સમજૂતી નહીં થાય તો તેઓ બીજું કેરિયર મોકલવા પર વિચાર કરી રહ્યા છે.તેમણે કહ્યું કે આગામી એક મહિનામાં ઈરાન સાથે સમજૂતી થઈ શકે છે, નહીં તો સ્થિતિ ખૂબ જ ગંભીર અને પીડાદાયક બની શકે છે.

જેરાલ્ડ આર. ફોર્ડ ગયા વર્ષના જૂનથી સતત સમુદ્રમાં તૈનાત છે. તેને પહેલા યુરોપમાં તૈનાત કરવાનું હતું, પરંતુ નવેમ્બરમાં અચાનક તેને કેરેબિયન સાગરમાં મોકલી દેવામાં આવ્યું.

સામાન્ય રીતે એરક્રાફ્ટ કેરિયરની તૈનાતી નવ મહિનાની હોય છે, પરંતુ સૈન્ય ગતિવિધિ વધવા પર તેને



લંબાવવામાં પણ આવે છે. ફોર્ડ પરમાણુ રિએક્ટરથી સંચાલિત છે અને તેમાં 75થી વધુ સૈન્ય વિમાનો તૈનાત કરી શકાય છે.આમાં એફ-18 સુપર હોર્નેટ ફાઈટર જેટ અને ઈ-2 હોકઆઈ જેવા અર્લી વોર્નિંગ વિમાનો શામેલ છે. તેમાં અત્યાધુનિક રડાર સિસ્ટમ પણ લાગેલી છે, જે હવાઈ ટ્રાફિક અને નેવિગેશનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

અધિકારીઓએ જણાવ્યું કે પ્રશાસને બુશ એરક્રાફ્ટ કેરિયરને મોકલવા પર પણ વિચાર કર્યો હતો. જોકે તે હજુ સર્ટિફિકેશન પ્રક્રિયામાં છે અને તેને મિડલ ઈસ્ટ પહોંચવામાં એક મહિનાથી વધુ સમય લાગી જાત.ટ્રમ્પે ફેબ્રુઆરીની શરૂઆતમાં એક અલગ ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ઈરાન સાથેની સ્થિતિ હજુ બદલાઈ રહી છે. તેમણે દાવો કર્યો કે ઈરાન હવે વાતચીત માટે તૈયાર થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું, 'ઈરાન પાસે વેનેઝુએલા કરતાં મોટો આર્મડા (કાફલો) છે.'તેમણે એ પણ કહ્યું કે ઈરાનના અધિકારીઓ ઘણી વખત સંપર્ક કરી ચૂક્યા છે અને તેઓ ડીલ કરવા માંગે છે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન વાત કરવા માટે ઉત્સુક છે.એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ પત્રકારોને જણાવ્યું કે અમેરિકા વાતચીત માટે તૈયાર છે. જો ઈરાન સંપર્ક કરે છે અને શરતો માને છે તો વાત થશે. આ મહિને અમેરિકી વિશેષ દૂત સ્ટીવ વિટકોફે સમજૂતી માટે શરતો જણાવી છે-અમેરિકાની યુરેનિયમ એનરિચમેન્ટ રોકવાની માંગના જવાબમાં ઈરાને 8 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે તે પ્રોગ્રામ કોઈપણ ભોગે છોડશે નહીં, ભલે તેને સૈન્ય ધમકીઓ મળે કે નવા પ્રતિબંધો લાદવામાં આવે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું હતું કે - ઈરાનને ડરાવીને તેની પરમાણુ નીતિ બદલી શકાતી નથી અને અમેરિકાના ઈરાદા પર અમને ભરોસો નથી. અરાઘચીએ સ્પષ્ટ કહ્યું હતું કે યુરેનિયમ સંવર્ધન ઈરાન માટે કોઈપણ સંજોગોમાં સમજૂતીનો મુદ્દો નથી.

તેમણે કહ્યું કે કોઈ પણ દેશને ઈરાનને એ કહેવાનો અધિકાર નથી કે તેણે શું કરવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે ક્ષેત્રમાં અમેરિકી સૈન્ય તૈનાતી ઈરાનને ડરાવવામાં નિષ્ફળ રહેશે. તેમણે પુનરાવર્તન કર્યું કે ઈરાન એવો કોઈ કરાર નહીં કરે જે તેની સ્વતંત્રતા અને સન્માનની વિરુદ્ધ હોય. સાથે જ તેમણે કહ્યું કે જો પ્રતિબંધોમાં રાહત મળે છે તો ઈરાન વિશ્વાસ વધારનારા કેટલાક પગલાં પર વિચાર કરી શકે છે, પરંતુ આ બધું પરસ્પર સન્માન પર નિર્ભર કરશે.

### ગુલામીની માનસિકતામાંથી બહાર નીકળવું જરૂરી

# વડાપ્રધાન કાર્યાલય 'સેવા તીર્થ' ભવનનું ઉદ્ઘાટન:PM બોલ્યા- નોર્થ-સાઉથ બ્લોક બ્રિટિશ શાસનનું પ્રતીક

• નવી દિલ્હી

વડાપ્રધાન કાર્યાલયનું સરનામું આજથી બદલાઈ ગયું છે. નરેન્દ્ર મોદીએ શુક્રવારે નવી PM ઓફિસ સેવા તીર્થ અને કર્તવ્ય ભવન 1 અને 2નું ઉદ્ઘાટન કર્યું. PM ઓફિસ અત્યાર સુધી સાઉથ બ્લોકમાં હતું. PM મોદીએ કહ્યું કે નોર્થ બ્લોક અને સાઉથ બ્લોકની ઈમારતો બ્રિટિશ શાસનની હુકુમતનું પ્રતીક હતી. આ ભવનો બ્રિટનના મહારાજની વિચારસરણીને ગુલામ ભારતના જમીન પર ઉતારવાનું માધ્યમ હતું. આપણે ગુલામીની આ માનસિકતામાંથી બહાર નીકળવું જરૂરી હતું. પીએમએ કહ્યું- દિલ્હીની ઈમારતોમાં ઐતિહાસિક સ્થળો પર ગુલામીના ચિહ્નો ભરેલા પડ્યા છે. આઝાદ ભારતમાં જે સૈનિકો શહીદ થયા, અહીં તેમના માટે કોઈ સ્મારક નહોતું. 2014માં દેશે નક્કી કર્યું કે ગુલામીની માનસિકતા હવે નહીં ચાલે. અમારા આ નિર્ણયો પાછળ અમારી સેવા ભાવના છે.ભાષણના થોડા સમય પહેલા વડાપ્રધાને સેવા તીર્થ કોમ્પ્લેક્સની તકતીનું અનાવરણ કર્યું. દીવાલ પર 'સેવા તીર્થ' ની નીચે 'નાગરિક દેવો ભવ' લખવામાં આવ્યું છે.વડાપ્રધાનની ઓફિસ 1947 થી સાઉથ બ્લોકમાં રહી છે. આ ઈમારત લગભગ 78 વર્ષોથી દેશની સત્તાનું કેન્દ્ર રહી છે. 2014 થી મોદી સરકારે બ્રિટિશ શાસકોના પ્રતીકોથી દૂર જવા માટે સતત પગલાં લીધાં છે.વિકસિત ભારતની વિચારધારા માત્ર યોજનાઓમાં જ નહીં, પરંતુ કામ કરવાની જગ્યાઓ અને ઈમારતોમાં પણ દેખાવી જોઈએ. નવી ટેકનોલોજી માટે જૂની ઈમારતો પૂરતી નથી.જૂના ભવનો નાના અને સુવિધાઓમાં મર્યાદિત હતા. લગભગ 100 વર્ષ જૂની આ ઈમારતો જર્જરિત થઈ ગઈ હતી, અને આ સમસ્યાઓની જાણકારી દેશને હોવી જરૂરી છે.આજે પણ ઘણા મંત્રાલયો અલગ-અલગ 50 જગ્યાઓથી ચાલી રહ્યા છે, જેનાથી દર વર્ષે લગભગ 1,500 કરોડ રૂપિયા ભાડામાં ખર્ચ થાય છે. બધા મંત્રાલયો એક જગ્યાએ આવવાથી ખર્ચ ઓછો થશે, સમય બચશે અને કામકાજ વધુ સારું થશે.આ નિર્ણયો પાછળ એક સ્પષ્ટ વિચાર જણાવવામાં આવ્યો છે, જે ભારતના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને જોડે છે. પહેલાં જેને રાજપથ કહેવાતો હતો, ત્યાં સામાન્ય લોકો માટે ઓછી સુવિધાઓ હતી.

# MP-UP અને છત્તીસગઢમાં દિવસે ગરમી, તાપમાન 30C પાર:રાજસ્થાનમાં ફરી વરસાદની સંભાવના

• લખનઉ

દેશના પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં 13 થી 16 ફેબ્રુઆરી સુધી બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ છે. આના કારણે આગામી બે દિવસમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં પહાડો પર વરસાદ-બરફવર્ષા થવાની સંભાવના છે. જ્યારે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢમાં દિવસનું તાપમાન 30C ને પાર કરી ગયું છે.મધ્ય પ્રદેશમાં શુક્રવારે 15થી વધુ શહેરોમાં દિવસનું તાપમાન 30 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. રાત્રિનું તાપમાન પણ 10 ડિગ્રીથી વધુ છે.ઉત્તર પ્રદેશના ઘણા શહેરોમાં પારો 30Cને પાર કરી ગયો છે.બાંદામાં મહત્તમ તાપમાન 31.2C અને પ્રયાગરાજમાં 30.4C નોંધાયું હતું.છત્તીસગઢમાં સરેરાશ તાપમાનમાં 1 થી 2 ડિગ્રીનો વધારો નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યનું સૌથી મહત્તમ તાપમાન 32.7 ડિગ્રી જગદલપુરમાં નોંધાયું હતું. રાજસ્થાનના ઘણા ભાગોમાં હળવા વરસાદની સંભાવના છે. શુક્રવારે હળવા વાદળો છવાવાને કારણે લઘુત્તમ તાપમાનમાં 4 ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો હતો.ઉત્તરાખંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં કડકડતી ઠંડીની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. રાજ્યના સાત શહેરોનું લઘુત્તમ તાપમાન -10C થી નીચે છે. મુનસ્યારીમાં સૌથી ઓછું તાપમાન -26C, ગંગોત્રીમાં -21C અને બદ્રીનાથમાં -19C નોંધાયું.ઝારખંડમાં છેલ્લા 24 કલાકમાં ચાર જિલ્લાનું લઘુત્તમ તાપમાન 10 ડિગ્રીથી ઓછું નોંધાયું. તેમાં ડાલ્ટનગંજ, ખુંટી, લોહરદગા અને ગુમલાનો સમાવેશ થાય છે.

### CM સ્ટાલિને 1.31 કરોડ મહિલાઓના ખાતામાં 5000 ટ્રાન્સફર કર્યા

# તમિલનાડુમાં એક્ટર વિજયની રેલીમાં એક વ્યક્તિનું મોત:હીટસ્ટ્રોકથી જીવ ગયો

• ચેન્નઈ

તમિલનાડુના સાલેમમાં TVK ચીફ વિજયની રેલીમાં 37 વર્ષના એક વ્યક્તિનું હીટસ્ટ્રોકના કારણે મૃત્યુ થયું. પોલીસે જણાવ્યું કે મહારાષ્ટ્રનો રહેવાસી સૂરજ રેલી દરમિયાન છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ પડી ગયો.ત્યારબાદ તેને બેભાન અવસ્થામાં હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં સૂરજનું મૃત્યુ થયું. તે ઘણા વર્ષોથી સાલેમમાં રહેતો હતો. પોલીસે જણાવ્યું કે સૂરજની થોડા સમય પહેલા એન્જીયોપ્લાસ્ટી થઈ હતી. પોલીસ કેસ નોંધીને તપાસ કરી રહી છે.ગયા વર્ષે 27 સપ્ટેમ્બરે તમિલનાડુના કરૂરમાં અભિનેતા વિજયની રેલી દરમિયાન નાસભાગ મચી હતી. રેલીમાં આવેલી ભીડ અચાનક બેકાબૂ બની ગઈ હતી જેમાં કુલ 41 લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય ઘણા ઘાયલ થયા હતા.આ ઉપરાંત, તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને શુક્રવારે જણાવ્યું કે તેમની સરકારે કલાઈગ્નર મહિલા અધિકાર યોજના હેઠળ રાજ્યની 1.31 કરોડ મહિલાઓના બેંક ખાતામાં 5,000 જમા કર્યા છે.CM એમકે સ્ટાલિને શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો પોસ્ટ કરીને આ માહિતી આપી. સ્ટાલિને કહ્યું- તેમાંથી 3,000 ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ મહિનાના હપ્તાઓ માટે પહેલેથી જ આપી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત 2,000 સમર સ્પેશિયલ પેકેજ તરીકે આપવામાં આવ્યા છે. એટલે કે કુલ મળીને દરેક લાભાર્થી મહિલાને 5,000 મળ્યા છે.

CMએ વચન આપ્યું કે જો તેમની પાર્ટી DMK ફરીથી સત્તામાં આવે છે, તો મહિલાઓને મળતી 1,000 ની માસિક સહાયતા વધારીને 2,000 કરી દેવામાં આવશે. તેમણે કહ્યું કે કેટલાક લોકો ચૂંટણીનો હવાલો આપીને આ યોજનાની રકમ રોકવા માંગતા હતા, પરંતુ તેમની સરકારે પહેલાથી જ પૈસા મોકલી દીધા જેથી મહિલાઓને કોઈ મુશ્કેલી ન થાય.BJP નેતા તમિલિસાઈ સૌંદરરાજનએ સ્ટાલિનના આ પગલાને ચૂંટણીના ડર અને તાવથી પ્રેરિત ગણાવ્યું. સૌંદરરાજનએ કહ્યું કે રાજ્ય સરકાર કારણ વગર કેન્દ્ર સરકાર પર આરોપ લગાવી રહી છે. તમિલનાડુ વિધાનસભામાં કુલ 234 બેઠકો છે અને ચૂંટણી આ વર્ષના પહેલા છ મહિનામાં થવાની સંભાવના છે. છેલ્લી વખત 2021માં સ્ટાલિનની પાર્ટીએ બહુમતી મેળવી હતી.ચૂંટણી પહેલાં વિરોધ પક્ષ AI-ADMK એ વૃદ્ધો, વિધવાઓ, દિવ્યાંગો અને ટ્રાન્સજેન્ડર લોકોનું પેન્શન 1,200 થી વધારીને 2,000 કરવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓની એજ્યુકેશન લોન માફ કરવા, રાશન કાર્ડ ધારકોને વર્ષમાં 3 મફત ગેસ સિલિન્ડર આપવા અને મહિલાઓને વ્યાજમુક્ત લોન આપવાનું વચન પણ આપવામાં આવ્યું છે.

# નોઈડામાં વેલેન્ટાઈન-ડે પર પ્રેમિકાની હત્યા કરી પ્રેમીનો આપઘાત:કારમાં ગોળી મારી

### 1 કરોડનો ફ્લેટ ગિફ્ટ આપ્યો હતો, યુવકનો મેસેજ- મને દગો આપ્યો; 15 વર્ષથી પ્રેમસંબંધમાં હતા

• નોઈડા

નોઈડામાં વેલેન્ટાઈન-ડેના દિવસે પ્રેમીએ પ્રેમિકાની કારમાં હત્યા કરી દીધી, પછી પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. ફાયરિંગનો અવાજ સાંભળીને આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા. જોયું તો કાર અંદરથી લોક હતી. ત્યારબાદ તેમણે પોલીસને જાણ કરી. પોલીસે ટાટા અલ્ટ્રોઝ કારનો કાચ તોડીને જોયું, તો આગળની સીટ પર બંનેના મૃતદેહ પડ્યા હતા. બંનેના માથામાં ગોળી વાગી હતી. યુવકના હાથમાં પિસ્તોલ હતી. બાજુમાં બે ખાલી કારતૂસ પડ્યા હતા. પ્રેમી-પ્રેમિકા 13 ફેબ્રુઆરીથી ઘરેથી ગુમ હતા.

26 વર્ષની પ્રેમિકા રેખા નોઈડાના સલારપુરની રહેવાસી હતી, જ્યારે પ્રેમી સુમિત (32) દિલ્હીના ત્રિલોકપુરીનો રહેવાસી હતો. તે મંડળ સ્તરનો ક્રિકેટર હતો. કહેવાય છે કે બંનેનો 15 વર્ષથી પ્રેમસંબંધ ચાલી રહ્યો હતો. લગ્ન કરવાના હતા, પરંતુ કોઈ વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થયો.ત્યારબાદ 13 ફેબ્રુઆરીએ સુમિતે રેખાને મેસેજ મોકલ્યો- હું મરવા જઈ રહ્યો છું. આની જવાબદાર રેખા છે. તે મારી સાથે 15 વર્ષ રહી. વચન આપ્યું હતું કે મારી સાથે લગ્ન કરશે, પરંતુ હવે તે કોઈ બીજા સાથે લગ્ન કરવા જઈ રહી છે. મને રેખાએ દગો આપ્યો છે. તેથી હું આત્મહત્યા કરી રહ્યો છું. ત્યારબાદ તે કાર લઈને ઘરેથી ગુમ થઈ ગયો. છોકરી પણ ઘરેથી ગુમ થઈ ગઈ. તેના પરિવારજનોએ શુક્રવારે નોઈડાના સેક્ટર-58 પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આજે બપોરે દોઢ વાગ્યે બંનેના મૃતદેહ સેક્ટર-39 પોલીસ સ્ટેશન વિસ્તારમાં મળ્યા.સુમિતના પિતા રાજીવ દિલ્હી MCDમાં નોકરી કરે છે. રેખા અને સુમિત સ્કૂલમાં સાથે ભણતા હતા. રેખાનું સુમિતના ઘરે આવવા-જવાનું હતું. પિતરાઈ મોટા ભાઈ સચિનનું કહેવું છે કે સુમિત ક્રિકેટની સાથે વોટર પ્લાન્ટ પણ ચલાવતો હતો. સુમિતે રેખા માટે એક ફ્લેટ પણ ખરીદ્યો હતો, જેની કિંમત લગભગ 1 કરોડ રૂપિયા જણાવવામાં આવી રહી છે.ભાઈએ જણાવ્યું- રેખા અને સુમિતનો 15 વર્ષથી પ્રેમસંબંધ ચાલી રહ્યો હતો.

### પાકિસ્તાની ડોન અને લોરેન્સ ગેંગ આમને- સામને

# શહઝાદ ભટ્ટીએ કહ્યું- લોરેન્સ સાબરમતી જેલમાંથી બહાર આવે એટલે ખેલ ખતમ

• અમૃતસર

ડોન શહઝાદ ભટ્ટીએ અમદાવાદની સાબરમતી જેલમાં કેદ લોરેન્સ બિશ્નોઈને ધમકી આપતો વીડિયો રિલિઝ કર્યો હતો. વીડિયોમાં તે કહે છે કે લોરેન્સ એકવાર સાબરમતી જેલની બહાર આવે એટલી વાર. હું તેનું કામ તમામ કરી બતાવીશ. લોરેન્સ કે તેના કોઈ ગુંડા મને હાથ પણ નહિ લગાવી શકે.પાકિસ્તાની ડોનની ધમકી બાદ લોરેન્સ ગેંગ ભડકી છે. લોરેન્સ ગેંગના સાગરિત હરિ બોક્સરે પણ વીડિયો રિલિઝ કરીને હથિયારો બતાવીને કહ્યું કે, તને ગમે ત્યાંથી શોધીને માથું અલગ કરી નાખીશું. અમારી પાસે એટલા હથિયારો છે, એટલી ગોળીઓ મારીશું કે ગોળીઓ ગણીને તારું ખાનદાન કરોડપતિ થઈ જશે. લોરેન્સ બાપ હતો અને બાપ રહેશે. તેણે કહ્યું કે તને (શહઝાદ ભટ્ટીને) લોરેન્સે બનાવ્યો છે, હવે તું ભાઈ વિરુદ્ધ જ ભસી રહ્યો છે. તને જમીન આસમાનમાંથી શોધીને ખતમ કરીશું.ભટ્ટીએ વીડિયો જાહેર કરીને લોરેન્સને ખુલ્લો પડકાર આપતાં પૂછ્યું હતું કે શું તેની પાસે તેને મારવા માટે હથિયારો છે? તેણે લોરેન્સને ગદ્દાર ગણાવ્યો હતો ને કહ્યું હતું કે સાચો સમય આવ્યો જવાબ આપશે. એ સાબરમતી જેલમાંથી બહાર નીકળે એટલી વાર.થોડા દિવસો પહેલા લોરેન્સ ગેંગે શહઝાદ ભટ્ટી પર હુમલો કરાવવાનો દાવો કર્યો હતો. લોરેન્સ ગેંગ તરફથી ગેંગસ્ટર રણદીપ મલિકે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. જેમાં શહઝાદ ભટ્ટીને પોર્ટુગલમાં ટ્રેક કરીને હુમલો કરવાની વાત લખી હતી. ભટ્ટી અને લોરેન્સ પહેલા સારા મિત્રો હતા.

# બ્રહ્મપુત્રા નદી નીચે ટ્રેન-વાહનો એકસાથે ચાલશે ભારતની પહેલી અનોખી અંડરવોટર ટનલ

### 6 કલાકની મુસાફરી માત્ર 20 મિનિટમાં; 18,662 કરોડનો પ્રોજેક્ટ મંજૂર

• નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં શનિવારે કેબિનેટ મીટિંગમાં આસામમાં બ્રહ્મપુત્ર નદીની નીચે દેશની પ્રથમ રોડ-કમ-રેલ ટનલ સહિત ફોર લેન એક્સેસ-કંટ્રોલ્ડ ગ્રીનફિલ્ડ કોરિડોરને મંજૂરી આપવામાં આવી. તેનો કુલ ખર્ચ 18,662 કરોડ થશે. આ ભારતની પ્રથમ અને વિશ્વની બીજી અંડરવોટર રોડ-કમ-રેલ ટનલ પરિયોજના હશે, જેમાં એક જ સુરંગમાં રોડ અને રેલ લાઈન હશે. ટ્રેન અને વાહનો એકસાથે ચાલશે. તેને એન્જિનિયરિંગ-પ્રોક્યોરમેન્ટ-કન્સ્ટ્રક્શન (EPC) મોડેલ પર વિકસાવવામાં આવશે.આ પ્રોજેક્ટ હેઠળ ગોહપુર (NH-15)થી નુમાલીગઢ (NH-715) વચ્ચે 15.79 કિમી લાંબી ટનલ બનાવવામાં આવશે. હાલમાં નુમાલીગઢ અને ગોહપુર વચ્ચે લગભગ 240 કિમીનું અંતર કાપવામાં 6 કલાકનો સમય લાગે છે. આ પ્રોજેક્ટ પછી તે ઘટીને 20 મિનિટ થઈ જશે.દુનિયાભરમાં હાલમાં ચેનલ ટનલ જ એકમાત્ર અંડરવોટર રોડ-કમ-રેલ ટનલ છે. આ ટનલ ઈંગ્લિશ ચેનલની નીચે બનેલી છે, જે યુનાઈટેડ કિંગડમ અને ફ્રાન્સને એકબીજા સાથે જોડે છે. આ ટનલ 1994માં સામાન્ય નાગરિકો માટે ખોલવામાં આવી હતી.આ ટનલની કુલ લંબાઈ લગભગ 50.45 કિલોમીટર છે, જેમાંથી લગભગ 37.9 કિલોમીટર ભાગ સમુદ્રની નીચે આવેલો છે. આ દુનિયાની સૌથી લાંબી અંડર સી ટનલોમાંની એક છે.કેન્દ્ર સરકારે નોઈડા મેટ્રો રેલ પરિયોજના હેઠળ સેક્ટર-142થી બોટનિકલ ગાર્ડન સુધીના 11.56 કિમી લાંબા વિસ્તરણ કોરિડોરને મંજૂરી આપી છે. આમાં 8 એલિવેટેડ સ્ટેશનો હશે. પ્રોજેક્ટ શરૂ થયા પછી નોઈડા-ગ્રેટર નોઈડાનું મેટ્રો નેટવર્ક 61.62 કિમી લાંબુ થઈ જશે.આનાથી બોટનિકલ ગાર્ડન પર બ્લુ લાઈન અને મેજેન્ટા લાઈન સાથે ઈન્ટરચેન્જની સુવિધા મળશે. વ્યાવસાયિક અને શૈક્ષણિક ક્ષેત્રો સાથે સીધો જોડાણ થશે. ટ્રાફિકમાં ઘટાડો થશે.કેબિનેટ મીટિંગમાં શહેરી માળખાકીય સુવિધાઓને પ્રોત્સાહન આપવા માટે 1 લાખ કરોડની કેન્દ્રીય સહાયતાવાળા અર્બન ચેલેન્જ ફંડ (UCF) ને મંજૂરી આપી છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

શ્રી મુક્તજીવન સ્વામી બાપા નગર પ્રાથમિક શાળા નંબર 19 બોટાદના

# વિદ્યાર્થીઓએ લીધી અગરબત્તી બનાવતા ગૃહ ઉદ્યોગની મુલાકાત

• (વંદના નીલકંઠ વાસુકીયા) વિરમગામ :

શનિવાર એટલે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે બેગલેસ ડે. શનિવારે વિદ્યાર્થીઓને અવનવું શીખવી શકાય અને નવી જાણકારી આપી શકાય તેવા ઉમદા હેતુથી શ્રી મુક્તજીવન સ્વામી બાપા નગર પ્રાથમિક શાળા નંબર 19 બોટાદના શિક્ષક હર્ષાબેન રાવળ દ્વારા અગરબત્તી પાપડ સહિતની વસ્તુઓ બનાવતા ગૃહ ઉદ્યોગની વિદ્યાર્થીઓને મુલાકાત કરાવવામાં આવી હતી. અગરબત્તી, પાપડ સહિતની વસ્તુઓ ગૃહ ઉદ્યોગમાં કેવી રીતે બનાવવામાં આવે છે તેની વિદ્યાર્થીઓને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ગૃહ ઉદ્યોગની બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ માહિતી અંગે અહેવાલ લેખન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પણ નવી માહિતી મેળવીને પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે વિદ્યાર્થીઓને કાંઈક નવું જ શીખવવા માટે શ્રી મુક્તજીવન સ્વામી બાપા નગર પ્રાથમિક શાળા નંબર 19 બોટાદના શિક્ષક હર્ષાબેન રાવળ દ્વારા બાળકોને અવનવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી રહી છે.



# શહેરની હોટેલમાં નડિયાદની સ્કૂલના આચાર્ય મહિલા સાથે રંગેહાથ ઝડપાયા, LCના બહાને બોલાવી હતી

• અમદાવાદ

અમદાવાદ શહેરના વટવા GIDC વિસ્તારમાં ગત રોજ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં નડિયાદની એક શાળાના આચાર્ય મહિલા સાથે હોટલમાંથી શંકાસ્પદ હાલતમાં ઝડપાયો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.મળતી માહિતી અનુસાર, નડિયાદની એક શાળામાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા કિરીટ ઝાલા પર ગંભીર આરોપ લાગ્યા છે. આરોપ છે કે તેણે પોતાની જ શાળાના એક બાળકની માતાને કામ અર્થે અમદાવાદની હોટલમાં બોલાવી હતી. મહિલાએ પોતાના બાળકનું શાળા છોડવાનું પ્રમાણપત્ર (LC) લેવા માટે શાળામાં અરજી કરી હતી.

ચમત્કારી મહાપુરુષ

મોરારિબાપુઃ વ્હાલું અને વ્હાલનું વટવૃક્ષ

# આજે શિવરાત્રીનો દિવસ મોરારિબાપુનો અવતરણ દિવસ છે તેથી લેખ પ્રસ્તુત

**પૂજ્ય મોરારિબાપુ જન્મ વિશે પોતે જ અનેક વખત કેફિયત આપીને જણાવે છે કે 25 સપ્ટેમ્બર 1946 એ મારી પાસપોર્ટમાં લખાયેલી જન્મ તારીખ છે**

• તખુભાઈ સાંડસુર

પૂજ્ય મોરારિબાપુ આજે મહાવદ ચૌદસ એટલે કે શિવરાત્રીના દિવસે 81 માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.'શતમ્ જીવમ્ નહીં સવા શતમ્' તેમના કાર્યોથી સૌએ કહેવુ પડે! જીવનના સાત દાયકા સુધી રામનામના ગુંજારવને નસનસમાં ભરી દેનાર આ મહાચેતના અને પરમ વિભૂતિને કદાચ ભવિષ્યે લોકો એક ચમત્કારી મહાપુરુષ તરીકે ઓળખશે!!પૂજ્ય મોરારિબાપુ જન્મ વિશે પોતે જ અનેક વખત કેફિયત આપીને જણાવે છે કે 25 સપ્ટેમ્બર 1946 એ મારી પાસપોર્ટમાં લખાયેલી જન્મ તારીખ છે.પરંતુ વાસ્તવમાં જન્મદિવસ એ શિવરાત્રી એટલે કે 2 માર્ચ 1946 છે. શિવરાત્રીનો તે દિવસ હતો અને તેથી બાપુએ પોતાનો જન્મદિવસ ક્યારેય અંગ્રેજી કેલેન્ડર મુજબ પ્રસ્તુત કર્યો નથી. તેથી આપણે શિવરાત્રીને જ આગળ કરીને ચાલીએ, માનીએ. તે મહાવદ





ચૌદસ સવંત 2002નો દિવસ હતો શનિવાર.તો આ રીતે બાપુનો જન્મ દિવસ મહાશિવરાત્રીથી ગણતા બાપુ હવે 81 માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.આ મહાચેતનાને તેમના જન્મદિવસે વારંવાર વંદન, પ્રણામ. માત્ર 14 વર્ષની ઉંમરે રામચરિત માનસની ચોપાઈઓના ગાન સાથે બાપુએ પોતાના દાદા અને ગુરુ પૂજ્ય ત્રિભુવનદાસબાપુ પાસેથી માનસ દીક્ષા ગ્રહણ કરી તે વાત સાર્વજનિક છે. રામ ચરિત માનસના દોહા, સોરઠા અને ચોપાઈ ધીમે ધીમે પુ.મોરારિબાપુના સમગ્ર ચેતનતત્વમાં ઉતારતા ચાલ્યા અને પોતાના પૈત્રિક વતન અને જન્મસ્થાન ભાવનગરના મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પ્રથમ રામકથા એક વડલાની છાયામાં માત્ર બે શ્રોતાઓની સામે રજૂ કરી અને પછી આજે હવેએ પરોક્ષ રીતે કરોડો શ્રોતાઓ સુધી આ ગંગા પહોંચી ગઈ છે. પુ.મોરારિબાપુ માટે કંઈ લખવું અથવા તેમને કોઈ વિશેષણ આપવું એ ધૃષ્ટતા કહેવાય, કારણકે તેથી સંભાવના છે કે તેમના સમગ્ર વ્યક્તિત્વને ઓછાં શબ્દોમાં મુલવીને, આલેખીને કે પછી પ્રસ્તુત કરીને કોઈ અપરાધ થઈ ગયાની અનુભૂતિ જરૂર થાય,કારણ કે જીવનના 68 વર્ષો જે ચેતનસમૃદ્ધિએ રામને સમર્પિત કર્યા હોય અને આપણે તેને શબ્દ પુષ્પમાં બાંધવાનો પ્રયાસ કરીએ તો તે શક્ય છે ખરું? રામકથાનો રસ હવે જગતના 700 કરોડ લોકો પૈકીના હિન્દી, ગુજરાતી જાણનારા લગભગ 200 કરોડ લોકો સુધી વિસ્તર્યો છે, પહોંચ્યો છે. કદાચ જગતમાં આ પ્રકારની કોઈ કહાની પ્રવાહી રીતે અન્ય કોઈ ધર્મમાં પણ રજૂ થતી હોય અને આ ધારાઓને જીલવા માટે લાખો લોકો રોજ પીપાસુ બનીને ખોબો ધરીને ઉભા હોય તેવું સાંભળવા મળ્યું નથી! પણ પૂજ્ય બાપુની વાણીને ઝીલવા ઉત્તરથી દક્ષિણ તથા પૂર્વથી પશ્ચિમ ભારતના જ નહીં પરંતુ વિશ્વના ખૂણે ખૂણે આસ્થા ચેનલના માધ્યમથી હજારો લોકો આતુરતાથી પહેલા ટીવી અને હવે ઈન્ટરનેટમાં આંખ ઉઘાડીને બેઠાં છે. 972 મી કથા બાપુએ પોતાની પરંપરાના ઈશ્વરીય તત્વ કૃષ્ણમ્ શરણમ્ સમર્પિત કરીને 81માં વર્ષનો પ્રારંભ કર્યો છે. માનવ વસાહત ધરાવતા દુનિયાના છ ખંડો અને આકાશ, જળમાં સૌને રામકથાનું રસપાન કરાવવા માટે બાપુ માધ્યમ બની શક્યા છે એટલું જ નહીં દુર્ગમ એવા અરણ્ય પ્રદેશો અને એવરેસ્ટ જેવી બર્ફીલી હિમાલયની પહાડીઓ કે જ્યાં માનસરોવર છે ત્યાં પણ પોથીજી લઈને બાપુનાં પગલાં પડ્યાં છે. બાપુએ શ્રદ્ધાને અંધશ્રદ્ધામાં બદલવા માટે કદી પ્રયત્ન નથી કર્યો પણ એટલું ચોક્કસ કહું કે બાપુની કથાઓ અને તેની રસલ્હાણનો એક વખત ઘૂંટડો પી જનાર કાયમના બંધાણી બની જાય છે.તેથી જ કદાચ 'આઈએ હનુમંત બિરાજીએ કથા કહું રઘુરાય' આ ચોપાઈનું ગાન હનુમંત મહારાજને હંમેશા કથા મંડપમાં પધારવા માટે પૂરતું બની રહે છે. કોઈ ઘટના 972 કથામાં આજે પણ એવી નથી બની કે જે કૃપણ કે કષ્ટદાયક હોય! ચરૈવેતી ચરૈવેતીના મંત્ર માળાના મણકાઓની જેમ જ સાથે રાખીને બાપુનું પવિત્ર, પ્રવાહી જીવન સતત દોડતું, વિસ્તરતું અને વહેતું દેખાયું છે.પણ તે ક્યારેય હાંફ્યુ હોય તેવો પ્રસંગ સામે આવ્યો નથી.

પુ.બાપુ લાખો લોકોના જીવનને બદલવા કારણરુપ બન્યા છે અને તેઓ આ ગંગાનો અભિષેક સતત કરતાં રહે તે તેમના અવતરણ દિવસે મનોરથ કરી વારંવાર વંદન કરીએ છીએ.

'હવે તમારો 'ટાઈમ' નહીં, 'જમાનો' આવશે'

# આ સૃષ્ટિમાં દરેક કણનો એક ચોક્કસ હેતુ હોય છે, અને માનવ તરીકે આપણો જન્મ કોઈ સાધારણ ઘટના નથી

લેખક -એન્જી. હાર્દિક ચંદારાણા

સાચી સફળતા એ નથી કે તમે કેટલા ઉપર પહોંચ્યા, પણ એ છે કે પડ્યા પછી તમે કેટલી વાર અને કેટલી ઝડપથી પાછા ઊભા થયા

આ સૃષ્ટિમાં દરેક કણનો એક ચોક્કસ હેતુ હોય છે, અને માનવ તરીકે આપણો જન્મ કોઈ સાધારણ ઘટના નથી. આપણે અવારનવાર બીજાના રસ્તે ચાલવાની અને બીજા જેવું દેખાવાની આંધળી દોટમાં આપણી પોતાની મૌલિકતા ખોઈ બેસીએ છીએ. પરંતુ યાદ રાખજો, તમે અહીં બીજા જેવું બનવા માટે નહીં, પણ કંઈક એવું કરવા આવ્યા છો જે બીજું કોઈ ન કરી શકે. જ્યારે તમે તમારી સરખામણી બીજા સાથે કરો છો, ત્યારે તમે તમારી પોતાની દિવ્યતાનું અપમાન કરો છો. તમારી પાસે જે વિચારો, જે દ્રષ્ટિકોણ અને જે સંઘર્ષની ક્ષમતા છે, તે વિશ્વમાં અન્ય કોઈની પાસે નથી. આ સત્યને સ્વીકારવું એ જ સફળતાનું પ્રથમ પગથિયું છે. જીવન હંમેશા સુખદ અને સરળ હોવું જોઈએ એવી આપણી અપેક્ષા જ આપણને નબળા પાડે છે. વાસ્તવમાં, શાંત સમુદ્ર ક્યારેય કુશળ નાવિક નથી બનાવી શકતો. જીવનના તોફાનો જ તમારી અસલી શક્તિની કસોટી કરે છે અને મુશ્કેલીઓ આપણને ડૂબાડવા માટે નહીં, પણ આપણી અંદર છુપાયેલી એ શક્તિઓને જગાડવા માટે આવે છે જેની આપણને પોતે પણ જાણ હોતી નથી. સાચી સફળતા એ નથી કે તમે કેટલા ઉપર પહોંચ્યા, પણ એ છે કે પડ્યા પછી તમે કેટલી વાર અને કેટલી ઝડપથી પાછા ઊભા થયા. વિજેતા એ નથી હોતો જે ક્યારેય નિષ્ફળ નથી ગયો, પણ વિજેતા એ હોય છે જેણે ક્યારેય હાર માની નથી. આ પ્રવાસમાં લોકો શું કહેશે એ વિચારશો તો ક્યારેય આગળ નહીં વધી શકો, કારણ કે લોકોના અભિપ્રાય સવાર-સાંજ બદલાતા હોય છે પણ તમારું લક્ષ્ય અડગ હોવું જોઈએ. લોકોના ટોણાને તાળીઓમાં બદલવાની શક્તિ માત્ર તમારી પાસે છે.



જાગો, લડો અને જીતીને બતાવો, કારણ કે આ રમત તમારી છે અને એનો વિજેતા પણ તમારે જ બનવાનું છે. દુનિયાને તમારી નિષ્ફળતાના બહાનામાં કોઈ રસ નથી, એને માત્ર તમારી સફળતાનું પરિણામ જોવું છે. તમારી મહેનત એવી કરો કે ખુદ 'મહેનત' પણ તમારી સામે હાથ જોડીને ઉભી રહી જાય અને કહે કે, 'ભાઈ, હવે તો મારે પણ તારા નસીબ આગળ હાર માનવી પડશે, કારણ કે હવે ખરેખર તારો જ ટાઈમ છે!'નસીબના ભરોસે બેસનારાઓને એટલું જ મળે છે જેટલું મહેનત કરનારાઓ ઠોકર મારીને છોડી દે છે. સાહેબ, જિંદગીની વાર્તા તો બધા લખે છે, પણ તમે એવો ઈતિહાસ લખજો કે જ્યારે તમારી જિંદગીની છેલ્લી ક્ષણ હોય ને, ત્યારે અરીસામાં જોઈને તમારી પોતાની આંખો પણ તમને સલામ કરે! યાદ રાખજો, તમે અહીં માત્ર શ્વાસ લેવા નથી આવ્યા, પણ આ દુનિયામાં એક એવી સુગંધ છોડવા આવ્યા છો જે તમારા ગયા પછી પણ વર્ષો સુધી મહેકતી રહે. જ્યારે તમે આ દુનિયામાં આવ્યા ત્યારે તમે રડતા હતા અને દુનિયા હસતી હતી, પણ મહેનત એવી કરજો કે જ્યારે તમે આ દુનિયા છોડો ત્યારે તમે હસતા હોવ અને આખી દુનિયા રડતી હોય! રસ્તો ગમે તેટલો લાંબો હોય, પણ તમારા એક મક્કમ ડગલાથી એ ટૂંકો થઈ જાય છે. તમારી જાત પર વિશ્વાસ રાખજો, કારણ કે ઈશ્વર ક્યારેય કોઈને નકામો બનાવીને પૃથ્વી પર નથી મોકલતો.તમારા લોહીમાં જો ઉકળાટ નથી તો એ લોહી નહીં પણ પાણી છે, અને જો આ લખાણ વાંચ્યા પછી પણ તમારામાં જોશ નથી આવતો તો તમે જીવતા નથી, બસ શ્વાસ લો છો! તમારી અંદરનો સૂરજ હજી આથમી નથી ગયો, એ તો બસ નવી સવારની રાહ જુએ છે. આ લખાણ વાંચીને જો તમારા હૃદયના ધબકારા વધી ગયા હોય, તો સમજી લેજો કે તમારી અંદરનો સિંહ હજી જીવતો છે. હવે મોડું ના કરો, અત્યારે જ નક્કી કરો કે તમારે ઈતિહાસ વાંચવો છે કે ઈતિહાસ લખવો છે! ઉઠો, અને પોતાની જાતને એ સાબિત કરી બતાવો જે દુનિયાને અશક્ય લાગતું હતું. એવી તૈયારી કરો કે જ્યારે તમે મેદાનમાં ઉતરો ત્યારે વિરોધીઓ હારવાની નહીં, પણ જીવ બચાવવાની પ્રાર્થના કરે!

# થરાદના ચાગડા ગામે મારવાડી ચૌધરી સમાજનું સામાજિક બંધારણ

'એક સમાજ, એક જાજમ, એક રિવાજ ' મુજબ બંધારણ ઘડ્યું

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

થરાદના ચાગડા ગામે મારવાડી ચૌધરી સમાજ દ્વારા સામાજિક બંધારણને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. રાજેશ્વર ધામ, ચાગડા ખાતે યોજાયેલી આ બેઠકમાં મહંતશ્રી દયારામજી મહારાજ, ગાદીપતિ શ્રી રાજેશ્વરધામ શિકારપુરાની હાજરીમાં સમાજના આગેવાનોએ 'એક સમાજ, એક જાજમ, એક રિવાજ' ના સિદ્ધાંત મુજબ બંધારણ ઘડ્યું. આ બંધારણમાં લગ્ન પ્રસંગ, મરણ પ્રસંગ, જન્મ પ્રસંગ, ગવાળા પ્રસંગ, વ્યસન, ઓઢામણી, સગપણ અને અન્ય મુદ્દાઓ બાબતે સુધારણા કરવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં એકરૂપતા લાવવાનો અને પરંપરાઓ, સંસ્કારો તથા વ્યવહારને એક સૂત્રમાં બાંધવાનો છે. 'એક સમાજ, એક જાજમ, એક રિવાજ' ને સાર્થક કરવા માટે જુદા-જુદા સામાજિક પ્રસંગોને આવરી લેતા સુધારાત્મક મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ મુદ્દાઓ પર પરગણા મુજબ સામાજિક સંકલન બેઠકોમાં સામાજિક અગ્રણીઓ, પંચો અને યુવાનોએ સાથે મળીને ચર્ચા-વિચારણા કરી હતી. શ્રી અખિલ આંજણા



ચૌધરી પટેલ યુવામંડળ બનાસકાંઠા અને પાંચ પટ્ટી - થરાદરી,, ડીસાવળી, વાવેસી, હિન્દવાણી, સાંચોરી, સમાજે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. ગુરુગાદી રાજેશ્વર ભગવાન મંદિર, શિકારપુરાથી રાજઋષિ યોગીરાજ બાલબ્રહ્મચારી મહંત શ્રી દયારામજી મહારાજના વરદ હસ્તે 'એક સમાજ, એક જાજમ અને એક રિવાજ' ઉપર પાંચ પટ્ટીની અંદર તમામ પ્રકારની સામાજિક સુવ્યવસ્થાઓની માર્ગદર્શિકાનું વિમોચન કરવામાં આવ્યું. પાંચ પટ્ટી સમાજે એકઠા થઈને હૃદયપૂર્વક આ તમામ પ્રકારની વ્યવસ્થાઓનો સ્વીકાર કર્યો છે. આગામી સમયમાં આ પાંચ પટ્ટી એક નવા પરિવર્તન યુગ તરફ પ્રયાણ કરી રહી છે, જેનો ઈતિહાસ સાક્ષી બનશે. થાના ભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજારામ આશ્રમ, ચાગડા ખાતે યોજાયેલી આ બેઠકમાં સમાજના પાંચેય પંથકો - સાંચોરી, ડીયાવાળી, થરાદરી, વાવેચી અને હીંદવાણીના વડીલો, પંચો, આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા. આ બંધારણનો મુખ્ય હેતુ સમાજને વ્યસનમુક્ત બનાવવાનો, કુરિવાજો દૂર કરવાનો, દીકરા-દીકરીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનો અને લગ્ન કે અન્ય પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચાઓ પર રોક લગાવવાનો છે.

# કેવડીયા કોલોની ખાતે આદિવાસી પરંપરા મુજબ આયોજિત સમુહલગ્નોત્સવમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવા ના ઠુમકા



•રાજપીપલા, તા 14

આજ રોજ સમસ્ત તડવી પરિવાર, નર્મદા જિલ્લા દ્વારા કેવડીયા કોલોની ખાતે આદિવાસી પરંપરા મુજબ ચોથા સમુહલગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિવાસી સમાજના લોકપ્રિય નેતા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.અને વરરાજાને ખભે ઊંચકી ચૈતર વસાવા નાચ્યાંહતાં

ધારાસભ્ય ચૈતર વસાવાએ તમામ નવદંપતિઓને સુખી અને સમૃદ્ધ દાંપત્ય જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાએ આ ખુશીના અવસર પર જણાવ્યું હતું કે સમાજમાં એકતા, સમાનતા અને ખોટા ખર્ચમાં બચત જેવા ઉમદા હેતુઓને ધ્યાનમાં રાખીને સમુહલગ્નોત્સવનું આયોજન કરવું એ પ્રશંસનીય પહેલ છે. આવા સામુહિક કાર્યક્રમો સમાજને સંગઠિત બનાવે છે. માટે આયોજન બદલ તમામ આયોજકઓને હૃદયપૂર્વક અભિનંદન.

તસવીર : દીપક જગતાપ, રાજપીપલા

# ધોળકામાં 4.23 લાખની ચોરી : ગ્રામ્ય અને શહેરમાં પાંચ મકાનોને નિશાન બનાવાયા



• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ગ્રામ્ય અને શહેર વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. કેલીયા વાસણા, પીસાવાડા ગામ અને ધોળકા શહેરની શક્તિ સોસાયટીમાં કુલ પાંચ મકાનોને નિશાન બનાવી. 4.23 લાખથી વધુની મત્તાની ચોરી કરી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પીસાવાડા ગામે તસ્કરોએ બે મકાનોને નિશાન બનાવ્યા હતા.એક મકાનમાંથી રૂ.52,250 રોકડા અને બીજા મકાનમાંથી રૂ. 22,000 રોકડા, મંગળસૂત્ર, સોનાની કાનની બુટ્ટી, સોનાની વીંટી અને ચાંદીની પાયલ સહિત કુલ રૂ. 74,250ની મત્તાની ચોરી થઈ હતી.તેવી જ રીતે, કેલીયા વાસણા ગામે પણ બે મકાનોમાં ચોરી થઈ હતી. અહીંથી સોનાની ચેન, પેન્ડન્ટ, સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હતી.

**વર્ષ 2018 દરમિયાન રૂપાલ ગામમાં 90 પ્લોટની ફાળવણી દરમિયાન મોટાપાયે ગેરરીતિઓ થઈ હોવાની આશંકા વ્યક્ત થઈ હતી**

# બનાસકાંઠા જિલ્લામાં ગૌચર જમીન મામલે મોટી કાર્યવાહી વડગામ તાલુકાના રૂપાલ ગામે 90 પ્લોટ રદ

• બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં વડગામ તાલુકાના રૂપાલ ગામે વર્ષ 2018માં ફાળવાયેલા 90 પ્લોટ મામલે મહત્વપૂર્ણ વહીવટી કાર્યવાહી થઈ છે. જિલ્લા વિકાસ અધિકારી (DDO) દ્વારા વડગામ તાલુકા વિકાસ અધિકારી (TDO) ના હુકમને રદ કરતા 90 પ્લોટની ફાળવણી રદ કરવામાં આવી છે.

માહિતી અનુસાર, વર્ષ 2018 દરમિયાન રૂપાલ ગામમાં 90 પ્લોટની ફાળવણી દરમિયાન મોટાપાયે ગેરરીતિઓ થઈ હોવાની આશંકા વ્યક્ત થઈ હતી. ખાસ કરીને ગૌચરની જમીનમાં પ્લોટ ફાળવણી કરવામાં આવી હોવાની ફરિયાદો સામે આવી હતી. ગૌચર




જમીન સરકારી અને સામૂહિક હિત માટે અનામત હોવા છતાં તેમાં ફાળવણી કરાતા નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું કહેવામાં આવે છે.

નિયમોનો ભંગ અને વહીવટી કાર્યવાહીતત્કાલીન TDO દ્વારા ગૌચર જમીનમાં ફાળવાયેલા પ્લોટને મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ તપાસ દરમિયાન નિયમોનું પાલન ન થતું હોવાનું સામે આવતા DDOએ આ સમગ્ર હુકમને રદ કર્યો છે.

સૂત્રો મુજબ, પ્લોટ ફાળવણીની પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ અને કાયદાકીય પ્રક્રિયાની ઉલ્લંઘન થયાનું પણ નોંધાયું હતું.

રૂપાલ ગામના એક અરજદારે છેલ્લા છ વર્ષથી આ મામલે સતત રજુઆતો કરી અને ન્યાય માટે લડત લડી હતી. અંતે જિલ્લા સ્તરે આ મુદ્દે ગંભીરતાથી ધ્યાન આપતા નિર્ણય લેવાયો છે.હાલ 90 પ્લોટ રદ થતા આગામી સમયમાં જમીનનો કબજો અને કાયદેસર સ્થિતિ અંગે વધુ કાર્યવાહી થવાની સંભાવના છે. આ નિર્ણય બાદ ગામમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે અને વહીવટી તંત્રની કામગીરી પર પણ નજર રાખવામાં આવી રહી છે.આ કાર્યવાહી ગૌચર જમીન સંરક્ષણ અને નિયમોની કડક અમલવારી માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# વસ્ત્રાપુરમાં ચેઈન સ્નેચિંગનો નિષ્ફળ પ્રયાસ : શખ્સને લોકોએ પકડીને પોલીસને સોંપ્યો

### બાઇક લઈને આવેલા બે શખ્સોમાંથી એક ચેઈન ખેંચવા જતા પડ્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરના વસ્ત્રાપુરમાં એક દંપતી ચાલતું જઈ રહ્યું હતું, ત્યારે બાઈક પર બે શખ્સ આવીને મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચવા જતા હતાં. જેમાંથી પાછળ બેઠેલો શખ્સ બાઈક પરથી નીચે પડી ગયો હતો. જેને લોકોએ પકડીને પોલીસને સોંપ્યો હતો. જ્યારે બાઈક ચાલકને વસ્ત્રાપુર પોલીસે ઝડપી લીધો છે. બે શખ્સે સોનાનો દોરો લૂંટ કરવાની કોશિશ કરી

વસ્ત્રાપુરમાં રહેતા દિનેશભાઈ ગેહલોત તેમના પત્ની સરોજબેન સાથે 13 ફેબ્રુઆરીને રાત્રે 9 વાગ્યાની આસપાસ જમીને ચાલવા નીકળ્યા હતાં.જજીસ બંગલો રોડથી માનસી સર્કલ બાજુ પતિ-પત્ની ચાલતા જતા હતાં. આ દરમિયાન પકવાન તરફથી એક બાઈક પર અચાનક બે શખ્સ આવ્યા હતા, જેમણે સરોજબેનના ગળામાં રહેલો સોનાનો દોરો લૂંટ કરવાની કોશિશ કરી હતી.

જો કે દોરો તૂટ્યો ન હતો અને સરોજબેન નીચે પડી ગયા હતાં. દોરો તોડવાનો પ્રયાસ કરનાર બાઈકની પાછળ બેઠેલો વ્યક્તિ પણ નીચે પડી ગયો હતો. જ્યારે બાઈકચાલક નાસી ગયો હતો.

દંપતિએ બૂમાબૂમ કરતા આસપાસના માણસો ભેગા થયા હતા અને દોરી તોડવાનો કરવાનો પ્રયાસ કરનાર વિજય બોડાણાને ઝડપી લીધો હતો. સ્થાનિકોએ વિજય બોડાણાને ઝડપીને પોલીસને સોંપ્યો હતો.

વસ્ત્રાપુર પોલીસે સ્થળ પર પહોંચીને વિજય બોડાણાની પૂછપરછ કરીને તેના સાથી બાઈકચાલક હાર્દિક ચૌહાણની પણ ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે બંને બેરોજગાર છે અને પૈસા માટે આ રીતે ચોરી કરતા હતા. આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ ગુના નોંધાઈ ચૂક્યા છે. વસ્ત્રાપુર પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત પોલીસમાં વાયરલેસ-મોટર ટ્રાન્સપોર્ટ ભરતી : 1328 અરજીઓ રદ્દ, 878 ઉમેદવારોએ એકથી વધુ ફોર્મ ભર્યાં!

• ગાંધીનગર

રાજ્ય પોલીસ ભરતી પ્રક્રિયામાં ફરી એક વખત સખતાઈ જોવા મળી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગની વિવિધ પોસ્ટ માટે આવેલી કુલ 1328 અરજીઓ રદ કરવામાં આવી છે. તેમાં ફી ન ભરવાના અને એકથી વધુ અરજી કરવાના કેસો મુખ્ય કારણ તરીકે સામે આવ્યા છે.ભરતી બોર્ડના જણાવ્યા મુજબ 450 અરજીઓ ફી ન ભરવાના કારણે રદ કરવામાં આવી છે, જ્યારે 878 અરજીઓ એકથી વધુ ફોર્મ ભરવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને નિયમોનુસાર કામગીરી જળવાઈ રહે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર - 305ખાસ કરીને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેક્નિકલ ઓપરેટર માટે સૌથી વધુ અરજીઓ રદ થઈ છે, જે દર્શાવે છે કે ઉમેદવારોમાં આ પોસ્ટ માટે ભારે સ્પર્ધા છે.

શિવરાત્રી

### મહાશિવરાત્રી ઉજવવા નર્મદાના શિવ ભક્તોમાં ભારે ઉત્સાહ

# શિવરાત્રી પર્વ ઉજવવા તડામાર તૈયારીઓ શરૂ,દેવમોગરા, જીતનગર તેમજ મણીનાગેશ્વર મંદિરે ભરનારો ભવ્ય મેળો ભરાશે

### નર્મદા કંકર એટલે શંકર અસંખ્ય શિવ મંદિરો આજે ૐ નમઃ શિવાય ના નાદથી ગુંજી ઉઠશે

• રાજપીપળા, તા.14

આવતીકાલે 15મી મીએ મહાશિવરાત્રીનું પર્વ ભારે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક યોજાશે. જેમાં નર્મદામાં ત્રણ મોટા મંદિરો દેવમોગરા, જીતનગર તેમજ મણીનાગેશ્વર મંદિરે ભવ્ય મેળો ભરાશે. આવતીકાલે તમામ શિવાલયો ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠશે. આજે શિવરાત્રી ની પૂર્વ સંધ્યાએ રાજપીપળામાં શક્કરિયા, બટાટાનો નવો માલ ખડકાયો હતો. સવારથી જ શિવભક્તોએ શકકરીયા બટાકાની ખરીદી કરી હતી. જોકે રાતોરાત શકકરીયા બટાટાના ભાવમાં બમણો વધારો થયો હતો છતાં લોકો ખરીદી કરતા જણાતા હતા, બજારમાં તૈયાર ભાંગનો પણ વેચાણ થયું તો ભાંગ રસિયાઓએ લસોટવા અને ભાંગને પ્રસાદ બનાવવાની તૈયારીઓ શરૂ કરી હતી. શિવરાત્રીના દિવસે ભક્તો પ્રસાદી રૂપે ભાંગનું સેવન કરશે.મોટાભાગના મંદિરોમાં ભાંગની પ્રસાદી રૂપે વિતરણ થશે. આવતીકાલે નર્મદા માં ભારે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવાશે શિવરાત્રી પર્વ ઉજવવા નર્મદાના શિવભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, નર્મદામાં કંકર એટલા શંકર છે.અહીં નર્મદા



કિનારે અસંખ્ય શિવ મંદિરો આવેલા હોવાથી શિવ મંદિરો શિવરાત્રીએ ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠશે મંદિરોને રંગરોગાન અને શણગાર કરાયો હતો.શિવરાત્રીએ નર્મદામાં જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આદિવાસીઓની કુળદેવી પાંડોરીમાતા ઉર્ફે યાહમોગીના મંદિરે ભવ્ય મેળો ભરાશે. એકમાત્ર નેપાળી શૈલીના આ પ્રાચીન મંદિરે આદિવાસી સંસ્કૃતિના અનોખા દર્શન કરવતા આ મંદિરે આદિવાસી સંસ્કૃતિના અનોખા દર્શન કરાવતા આ મંદિરે 15મી ફેબ્રુઆરીથી મહાશિવરાત્રી પાંચ દિવસ સુધી ભવ્ય મેળો ભરાશે. આ મેળામાં ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ત્રણ રાજ્યોના લાખો શ્રદ્ધાળુઓ ઉમટશે. આ મેળામાં આદિવાસી લોકસંસ્કૃતિના અનોખા દર્શન થતાં હોવાથી આ મેળો નર્મદા જિલ્લાનો આદિવાસીઓનો સૌથી મોટો ગણાય છે. આ તો સામાન્ય રીતે મહાશિવરાત્રિ સમગ્ર દેશમાં શિવની પૂજા થાય છે જ્યારે એક માત્ર દેવમોગરા મહાશિવરાત્રિએ આદિવાસીઓની શક્તિની પૂજા કરે છે, જો કે શિવ કે શિવરાત્રી સાથે કોઈ સંબંધ નથી છતાં આ મેળો શિવરાત્રી એ નિયમિત રીતે પરંપરાગત રીતે ભરાય છે. આ ધાર્મિક સ્થળ માટે એમ કહેવાય છે કે પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન આ સ્થળે આવીને વસ્યા હતા નેપાળના પશુપતિનાથ શૈલીનું એક માત્ર મંદિર દેવમોગરા ખાતે આવેલ છે.નાંદોદ તાલુકામાં જીતનગર નન્દીકેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રી નો ભવ્ય મેળો ભરાશે. અહીં મોટો મેળો પણ ભરાય છે. શિવરાત્રીના દિવસે સવારે મંદિરે ભષ્મ પૂજા થશે,આરતીનો કાર્યક્રમ યોજાશે, વિષ્ણુયાગ નો પ્રારંભ થશે, સાંજે યજ્ઞની પૂર્ણાહુતિ થશે. અને ભગવાનની વાજતે ગાતે પાલખીમાં સવારી અને વરઘોડો નીકળશે. સાંજે ડાયરો અને ભજન સંધ્યા યોજાશે. તથા મહાઆરતીનો કાર્યક્રમ પણ યોજાયો છે. રાત્રે 9 કલાકે થી પ્રહાર પૂજા થશે. 12 કલાકે મહાપંચવક્ર પૂજા તથા રોશનીના કાર્યક્રમો પણ યોજાયા છે. તો રાજપીપળા નજીક નદી કરજણ કિનારે ઓવારા પ્રાચીન મંદિર મણીનાગેશ્વર મહાદેવના મંદિરે ભવ્ય મેળો ભરાશે.

### રાજ્યપાલે સમય ન આપતા AAP ગેટ સુધી પહોંચ્યું

# અમેરિકા ટ્રેડ ડીલથી ખેડૂત-પશુપાલકો બરબાદ થઈ જશે, ઈસુદાન ગઢવીનો આરોપ

આરોપ

### રાજ્યપાલ પોતે ન મળી શકે તો એમના પ્રતિનિધિને આવેદનપત્ર સ્વીકારવા મોકલે

• ગાંધીનગર

આમ આદમી પાર્ટી(AAP)ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીના નેતૃત્વમાં પાર્ટીનું પ્રતિનિધિમંડળ આજે રાજ્યપાલને મળવા રવાના થયું હતું, પરંતુ રાજ્યપાલ તરફથી સમય ફાળવવામાં આવ્યો ન હોવાનું AAPએ જણાવ્યું છે. આ મુદ્દે AAPએ ભાજપ સરકાર અને રાજ્યપાલની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા છે.

પ્રેસ કોન્ફરન્સમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, AAP રાષ્ટ્રીય પાર્ટી છે અને ગુજરાતમાં પાંચ ધારાસભ્યો સાથે સક્રિય રીતે લોકોના પ્રશ્નો ઉઠાવી રહી છે છતાં રાજ્યપાલ તરફથી મુલાકાત માટે સમય આપવામાં આવતો નથી. અગાઉ રાજકોટ ગેમ ઝોન સહિત વિવિધ જાહેર મુદ્દાઓ પર પત્ર આપવામાં આવ્યા હોવા છતાં મુલાકાત ન મળતાં આજે પાર્ટી દ્વારા સત્તાવાર આવેદનપત્ર રાજ્યપાલના કાર્યાલયે સુપરત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. "રાજ્યપાલ પોતે ન મળી શકે તો એમના પ્રતિનિધિને આવેદનપત્ર સ્વીકારવા મોકલે," એવી માંગ પણ તેમણે કરી.

ઈસુદાન ગઢવીએ અમેરિકા-ભારત વચ્ચે થનારી સંભવિત ટ્રેડ ડીલ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરી. તેમણે દાવો કર્યો કે જો અમેરિકન કૃષિ અને ડેરી ઉત્પાદનોને શૂન્ય ડ્યુટી સાથે ભારતમાં પ્રવેશ આપવામાં આવશે તો સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોને ભારે નુકસાન થશે. "અમેરિકામાં ખેડૂતોને અંદાજે 54 લાખ રૂપિયા સુધીની સબસિડી મળે છે, જેના કારણે તેમનો ઉત્પાદન ખર્ચ ઓછો રહે છે. આવી સબસિડીયુક્ત પ્રોડક્ટ્સ ભારતીય બજારમાં આવશે




તો ગુજરાતના ખેડૂતો કેવી રીતે ટકી શકશે?" એમ તેમણે પ્રશ્ન કર્યો.

પશુપાલન ક્ષેત્ર અંગે તેમણે જણાવ્યું કે, હાલ દુધના ભાવમાં અસ્થિરતા છે અને નકલી દુધના કેસો પણ સામે આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વિદેશી ડેરી પ્રોડક્ટ્સને છૂટછાટ આપવામાં આવશે તો સ્થાનિક પશુપાલકો વધુ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. "જો ગુજરાતમાં AAPની સરકાર હોત તો હાલના ભાવ કરતાં 15 પ્રતિ લીટર વધારે ભાવ પશુપાલકોને મળતા," એવો દાવો પણ તેમણે કર્યો. ઈસુદાન ગઢવીએ કેન્દ્ર સરકાર અને ખાસ કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર ખેડૂત વિરોધી નિર્ણય લેવાનો આક્ષેપ કર્યો. "ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગકારો બરબાદ થઈ જાય એવા સોદા કરવા માટે પ્રધાનમંત્રી બનાવ્યા નથી," એમ કહી તેમણે સરકારને સ્પષ્ટતા કરવા માંગ કરી કે અમેરિકાના કૃષિ ઉત્પાદનોને ભારતમાં કેમ મંજૂરી આપવામાં આવી રહી છે.તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, ભાજપ સરકાર જેટલો સમય સત્તામાં રહેશે, તેટલો ખેડૂતો અને નાના ઉદ્યોગો પતન તરફ ધકેલાશે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ખેડૂતો, પશુપાલકો અને નાના ઉદ્યોગકારોને મુદ્દા આધારિત રાજનીતિને મત આપવા અપીલ પણ તેમણે કરી. AAPના પ્રતિનિધિમંડળમાં ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠીયા, પ્રવીણ રામ, બ્રિજરાજ સોલંકી, સામત ગઢવી, ડો. જ્વેલ વસરા, ગૌરી દેસાઈ અને ડો. કરન બારોટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# વટવા GIDCમાં કંપારી છૂટી જાય તેવો અકસ્માત, બેફામ કાર ઝાડમાં ઘૂસી જતાં યુવકનું મોત

### સાસરીમાં પત્નીને લેવા જતી વખતે જ કાળ આંબી ગયો

• અમદાવાદ

અમદાવાદમાં વધતા અકસ્માત વચ્ચે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. વટવા GIDC રોડ પર સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા પૂરઝડપે કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારચાલક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. સમગ્ર ઘટનાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.



મળતી માહિતી અનુસાર, ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં રહેતો 24 વર્ષીય આકાશ ગોસ્વામી ચાંગોદરની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. આકાશની પત્ની હાલ બારેજડી ખાતે પોતાના પિયરમાં હતી. 12મી ફેબ્રુઆરીના રોજ આકાશ પોતાની કાર લઈને પત્નીને તેડવા માટે સાસરીમાં જઈ રહ્યો હતો. આ દરમિયાન વટવા GIDC રોડ પરથી પસાર થતી વખતે કારની ગતિ ખૂબ જ વધારે હોવાથી આકાશે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર રોડની સાઈડમાં આવેલા ઝાડ સાથે સીધી અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ગણતરીની સેકન્ડોમાં જ આકાશનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું હતું.

આ અકસ્માતે એક હસતા-રમતા પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. આકાશના લગ્ન હજુ ત્રણ વર્ષ પહેલા જ થયા હતા. 24 વર્ષના જુવાનજોધ દીકરાના મોતના સમાચાર મળતા જ પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. ગઈકાલે આકાશના ધાર્મિક રીતિ-રિવાજ મુજબ વેડા ગામ ખાતે તેની સમાધિ આપવામાં આવી હતી.

# 37 મામલતદારની બદલી : 165 નાયબ મામલતદારને મામલતદારનું પ્રમોશન

• ગાંધીનગર

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરફારો કરતાં રાજ્યભરમાં 37 મામલતદારોની બદલીના આદેશ જાહેર કર્યા છે. સાથે જ 165 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. આ અંગે સચિવાલય, ગાંધીનગરથી સત્તાવાર આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

માહિતી અનુસાર, બદલાતા વહીવટી જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં કામગીરી વધુ અસરકારક બને તે હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા છે. વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા મામલતદારોને અન્ય તાલુકા તથા જિલ્લામાં બદલી આપવામાં આવી છે. ખાસ કરીને વહીવટી કામગીરી, આપત્તિ વ્યવસ્થાપન, ચૂંટણી શાખા અને અર્બન ડેવલપમેન્ટ સંબંધિત કચેરીઓમાં પણ નિયુક્તિઓ કરવામાં આવી છે.

આ સાથે જ 165 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. બઢતી મેળવનાર અધિકારીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ખાલી પડેલ જગ્યાઓ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. બઢતી બાદ સંબંધિત અધિકારીઓને નવી જગ્યાએ તાત્કાલિક હાજર થવા સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, મામલતદાર અને નાયબ મામલતદાર સ્તરે થયેલા આ મોટા ફેરફારોને કારણે રાજ્યના વહીવટી તંત્રમાં નવી ગતિ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરના વહીવટી ફેરફારોનો હેતુ કામકાજમાં ઝડપ અને પારદર્શિતા લાવવાનો છે. જિલ્લા સ્તરે મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, ચૂંટણી તથા અન્ય શાખાઓમાં કાર્યક્ષમતા વધારવા આ પગલું લેવાયું છે. ઉલ્લેખનીય છે કે, મામલતદાર અને નાયબ મામલતદાર સ્તરે થયેલા આ મોટા ફેરફારોને કારણે રાજ્યના વહીવટી તંત્રમાં નવી ગતિ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# શ્રી વાંઝા જ્ઞાતિ સમાજ વેરાવળ ની વાડી ની જગ્યા પાસે ગેરકાયદેસર બાંધકામ હટાવવા કરાઈ રજૂઆત

• દિપક જોષી.

વેરાવળ તા.૧૩/૦૨/૨૦૨૬ નાં રોજ ગીર સોમનાથ જિલ્લા કલેકટરશ્રી એન.વી.ઉપાધ્યાય તથા અધિક કલેકટરશ્રી આલ સાહેબ ઈણાજ તથા વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકા વેરાવળ નાં ચીફ ઓફિસર તથા વેરાવળ સીટી મામલતદારશ્રી ને શ્રી વાંઝા જ્ઞાતિ સમાજ વેરાવળ ની વાડી ની જગ્યા હુડકો સોસાયટી માં આવેલ હોય તો અમુક લોકો દ્વારા રસ્તો તેમજ સાર્વજનિક જગ્યા પર કરેલ ગેર કાયદેસર દબાણ દૂર કરાવી આપવા અંગે શ્રી વાંઝા જ્ઞાતિ સમાજ વેરાવળ નાં પ્રમુખશ્રી નિતીનભાઈ નરેન્દ્રભાઈ ચાવડા તથા ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ મનસુખલાલ રાઠોડ તથા વેરાવળ વાંઝા દરજી સમાજ નાં પૂર્વ પ્રમુખશ્રી મોહનભાઈ ધિરૂભાઈ ઘેરવડા તથા પૂર્વ પ્રમુખશ્રી રમેશભાઈ સિદીભાઈ વઢવાણ તથા ચાંદની ફર્નિચર વાળા દિપકભાઈ વઢવાણા તથા વેરાવળ દરજી સમાજ નાં એડવોકેટ નિકુંજભાઈ પ્રવિણભાઈ સિકોતરા તથા સૌરાષ્ટ્ર ઝોન વાંઝા દરજી સમાજ નાં ટ્રસ્ટી કેતનભાઈ નરેન્દ્રભાઈ ચાવડા તથા નરોત્તમભાઈ ચાવડા દ્વારા શ્રી વાંઝા દરજી સમાજનું ટ્રસ્ટ પણ હાલ ચલાવીએ છીએ.



### આ બેઠકમાં શહેરના આશરે 50 જેટલા ભંગારના વેપારીઓ હાજર રહ્યા હતા

# દહેગામમાં કેબલ ચોરી રોકવા પોલીસ સક્રિય:50 ભંગારના વેપારીઓ સાથે યોજી મહત્વપૂર્ણ બેઠક

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વધી રહેલી કેબલ ચોરીની ઘટનાઓને અંકુશમાં લેવા દહેગામ પોલીસે સક્રિયતા દાખવી છે. આ ગુનાહિત પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે દહેગામ પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. એમ. એન. દેસાઈના વડપણ હેઠળ ભંગારનો વ્યવસાય કરતા વેપારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં શહેરના આશરે 50 જેટલા ભંગારના વેપારીઓ હાજર રહ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટરે વેપારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ચોરીનો માલ ખરીદવો એ પણ કાયદાકીય રીતે ગુનો બને છે. ગુનાખોરીને અટકાવવા માટે પોલીસ અને વેપારીઓ વચ્ચેનો સમન્વય અત્યંત જરૂરી છે.

પોલીસે વેપારીઓને સૂચના આપી હતી કે, જો કોઈ વ્યક્તિ કેબલ કે અન્ય શંકાસ્પદ વસ્તુ વેચવા આવે, તો તેનું આધારકાર્ડ મેળવી તમામ વિગતો રજીસ્ટરમાં નોંધવી ફરજિયાત છે. કોઈપણ ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર ભંગારમાં લેતા પહેલા તેની ઓરિજિનલ RC બુકની નકલ લેવી અને વિગતોની ખરાઈ કરવી. આ ઉપરાંત, દરેક ભંગારના ડેલા કે દુકાન પર CCTV કેમેરા લગાવવા પણ અનિવાર્ય છે, જેથી શંકાસ્પદ હિલચાલ પર નજર રાખી શકાય. પોલીસે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ કે માલ સામાન જણાય તો વિલંબ કર્યા વગર પોલીસને જાણ કરવી. જો રજીસ્ટર કે દસ્તાવેજોમાં ક્ષતિ જણાશે અથવા ચોરીનો મુદ્દામાલ લેતા ઝડપાશે, તો પોલીસ વેપારીઓ સામે સખત કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.\પોલીસની આ નવતર પહેલને દહેગામના ભંગારના વેપારીઓએ આવકારી હતી. ઉપસ્થિત તમામ વેપારીઓએ પોલીસને ખાતરી આપી હતી કે તેઓ નિયમોનું પાલન કરી ગુનાખોરી ડામવા માટે પોલીસ તંત્રને પૂરેપૂરો સહયોગ આપશે.

# જૂનાગઢ મીની કુંભ મેળામાં જાણીતા પાર્શ્વ ગાયક પાર્થ ઓઝાએ શિવ ભક્તિમય પ્રસ્તુતિઓએ આપીને શ્રોતાઓને ડોલાવ્યાં



• જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં ઉજવાઈ રહેલા મહા શિવરાત્રી મેળાના ત્રીજા દિવસે ભક્તિ સંગીતનો મહિમા છવાયો હતો. ભક્તિ સંગીત માટે જાણીતા પાશ્વગાયક Parth Ozaએ ભગવાન શિવજીની ભક્તિમય પ્રસ્તુતિ આપી શ્રોતાઓને ડોલાવી દીધા હતા. તેમના સુમધુર કંઠે ગવાયેલા શિવભજનોને ઉપસ્થિત ભાવિકોએ ઉત્સાહપૂર્વક વધાવ્યા હતા.આ ઉપરાંત લોકગાયક રાજ ગઢવીએ શિવ ભક્તિ સાથે ગુજરાતના આગવા લોકગીતો રજૂ કરીને સમગ્ર મેદાનમાં જમાવટ કરી હતી. ભક્તિ અને લોકસંગીતના સંગમથી હજારો શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા. યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ- ગાંધીનગર તેમજ જિલ્લા વહીવટી તંત્ર- જૂનાગઢ દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમને મહાશિવરાત્રીના મેળામાં મોટી સંખ્યામાં પધારેલા ભાવિકોએ આનંદપૂર્વક માણ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા ન્યાયાધીશ પી. જી. દવે, આયુક્ત શ્રી તેજસ પરમાર, પ્રાંત અધિકારી અને મેળાધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ પણ સહભાગી બની કાર્યક્રમની શોભા વધારી હતી.

# નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે ભાવનગરમાં 'ચેરિટી ભવન'નું ખાતમુહૂર્ત

• ભાવનગર

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે કાયદા વિભાગ હસ્તકની સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, ભાવનગર તેમજ જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, ભાવનગર માટે નવનિર્મિત થનાર 'ચેરિટી ભવન'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ રાજ્યકક્ષાના કાયદા મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.નવનિર્મિત 'ચેરિટી ભવન'થી ચેરિટી કમિશનર કચેરી અને જાહેર ટ્રસ્ટોની નોંધણી સંબંધિત કામગીરી વધુ સુવિધાસભર અને સુવ્યવસ્થિત બનશે. આ તકે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા, મેયર શ્રી ભરતભાઈ બારડ, સ્ટેન્ડિંગ ચેરમેન શ્રી રાજુભાઈ રાબડીયા, ડેપ્યુટી મેયર શ્રીમતી મોનાબેન પારેખ, ધારાસભ્ય સર્વેશ્રી સેજલબેન પંડયા, શ્રી શિવાભાઈ ગોહિલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી એન. કે. મીના, કલેકટર શ્રી ડૉ. મનીષકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરી, આગેવાન શ્રી કુમારભાઈ શાહ, દિગ્વિજયસિંહ ગોહિલ સહિતના અધિકારી અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વિરોધ** આઝાદીના વર્ષો બાદ પણ વડગામના કરમાવતમાં અંધકાર છવાયેલો છે

# વડગામ તાલુકાના જલોત્રા ગ્રામ ગ્રુપ પંચાયતને જોડતું કરમાવત ગામ, જ્યાં આઝાદી બાદ પણ વિકાસના માળખા પહોંચી શક્યા નથી

## ગામના લોકો આજે પણ લાઈટ, પાણી, રોડ, શાળા અને મોબાઈલ નેટવર્ક જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત છે

• વડગામ

વડગામ તાલુકાના જલોત્રા ગ્રામ ગ્રુપ પંચાયતને જોડતું કરમાવત ગામ, જ્યાં આઝાદી બાદ પણ વિકાસના માળખા પહોંચી શક્યા નથી. ગામના લોકો આજે પણ લાઈટ, પાણી, રોડ, શાળા અને મોબાઈલ નેટવર્ક જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત છે. વિકાસના દાવાઓ વચ્ચે કરમાવત ગામની રિયાલિટીનો ગ્રાઉન્ડ રિપોર્ટ.કરમાવત ગામમાં પ્રવેશતા જ કાચા રસ્તાઓ અને મુશ્કેલીભરી પરિસ્થિતિ નજરે પડે છે. ચોમાસામાં કાદવ અને ઉનાળામાં ધૂળથી ગ્રામજનોની અવરજવર મુશ્કેલ બની જાય છે. વર્ષોથી રોડ બનાવવા રજૂઆતો છતાં આજદિન સુધી કોઈ કામગીરી થઈ નથી. ગામમાં વીજળી ન હોવાને કારણે રાત્રિના સમયે આખું ગામ અંધકારમાં ડૂબી જાય છે. પીવાના પાણી માટે ગ્રામજનોને દૂર સુધી જવું પડે છે. બોર કે નળ જેવી કોઈ સુવિધા ન હોવાને કારણે મહિલાઓ અને બાળકોને ભારે હાલાકી વેઠવી પડે છે.



શિક્ષણની વાત કરીએ તો ગામમાં ન તો પ્રાથમિક શાળા છે અને ન આંગણવાડી કેન્દ્ર. બાળકોને ભણવા માટે કિલોમીટરો દૂર જવું પડે છે, જેના કારણે ઘણા બાળકો અભ્યાસથી વંચિત રહી જાય છે. આંગણવાડી ન હોવાને કારણે ગર્ભવતી મહિલાઓ અને બાળકોને પોષણ યોજનાઓનો લાભ મળતો નથી.. ડિજિટલ યુગમાં પણ કરમાવત ગામ મોબાઈલ નેટવર્કથી સંપૂર્ણ વંચિત છે. ફોન કરવા માટે લોકોને ગામની બહાર અથવા ઊંચા ટેકરા પર જવું પડે છે. ઈમરજન્સી સમયે સંપર્ક કરવો અશક્ય બની જાય છે.

અનેક વાર તાલુકા અને જિલ્લા કચેરીએ રજૂઆત છતાં ફક્ત આશ્વાસન જ મળ્યું છે. ચૂંટણી સમયે વચનો મળે છે પરંતુ અમલ થતો નથી.સવાલ એ છે કે જલોત્રા ગ્રામ ગ્રુપ પંચાયતમાં સમાવેશ હોવા છતાં અને અનેક રજૂઆતો તથા આંદોલનો છતાં કેમ કરમાવત પર તંત્રની નજર પડી નથી? હાલ સ્થાનિકો મુશ્કેલ અને લાચાર પરિસ્થિતિમાં જીવન જીવવા મજબૂર છે.

વડગામ તાલુકા વિકાસ અધિકારીના જણાવ્યા મુજબ કરમાવત વિસ્તાર જલોત્રા ગ્રામ ગ્રુપ પંચાયત હેઠળ આવે છે, પરંતુ તે ફોરેસ્ટ વિસ્તારમાં આવેલો છે. ફોરેસ્ટ જમીન હોવાને કારણે પંચાયત અથવા તાલુકા તંત્ર સીધી રીતે સ્થાયી વિકાસ કામગીરી કરી શકતું નથી.કરમાવત વિસ્તારમાં રહેનાર લોકોને ગામ તળમાં સ્થળાંતર કરવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ તેઓ સ્થળાંતર કરવા તૈયાર નથી. ફોરેસ્ટ વિભાગ દ્વારા હેડ પંપની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, તેમજ વીજળી માટે પ્રક્રિયા ચાલુ હોવાનું જણાવાયું છે.

જલોત્રા ગ્રામ પંચાયતને છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે ૧ કરોડ ૧૭ લાખ રૂપિયાની ગ્રાન્ટ મળ્યાનું પણ જણાવાયું છે, જે રકમનો ઉપયોગ વિવિધ વિકાસ કાર્યોમાં કરવામાં આવ્યો છે...

એક તરફ સરકાર ગામડાઓને સ્માર્ટ ગામ અને અમૃતકાળની વાત કરે છે, ત્યારે કરમાવત જેવા ગામોમાં આજે પણ મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. હવે જોવાનું એ રહેશે કે તંત્રના વચનો ક્યારે હકીકતમાં ફેરવાય છે અને કરમાવતના લોકોને વિકાસનો હક ક્યારે મળશે.. કરમાવતમાં વિકાસની વાતો માત્ર વાત સુધી રહી ગઈ હોય તેવું લાગી રહ્યું છે.. અહીંના લોકો આજે પણ વીજળી, પાણી, રોડ અને મોબાઈલ નેટવર્ક જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ નથી

પ્રતિનિધિ દિપક પુરબીયા

## રાહત પેકેજ જાહેર કર્યું તેને ચાર મહિના થઈ ગયા પરંતુ ખેડુતોને સહાય મળી નથી : શ્રી પાલ આંબલિયા

# ટ્રેડ ડીલને કારણે ગુજરાતનો ડેરી ઉદ્યોગ, ટેક્સ ટાઈલ ઉદ્યોગ અને સહકારી માળખું પડી ભાગશે: શ્રી અમિત ચાવડા

**ટ્રેડ ડીલ માં અસમાનતા** અમેરીકા ભારત ઉપર દરેક મામલે જો હુકમી કરે છે તેમ છતા પ્રધાનમંત્રી કેમ ચૂપ ? : શ્રી અમિત ચાવડા

• ગુજરાત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા કહ્યું કે,વર્તમાન કેન્દ્ર સરાકર જે નિર્ણય લઈ રહી છે તે લાંબા ગાળે દેશને નુકશાન થવાનું છે. કહેવાતી ૫૬ની છાતી વાળા વડાપ્રધાન દરેક રીતે અમેરીકા સામે સરેન્ડર થઈ ગયા હોય તેવી ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ટેરિફના નિર્ણય લઈ દેશની અર્થવ્યવસ્થાને નુકસાન થઈ રહ્યું છે. એવી તો શું મજબૂરી છે કે પ્રધાનમંત્રી એક પણ શબ્દ બોલતા નથી? ટ્રેડ ડિલની હકીકતો,વિગતો,માહિતી કેન્દ્ર સરકાર કેમ જનતા સામે રજૂ કરતી નથી? ગુજરાત સાથે અન્ય રાજ્યના કપાસ ઉત્પાદન કરતા ખેડુતોને મોટા પાયે નુકસાન થવાનું છે.બાંગ્લાદેશ અમેરીકમાં કપડા એકેસપોર્ટ કરે તો શુન્ય ટેરીફ જ્યારે ભારત કપડા એકેસપોર્ટ કરે તો ૧૮ ટકા ટેરીફ લાગે. લોકસભાના વિપક્ષના નેતા, જનનાયકશ્રી રાહુલ ગાંધીએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો તો સરકારે જવાબ આપ્યો કે, ભારતે અમેરીકા પાસેથી કપાસની આયત કરશે. આ ટ્રેડ ડીલ ખેડુત,ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, કો-ઓપરેટિવ સ્ટ્રક્ચર,ડેરી અને પશુપાલકોને ખૂબ મોટું નુકસાન થવા જઈ રહ્યું છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે જનઆક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓ, લારી ગલ્લા, પાથરણાવાળા, આદિવાસીઓ, દલિતો, બક્ષીપંચ સમાજ, કામદારોના પ્રશ્નો સહિત સમગ્ર ગુજરાતના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધન કરતા કિસાન સેલના પ્રમુખશ્રી પાલ આંબલિયાએ જણાવ્યું હતું કે, સરકારના પ્રવકતા અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી જવાબદારીથી ભાગી રહ્યા છે.ઑક્ટોબરમાં કમૌસમી વરસાદ પડ્યો તેને 4 મહિના થઈ ગયા, પરંતુ દ્વારકા જિલ્લાના ૧૭૦૦થી વધુ ખેડુતોને હજી રાહત પેકેજની સહાય મળી નથી. સરકારે 7 દિવસમાં ટેકાના ભાવના પૈસા મળી જશે તેવા વાયદા કર્યા હતા, પરંતુ હજી સુધી દ્વારકા જિલ્લાના ૫૦૦૦થી વધુ ખેડુતોને પૈસા મળ્યા નથી. ટેકાના ભાવે મગફળી ખરીદી તેના પણ પૈસા રાજ્યના ખેડુતોને નથી મળ્યા.

1) ગુજરાતમાં કેટલા ખેડુતોને રાહત પેકેજ આપવામાં આવ્યું?,કેટલું રૂપિયા આપવામાં આવ્યા?

2) અરજી કરી હોય તેવા કેટલા ખેડુતોને સહાય બાકી છે?

3) ટેકાના ભાવે જે ખેડુતોએ મગફળી વેચી હોય અને ૭ દિવસથી વધારે સમય વીતી ગયો હોય એવા ગુજરાતમાં કેટલા ખેડુતો બાકી છે? હજી સુધી નથી ચૂકવાણા તેનું કારણ જણાવો

કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરમાં આવી ગુજરાતના ખેડુતોની માફી માંગતા કારણો સાથે જવાબ આપવો જોઈએ.

પત્રકાર પરિષદને સંબોધન કરતા સેવાદળના અધ્યક્ષશ્રી લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, અમેરિકાની સરકાર ખેડુતોને ચોખામાં પ્રતિ હેકટેરે ૨૩૯૦૦, કપાસમાં ૨૧૯૦૦,મગફળીમાં ૧૦૪૦૦,સોયાબીનમાં ૫૮૦૦,મકાઈમાં ૮૩૦૦ અને ઘંઉમાં ૭૪૦૦ની સબસીડી આપે છે.ભારત અને ગુજરાતના ખેડુત પરસેવાથી MSP ના ભાવના ઠેકાણા વગર ખેતી કરી રહ્યા છે. અમેરિકાના ઓર્ગેનાઇઝ,સબસિડાઈસ,કોર્પોરેટ ખેડૂતોના સામનો ગુજરાતના ખેડૂતો કેવી રીતે કરશે? સરકાર કોઈપણ ભોગે ભારતના ખેડુતોને ખતમ કરી સરકાર ફરી ઔધોગિક ખેતી લાવી માલિક માંથી મજૂર બનાવી રહી છે.

(ડૉ. હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ

# ડભોઈમાં મહાશિવરાત્રીની પૂર્વતૈયારીઓનો ધમધમાટ શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠશે

• ડભોઈ

ડભોઈમાં મહાશિવરાત્રીની પૂર્વતૈયારીઓનો ધમધમાટ શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠશે ડભોઈદેવાધિદેવ મહાદેવની આરાધનાના પવિત્ર પર્વ 'મહાશિવરાત્રી'ને હવે ગણતરીના કલાકો જ બાકી છે, ત્યારે ઐતિહાસિક ડભોઈ નગરમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રવિવારના રોજ આવતી મહાશિવરાત્રી નિમિત્તે નગરના પૌરાણિક શિવાલયોમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



શિવાલયોમાં વિશેષ પૂજન અને શોભાયાત્રા નગરના સુપ્રસિદ્ધ વાઘનાથ મહાદેવ મંદિર ખાતે વિશેષ દર્શન અને પૂજન બાદ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા નગર ના વિવિધ શિવાલયોમાં ફરશે, જ્યાં ભાવિકો દ્વારા આરતી અને સ્વાગત કરવા માં આવશે. બ્રહ્મ સમાજના કાર્યકર્તાઓ આ શોભાયાત્રાને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

મહાશિવરાત્રીના દિવસે વહેલી સવારથી જ શિવાલયોમાં ચાર પ્રહરની પૂજા: વિશેષ ભક્તિભાવ પૂર્વક ચાર પ્રહરની પૂજા અને શિવ મહિમ્ન સ્તોત્રના પાઠ કરવામાં આવશે.

જલાભિષેક: ભક્તો પંચામૃત, શેરડીનો રસ, મધ, દહીં અને ગંગાજળથી મહાદેવનો અભિષેક કરશે.અર્પણ: શિવજીને પ્રિય એવા બિલીપત્ર, ધતૂરાના ફૂલ, કાળા તલ અને આમળા અર્પણ કરી આરાધના કરવામાં આવશે. બજારમાં શક્કરિયા-બટાકાની ધૂમ ખરીદીમહાશિવરાત્રીના પર્વે શિવભક્તો વ્રત-ઉપવાસ રાખતા હોય છે, જેમાં ફરાળ તરીકે શક્કરિયા અને બટાકાનું વિશેષ મહત્વ છે. આ કારણે ડભોઈના શાક માર્કેટમાં છેલ્લા બે દિવસથી ભારે ચહલપહલ જોવા મળી રહી છેવેપારીઓને ત્યાં શક્કરિયા અને બટાકાના ઠેર-ઠેર મોટા ઢગલાઓ જોવા મળી રહ્યા છે.

નગરજનોમાં ફરાળી વાનગીઓ બનાવવા માટે આ વસ્તુઓની ખરીદીમાં ભારે ધસારો જોવા મળ્યો છેબજારમાં વેચાણ વધતા વેપારીઓમાં પણ ખુશીનો માહોલ છેસમગ્ર ડભોઈ પંથકમાં ભજન સંધ્યા અને ધાર્મિક કાર્યક્રમો સાથે શ્રદ્ધાપૂર્વક મહાશિવરાત્રીની ઉજવણી કરવામાં આવશે. 'હર હર મહાદેવ'ના જય ઘોષ સાથે આખું નગર શિવમય બનવા જઈ રહ્યું છે.

# વાગરા તાલુકામાં સફળ યોગ શિબિરનું આયોજન શ્રીમતી એમ એમ એમ પટેલ વિદ્યાલય ખાતે યોજાયો

• વાગરા

વાગરાતાલુકામાંસફળયોગશિબિરનુંઆયોજન શ્રીમતી એમ એમ એમ પટેલ વિદ્યાલય ખાતે યોજાયો યોગ શિબિર યોજાઈ હતી જેમાં256થી વધુ નાગરિકોની ઉત્સાહભેર ભાગીદારી સાથે આરોગ્ય અને માનસિક શાંતિનો સંદેશ વાગરા તાલુકામાં ઝોન નંબર-10 અંતર્ગત સાંજે 3.00 થી 4.30 વાગ્યા દરમિયાન એક વિશાળ યોગ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ શિબિરનું સંચાલન ઝોન કોર્ડિનેટર ડૉ. પારૂલ પટેલના માર્ગદર્શન હેઠળ થયું હતું. શિબિરમાં કુલ 256 યોગપ્રેમી નાગરિકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.આ કાર્યક્રમનું સંકલન જિલ્લા કોર્ડિનેટર બીનીતાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરમાં યોગ દ્વારા સ્વસ્થ જીવનશૈલી, તણાવમુક્ત જીવન અને માનસિક શાંતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં માનનીય મહેમાનોની ઉપસ્થિતિએ વધાર્યો ગૌરવ, શિબિરમાં વિવિધ ક્ષેત્રોના



માનનીય મહેમાનોની વિશેષ ઉપસ્થિતિ રહી, જેમાં બ્રહ્માકુમારી સમર્પિત દીદી ચૈતાલીબેન વાગરા તાલુકા આરોગ્ય કેન્દ્ર અધિકારી ડૉ. સિંગ વાગરા તાલુકાનાવકીલ રોહિતભાઈ પટેલ એમ.એમ. પટેલ હાઈસ્કૂલના ચેરમેન યોગેશભાઈ પટેલ હાઈસ્કૂલના પ્રિન્સિપલ જયેન્દ્રભાઈ પટેલ સીવણ ક્લાસ સખી મંડળના અધ્યક્ષ મમતાબેનદૂધધારા ડેરીના પૂર્વ પ્રમુખ હેમંતસિંહ રાજ આદિ મહેમાનો ઉપસ્થિત રહ્યા. મહેમાનોએ પોતાના પ્રવચનમાં યોગના દૈનિક જીવનમાં મહત્વ, શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક સંતુલન અને સમાજમાં સ્વસ્થતા માટે યોગની આવશ્યકતા પર પ્રકાશ પાડયો.

# ડભોઇ સમગ્ર વિશ્વમાં આજે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઇન ડે'ની ઉજવણી



ડભોઈ પશ્ચિમી સંસ્કૃતિના વેલેન્ટાઈન ડે વચ્ચે હીરા કડિયા અને તેન રાણીની અમર પ્રેમગાથા આજે પણ જીવંત ડભોઈ સમગ્ર વિશ્વમાં આજે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન ડે'ની ઉજવણી કરવામાં આવી રહી છે. પશ્ચિમી દેશોમાંથી શરૂ થયેલી આ પરંપરા હવે ભારતમાં પણ વણાઈ ગઈ છે, જ્યાં પ્રેમી પંખીડાઓ પોતાના પ્રિયજન પ્રત્યે પ્રેમની લાગણી વ્યક્ત કરે છે જોકે, ઐતિહાસિક નગરી ડભોઈમાં વેલેન્ટાઈન ડેની ઉજવણી કંઈક ખાસ અને ઈતિહાસના પાનાઓ સાથે જોડાયેલી જોવા મળે છે 500 વર્ષ જૂનો અમર પ્રેમ: હીરા કડિયો અને તેન રાણીજ્યારે આજના યુગમાં લોકો મોંઘી ભેટ સોગાદો આપી પ્રેમ વ્યક્ત કરે છે, ત્યારે ડભોઈમાં 500 વર્ષથી પણ વધુ જૂની એક અમર પ્રેમ કહાણી આજે પણ તેના સ્થાપત્યો દ્વારા જીવંત છે. ડભોઈના જગવિખ્યાત કિલ્લાના નિર્માણ સાથે જોડાયેલી શિલ્પી હીરા કડિયા અને તેન રાણીની પ્રેમકથા આજે પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

## પ્લાન્ટના સંપમાંથી રોજનું લાખો ગેલન શુદ્ધ અને પીવાલાયક પાણી વેડફાઈ રહ્યું છે ગંદી ખાડીમાં વહી રહ્યું છે 'અમૃત' જેવું પાણી

# ડભોઈ તાલુકાનો સેજપુરામાં તંત્રની ઘોર બેદરકારી આરો પ્લાન્ટના સંપમાંથી લાખો ગેલન શુદ્ધ પાણી ગટરમાં વહી રહ્યું છે

• ડભોઈ

ડભોઈ એક તરફ ઉનાળાની શરૂઆત થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણી માટે પોકાર ઉઠી રહ્યો છે ત્યારે બીજી તરફ ડભોઈ તાલુકાના સેજપુરા ગામે પાણી પુરવઠા વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. ગામમાં બનાવેલા આરો (RO) પ્લાન્ટના સંપમાંથી રોજનું લાખો ગેલન શુદ્ધ અને પીવાલાયક પાણી વેડફાઈ રહ્યું છે ગંદી ખાડીમાં વહી રહ્યું છે 'અમૃત' જેવું પાણી

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ સંપમાંથી હજારો લિટર શુદ્ધ પાણી પાઈપલાઈન વાટે સીધું ગંદી ખાડીમાં જઈ રહ્યું છે.



જે પાણી લોકોની તરસ છિપાવવા માટે વપરાવું જોઈએ, તે તંત્રની આળસને કારણે ગંદકીમાં ભળી રહ્યું છે અધિકારીઓ સામે ઉઠતા વેધક સવાલો આ પરિસ્થિતિને જોતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તંત્ર સામે અનેક સવાલો ઉઠી રહ્યા છેશું પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ ક્યારેય આ સ્થળની મુલાકાત લેતા નથી એક તરફ ઉનાળામાં લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે, ત્યારે આટલો મોટો બગાડ કેમ નજરઅંદાજ કરવામાં આવે છેકુંભકર્ણની નિદ્રામાં પોઢેલા અધિકારીઓના 'પેટનું પાણી' ક્યારે હલશે?

લોકોની માંગ તાત્કાલિક રિપેરિંગ જરૂરી

જો આ પાણીનો બગાડ તાત્કાલિક અટકાવવામાં નહીં આવે, તો ઉનાળાના આકરા દિવસોમાં સેજપુરા અને આસપાસના વિસ્તારોમાં પાણીની ભારે તંગી સર્જાઈ શકે છે. ગ્રામજનોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતની તાત્કાલિક નોંધ લે અને જવાબદાર કર્મચારીઓ સામે પગલાં ભરી પાણીનો બગાડ અટકાવે.

# થરાદના વાડિયા ગામના લોકોનો શક્તિ ફિલ્મ ના વિરોધમાં કલેક્ટરને રજૂઆત

### વાડિયા ગામની બદનામી રોકવા રિલીઝ અટકાવવા ની માંગ સાથે જિલ્લા કલેક્ટર ને લેખિતમાં રજૂઆત

• અહેવાલ દશરથભાઈ ઠાકોર



વાવ થરાદ જિલ્લાના થરાદ તાલુકાના વાડિયા ગામના ગ્રામજનોએ આગામી ગુજરાતી ફિલ્મ 'શક્તિ'ના રિલીઝ સામે વિરોધ નોંધાવ્યો. ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ફિલ્મના પ્રસારણ પર રોક લગાવવાની માંગ કરી છે. ગ્રામજનોનો આરોપ છે કે આ ફિલ્મ વાડિયા ગામ પર આધારિત છે, જે અગાઉ દેહવેપાર માટે બદનામ થઈ ચૂક્યું છે. જોકે, હાલમાં ગામના 500થી વધુ પરિવારો ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયો સાથે જોડાઈને પ્રગતિના પંથે છે. ગ્રામજનોનું કહેવું છે કે ગામના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે અને આ ફિલ્મ તેમના માનસ પર નકારાત્મક અસર કરી શકે છે. આથી, ગામની છબી ખરાબ ન થાય તે માટે ફિલ્મને રિલીઝ થતી અટકાવવી જોઈએ. વાડિયા ગામના રમેશભાઈએ જણાવ્યું હતું કે, 'આ ફિલ્મ અમારી પરવાનગી વિના બનાવવામાં આવી છે અને તે અમારા ગામને બદનામ કરવાનો પ્રયાસ છે.' તેમણે જો 27 ફેબ્રુઆરીના રોજ રિલીઝ થનારી આ ફિલ્મ પર રોક નહીં લગાવવામાં આવે, તો તેઓ આંદોલન અને ભૂખ હડતાળ પર ઉતરશે. રમેશભાઈએ ચેતવણી આપી હતી કે, જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો માત્ર તેમનો સમાજ જ નહીં, પરંતુ આસપાસના 50-60 ગામોના લોકોને ભેગા કરીને મોટું આંદોલન કરવામાં આવશે.

# શહેરા તાલુકાના પાલીખંડા ગામે આવેલા મરુડેશ્વર મહાદેવ મંદિરના પંટાગણમાં સમાજ સુધારણા બેઠક

• શહેરા,

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના પાલીખંડા ગામે આવેલા પૌરાણિક મરુડેશ્વર મહાદેવના મંદિરના પટાંગણમાં ક્ષત્રિય સમાજની સમાજસુધારણા સભાનું આયોજન કરવામા આવ્યું હતુ.તાલુકાના 12 થી વધુ ગામોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.અને સામાજીક પ્રંસગોમાં થતા ખોટા ખર્ચાઓને લઈને ચર્ચા વિચારણા કરી તેને દુર કરી આર્થિક પાયમાલીમાંથી બચવા અંગે સુચનો પણ કરાયા હતા. પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામા સામાજીક સુધારણા અભિયાન અંતર્ગત ધીમે ધીમે ગ્રામીણ વિસ્તારોમા જાગૃતિ આવી રહી છે. ક્ષત્રિય સમાજની આ સામાજીક પહેલ ધીમે ધીમે અન્ય ગામોમા ગુલાબની મહેકની જેમ પ્રસરી રહી છે.

**મંજૂરીની મહોર**

### AI ટેક્નોલોજીના સથવારે પાટનગરની થશે કાયાકલ્પ

# કમાન્ડ કંટ્રોલ સેન્ટર હવે સુરક્ષા અને સુવિધાનું ડિજિટલ હબ બનશે, 1918 કરોડના બજેટને મંજૂરીની મહોર

### ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે શહેરના ભવિષ્યનો રોડમેપ સમાન વર્ષ 2026-27નું સુધારેલું બજેટ મંજૂર કર્યું છે

• ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે શહેરના ભવિષ્યનો રોડમેપ સમાન વર્ષ 2026-27નું સુધારેલું બજેટ મંજૂર કર્યું છે. મ્યુનિસિપલ કમિશનરના મૂળ ડ્રાફ્ટમાં 15.27 કરોડનો વધારો કરી સ્ટેન્ડિંગ કમિટીએ 1,918.35 કરોડના લક્ષ્યાંક સાથે હાઈટેક સુવિધાઓ પર મહોર મારી છે. આ બજેટમાં વહીવટી પારદર્શિતાથી લઈને ટ્રાફિક મેનેજમેન્ટ સુધીના તમામ સ્તરે AI ટેકનોલોજીને હથિયાર બનાવવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ દ્વારા વર્ષ 2026-27ના વાર્ષિક બજેટને મંજૂરીની મહોર મારવામાં આવી છે જેમાં ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પર ભાર મૂકવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા મૂળ બજેટમાં સ્થાયી સમિતિએ 15.27 કરોડનો વધારો સૂચવતા હવે બજેટનું કદ વધીને 1,918.35 કરોડ રૂપિયા થઈ ગયું છે.

આ વખતના બજેટમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત પ્રોજેક્ટ્સ રહ્યા છે જેના માધ્યમથી



શહેરની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા અને વહીવટી પારદર્શિતાને એક નવા સ્તરે લઈ જવાનું આયોજન છે. ખાસ કરીને શહેરના ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને એઆઈ એક્સપિરિયન્સ સેન્ટરમાં રૂપાંતરિત કરવામાં આવશે જેથી આખું શહેર સેન્સર અને સ્માર્ટ કેમેરાની સીધી દેખરેખ હેઠળ રહેશે.

શહેરની ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ અમલી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. જે કેમેરાની મદદથી વાહનોની ગીચતા માપીને સિગ્નલનો સમય આપોઆપ નક્કી કરશે. ગાંધીનગર શહેરમાં પ્રથમ તબક્કે કુલ 5 ટ્રાફિક જંક્શન પર આ પ્રકારની સિસ્ટમ કાર્યરત કરવામાં આવશે. આ સિસ્ટમ ટ્રાફિકની સ્થિતિ જોઈને આપોઆપ રેડ અને ગ્રીન સિગ્નલના ટાઈમીંગ નક્કી કરશે.

તો પર્યાવરણની જાળવણી માટે હવે મોંઘા સાધનોને બદલે લો-કોસ્ટ સેન્સર લગાવીને હવાની શુદ્ધતાનું રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવશે અને તેના આંકડા નાગરિકો ડિજિટલ બોર્ડ પર લાઈવ જોઈ શકશે.

જ્યારે પ્રજાની ફરિયાદોના ઝડપી નિકાલ માટે એઆઈ આધારિત ક્વીક રિસ્પોન્સ વ્હીકલની સુવિધા શરૂ કરાશે. જે 108 ની માફક ખાડા, સ્ટ્રીટ લાઈટ કે લીકેજ જેવી સમસ્યાઓ પર ત્વરિત એક્શન લેશે. એનાલિટીક સર્વેલન્સ સિસ્ટમ હેઠળ પાણીમાં સ્કાડા સિસ્ટમ લગાશે તે પ્રમાણે ડ્રેનેજ લાઈન અને ચેમ્બરોમાં સેન્સર લાગશે. ગટર ઉભરાવાની સ્થિતિમાં આ સિસ્ટમ તરત જ કંટ્રોલ રૂમમાં મેસેજ મોકલશે. જેથી ક્યા સ્થળે ગટર ઉભરાઈ છે તેની ચોક્કસ માહિતી કંટ્રોલ રૂમ મારફતે સંબંધિત કર્મચારીને પહોંચશે. જેના પગલે ત્વરિત કાર્યવાહી થઈ શકશે.

આ સાથે જ સરકારી કામોમાં પારદર્શિતા લાવવા માટે ઈ પ્રગતિ એપ્લિકેશન હેઠળ જેતે પ્રોજેક્ટ સાઈટ પર ડિસ્પ્લે મૂકવામાં આવશે જેમાં કામની પ્રગતિના ફોટા અને વીડિયો મનપા અધિકારી,પદાધિકારી અને ખાસ કરીને નગરજનો પણ જોઈ શકશે.એજ રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો ગાંધીનગરના જૂના અને નવા સેક્ટરોમાં માર્ગોના નવીનીકરણ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે.હવે રોડ બનાવતી વખતે ગ્રાઉન્ડ લેવલ ઊંચું ન આવે તે માટે આધુનિક મિલિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું નક્કી કરાયું છે .જે ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યામાં રાહત આપશે. તો રાયસણ, કોલવડા અને વાવોલ જેવા વિસ્તારોમાં આગામી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકસાવવામાં આવશે.આ ઉપરાંત 3,500 નવા આવાસ યોજનાની ભેટ સાથે મધ્યમ વર્ગના પરિવારોને ઘરનું ઘર આપવાનો સંકલ્પ કરાયો છે. શહેરની સુંદરતામાં વધારો કરવા માટે 14 નવા તળાવોનું ડેવલપમેન્ટ અને ઐતિહાસિક મીના બજારના આધુનિકીકરણની દરખાસ્તને પણ મંજૂરી અપાઈ છે. આગામી ગુરુવારે મળનારી સામાન્ય સભામાં આ બજેટને આખરી ઓપ આપીને અમલી બનાવવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### થરાદ એપીએમસી હોલ ખાતે

# 17 ફેબ્રુઆરીના રોજ યુ.પી.એસ.સી અને જી.પી.એસ.સી ના માર્ગદર્શન માટે જીલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મેગા સેમિનાર યોજાશે

**સેમિનાર** — વાવ થરાદ જીલ્લાના વિદ્યાર્થીઓ 9824080264 નંબર ઉપર રજીસ્ટ્રેશન કરી મેગા સેમિનાર

• થરાદ

વાવ થરાદ જિલ્લાના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં માર્ગદર્શનના અભાવે પાછળ ન રહી જાય અને તેમને જીપીએસસી યુપીએસસી પરીક્ષા સંબંધિત સાચું માર્ગદર્શન મળી રહે એ માટે વાવ થરાદ જીલ્લા કલેક્ટર જે.એસ પ્રજાપતિએ વિધાર્થીઓના ભવિષ્યની ચિંતા કરી છે અને વાવ થરાદ જીલ્લાના વિધાર્થીઓ ઉચ્ચ અધિકારીઓ બને તે માટે વાવ થરાદ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા 17 ફ્રેબુઆરીના રોજ 12 થી 3 એપીએમસી હોલ ખાતે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં જીપીએસસી અને યુપીએસસીની તૈયારી કરતા તમામ વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું છે જેમાં વાવ થરાદ જિલ્લા કલેકટર જે એસ પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી અને થરાદ નાયબ કલેકટર સાજન મેર દ્વારા યુપીએસસી અને જીપીએસસી પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે અને પરીક્ષાની પદ્ધતિ સમજાવવામાં આવશે અને કઈ રીતે તૈયારી કરી શકાય તેના માટે સમજણ અને માર્ગદર્શન આપવામાં આવશે જેમાં વાવ થરાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા UPSC અને GPSC સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ માર્ગદર્શન સેમિનારનું આયોજન પ્રથમ વખત



કરવામાં આવ્યું છે આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને યોગ્ય દિશા, અભ્યાસક્રમની સમજણ અને પરીક્ષાની સચોટ માહિતી પૂરી પાડવાની છે તેમજ માર્ગદર્શનના અભાવને કોઈ વિદ્યાર્થી રહી ના જાય છે જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સરકારી અધિકારી બની શકે તેમજ સેમિનારની મુખ્ય વિશેષતાઓ એ છે કે UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) અને GPSC (ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન) ની પરીક્ષા પદ્ધતિ વિશે જાણકારી આપવામાં આવશે તેમજ નવા અભ્યાસક્રમ પ્રમાણે તૈયારી કેવી રીતે શરૂ કરવી તેના વિશે માર્ગદર્શન અને અધિકારીઓ દ્વારા સલાહ આપવામાં આવશે અને અનુભવી અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ અને પ્રેરણાત્મક વક્તવ્ય કરવામાં આવશે

કયો વિષય મહત્વનો છે કઈ બુક્સ વાંચવી અને સમયનું આયોજન કેવી રીતે કરવું તે સમજાવવામાં આવશે તેમજ થરાદ નાયબ કલેકટર સાજન મેરે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ માટે આ ઉત્તમ અને ઐતિહાસિક દિવસ છે જેમાં જિલ્લા કલેકટર જે એસ પ્રજાપતિના જે શૈક્ષણિક વિચારો અને જિલ્લાના વિદ્યાર્થીઓને આગળ લઈ જવાની જે પોતાની ઈચ્છા છે તેને લઈને આ મેગા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે અને આમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને સારી સલાહ અને દિશા મળશે અને જિલ્લા કલેકટરની ઈચ્છા એવી છે કે વાવ થરાદ જિલ્લાનો વિદ્યાર્થી પણ ક્લાસ વન અને ટુ બને તે માટે તેઓ તમામ પ્રયાસો કરી રહ્યા છે....

અહેવાલ દશરથભાઈ ઠાકોર
વાવ થરાદ

# ભીખાપુરા ગ્રુપ પ્રા શાળા પીએમશ્રી ગુજરાત માં માતૃ પિતૃ દિવસની ઉજવણી ભાવભીની રીતે કરવામાં આવી

• કદવાલ



કદવાલ તાલુકાના ભીખાપુરા ખાતે ભીખાપુરા ગ્રુપ પ્રા શાળા પીએમશ્રી ગુજરાત માં માતૃ પિતૃ દિવસની ઉજવણી કરીતા. ૧૪/૦૨/૨૦૨૧, શનિવારના રોજ પાતૃ-પિતૃ સન્માન દિવસની ઉજવણી અતિ આનંદમય અને ભાવવિભોર વાતાવરણમાં યોજાઈ હતી. સમગ્ર શાળા પરિસર માતા-પિતાના આદર, સન્માન અને કૃતજ્ઞતાની ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું, કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો. વિધાર્થીઓએ સંસ્કારસભર પ્રાર્થના રજૂ કરી કાર્યક્રમને આધ્યાત્મિક સ્પર્થ આપ્યો. ત્યારબાદ વિવિધ ધોરણોના વિધાર્થીઓએ માતા-પિતાના નિસ્વાર્થ પ્રેમ, ત્યાગ, સંઘર્ષ અને સંસ્કાર અંગે હૃદયસ્પર્શી વક્તવ્યો રજૂ કર્યા. બાળકોના નિર્દોષ શબ્દોમાં માતા-પિતાની મહાનતા વ્યકત થતાં ઉપસ્થિત મહેમાનો તથા માતા-પિતા ભાવુક બની ગયા હતા. કાર્યક્રમ દરમ્યાન ગીતો, કાવ્યપાઠ અને શાયરીઓ દ્વારા માતા-પિતાના અપરિમિત સ્નેહ અને માર્ગદર્શનને અભિવ્યકત કરવામાં આવ્યું. 'માતા છે તો મમતા છે અને પિતા છે તો પ્રેરણા છે- જેવા સંદેશો સાથે વિધાર્થીઓએ પોતાના જીવનમાં માતા-પિતાના મહત્વને ઉજાગર કર્યું. કેટલાક વિધાર્થીઓએ પોતાના માતા-પિતાના ત્યાગ અને સંઘર્ષની વાતો શેર કરતાં કાર્યક્રમમાં ભાવુક ક્ષણો સર્જાઈ હતી. સંતાનોની કૃતજ્ઞતા અને આદરભરી લાગણીઓ જોઈને અનેક માતા-પિતાની આંખોમાં આનંદના આંસુ ઝળહળી ઊઠ્યા. શાળાના આચાર્ય યુ.વાય. ટપલા દ્વારા પ્રેરણાદાયી સંબોધન આપવામાં આવ્યું હતું, તેમણે જણાવ્યું હતું કે 'માતા-પિતા આપણા જીવનના પ્રથમ ગુરુ છે.વિધાર્થીઓએ વ્યક્ત કરી માતા-પિતાના ત્યાગ અને પ્રેમ પ્રત્યે કૃતજ્ઞતા, આચાર્યનો પ્રેરણાદાયી સંદેશતેમના આશીર્વાદ અને માર્ગદર્શન વિના સફળતા સંભવ નથી." તેમણે ઉમેર્યું કે માતાના ચરણોમાં સ્વર્ગ વસે છે અને પિતા સ્વર્ગનો પ્રવેશદ્વાર છે. વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાના સપનાઓને સાકાર કરવા માટે સંકલ્પબદ્ધ રહેવું જોઈએ અને તેમના માન-સન્માનમાં ક્યારેય ઘટાડો ન થવો જોઈએ તેવો સંદેશ આપ્યો. કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત તમામ માતા-પિતાને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# મહાશિવરાત્રિની પૂર્વ સંધ્યાએ ત્રિવેણી સંગમ ઘાટ ખાતે 'મહા સંગમ આરતી'

### લૌકિક 'સોમનાથ મહોત્સવ'ને ખૂલ્લો મૂકતાં પહેલા ઢળતી સાંજે ત્રિવેણી સંગમ

ભારતની અડગ આસ્થા, સાહસ અને સ્વાભિમાનનું પ્રતિક એવા પ્રથમ જ્યોતિર્લિંગના આંગણે મહાશિવરાત્રિની પૂર્વ સંધ્યાએ કલા અને સંસ્કૃતિના દ્વારા આરાધનાના અલૌકિક 'સોમનાથ મહોત્સવ'ને ખૂલ્લો મૂકતાં પહેલા ઢળતી સાંજે ત્રિવેણી સંગમ ઘાટ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિત મહાનુભાવોએ 'સંગમ આરતી' કરી હતી.હિરણ, કપિલા અને સરસ્વતી નદીનું જ્યાં પવિત્ર મિલન થાય છે, તેવા અરબી સમુદ્રના ત્રિવેણી સંગમ સ્થળ પર સાંસદ સહિતના મહાનુભાવોએ આધ્યાત્મિક અને દિવ્ય માહોલમાં 'સંગમ આરતી' કરી હતી. સોમપુરા તીર્થ પુરોહિતોની વેદની ઋચાઓના ગાન સાથે ત્રિવેણી ઘાટ પરનો માહોલ સંપૂર્ણ રીતે આધ્યાત્મિકતાના રંગે રંગાયો હતો.આ સંગમ આરતીમાં ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા



પ્રમુખ શ્રી પલ્લવીબહેન જાની, ગુજરાત ટૂરીઝમ મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી રમેશ મેરજા, જિલ્લા કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય, જિલ્લા પોલીસવડા શ્રી જયદિપસિંહ જાડેજા, શ્રી ઝવેરીભાઈ ઠકરાર સહિતના અગ્રણીઓ, સાધુ-સંતો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજાધિરાજ જગતગુરુ દ્વારકાધીશ પ્રભુએ દેવળ ફેરવીને દર્શન દીધા એવા મહાન સંત શ્રી કોલવા ભગત કોલેશ્વર ધામ કોલડામાં બિરાજમાન છે




કુકાવાવ તાલુકાના કોલડા ગામના કોલેશ્વર ધામ તરીકે ઓળખાતા સંત શ્રી કોલવા ભગતના આશ્રમના સંત શ્રી અવધેશદાસજી બાપુ તેમજ કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા જુનાગઢ મહા શિવરાત્રીમા અંનક્ષેત્ર શરૂ કરવામાં આવ્યુ.રાજાધિરાજ જગતગુરુ દ્વારકાધીશ પ્રભુએ દેવળ ફેરવીને દર્શન દીધા એવા મહાન સંત શ્રી કોલવા ભગત કોલેશ્વર ધામ કોલડામાં બિરાજમાન છે. આ એક પવિત્ર યાત્રા ધામ છે જ્યાં ભક્તો યાત્રા કરવા ભક્તોની ભીડ જોવા મળે છે. આ મંદિર એક કોલેશ્વર ધામ આશ્રમ તરીકે ઓળખાય છે. આ આશ્રમના સંત શ્રી અવધેશદાસજી બાપુ તેમજ કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા જુનાગઢ મહાશિવરાત્રીના મીની કુંભ મેળામાં વગર દાન પેટીએ અંનક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું.આ મહાશિવરાત્રીમાં 5 દિવસ કોલડા ગામના કોલેશ્વર ધામ આશ્રમ દ્વારા સંતવાણી નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

### છૂટાછેડાના સાત જ દિવસમાં નશાખોર શખ્સે વકીલ પત્ની પાસે પૈસા માંગી ૩૫ હજારનું નુકસાન કર્યું

# જેતપુરમાં વકીલ યુવતીની ઓફિસમાં ઘૂસી પૂર્વ પતિનો આતંક: તોડફોડ કરી જાનથી મારવાની ધમકી

• જેતપુરઃ

જેતપુરના તીનબત્તી ચોક વિસ્તારમાં આવેલી એક મહિલા એડવોકેટની ઓફિસમાં તેના જ પૂર્વ પતિએ નશાની હાલતમાં ધમાલ મચાવી હોવાની ઘટના સામે આવી છે. પ્રેમલગ્નના કરુણ અંજામ બાદ થયેલા છૂટાછેડાના ગણતરીના દિવસોમાં જ શખ્સે ઓફિસમાં તોડફોડ કરી મહિલા વકીલ પર હુમલો કરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે.

બનાવની વિગતો મુજબ નવાગઢ વિસ્તારમાં રહેતા અને જેતપુર કોર્ટમાં પ્રેક્ટિસ કરતા મહિલા વકીલ જ્યોતીબેન મકવાણાએ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્ન ગત ૨૦૨૩માં કરણ અશોકભાઈ પરમાર સાથે થયા હતા. જોકે, લગ્ન જીવનમાં વિખવાદ થતા ગત તા. ૦૫/૦૨/૨૦૨૬ના રોજ બંનેએ પરસ્પર



સંમતિથી છૂટાછેડા લીધા હતા.

ગત ૧૨મી ફેબ્રુઆરીના રોજ સાંજના સમયે જ્યોતીબેન પોતાની ઓફિસમાં કામ કરી રહ્યા હતા ત્યારે પૂર્વ પતિ કરણ નશાની હાલતમાં ધસી આવ્યો હતો અને ભાડાના પૈસાની માંગણી કરી ગાળો ભાંડી હતી. આવેશમાં આવેલા શખ્સે ઓફિસમાં રહેલા લેપટોપ, કીબોર્ડ અને નેમપ્લેટની તોડફોડ કરી અંદાજે ૩૫,૦૦૦/- જેવું નુકસાન પહોંચાડ્યું હતું.

આરોપીએ ખુરશી ઉપાડી જ્યોતીબેન પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ સમયસૂચકતા વાપરી પાછળના દરવાજેથી નીકળી ગયા હતા. બૂમાબૂમ થતા બાજુની ઓફિસના સીનિયર એડવોકેટ ભાવેશભાઈ ત્રિવેદી દોડી આવ્યા હતા અને વચ્ચે પડી જ્યોતીબેનનો બચાવ કર્યો હતો. ત્યારબાદ ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરતા પીસીઆર વાન આવી પહોંચી હતી અને આરોપી કરણને ઝડપી લીધો હતો.

જેતપુર સીટી પોલીસે આ મામલે બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી. વધુ તપાસ હાથ ધરી છે.

### પરિવારજનોએ કહ્યું, મહિલા બ્લેકમેલ કરતી, મહિલાએ કહ્યું- આત્મહત્યા નહીં, પણ મર્ડર છે

# સુરતના ખ્યાતનામ બિલ્ડર તુષાર ઘેલાણીના મોત કેસમાં સનસનીખેજ દાવાઓ

### સુરતના ખ્યાતનામ બિલ્ડર અને બિઝનેસમેન તુષાર ઘેલાણીના મોતના 9 દિવસ બાદ સનસનીખેજ દાવાઓ સામે આવ્યા છે. તુષાર ઘેલાણીની 'અંગત મહિલા મિત્ર'એ પોલીસમાં અરજી આપી દાવો કર્યો છે

• સુરત

સુરતના ખ્યાતનામ બિલ્ડર અને બિઝનેસમેન તુષાર ઘેલાણીના મોતના 9 દિવસ બાદ સનસનીખેજ દાવાઓ સામે આવ્યા છે. તુષાર ઘેલાણીની 'અંગત મહિલા મિત્ર'એ પોલીસમાં અરજી આપી દાવો કર્યો છે કે બિઝનેસમેને આત્મહત્યા નથી કરી પણ તેમનું મર્ડર થયું છે. અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે તુષારભાઈનો પરિવાર તેમનો એટીએમ મશીન તરીકે પૈસા માટે ઉપયોગ કરતો. પરિવાર તેમની કાળજી નહોતો રાખતો તથા માન-સન્માન પણ નહોતા આપતા.

'અંગત મહિલા મિત્ર'એ એવો પણ દાવો કર્યો છે કે દીકરીના લગ્ન માટે તુષારભાઈ ઘેલાણી તેની માતા પાસેથી 20 દિવસ પહેલાં 25 લાખ રૂપિયા ઉછીના લઈ ગયા હતા. બીજી તરફ તુષાર ઘેલાણીનાં પરિવારજનોએ પણ પોલીસમાં મહિલાની વિરુદ્ધમાં અરજી કરી છે. જેમાં તેમણે તુષાર ઘેલાણીને આ મહિલા ત્રાસ આપીને ઈમોશનલ અને ફાઈનાન્શિયલ બ્લેકમેલ કરતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સુરતના 'ઘેલાણી ગ્રુપ'ના માલિક 55 વર્ષીય તુષાર ઘેલાણીએ ગત 1 ફેબ્રુઆરીના રોજ તેમના નિવાસસ્થાને પોતાની જ લાઈસન્સ વાળી રિવોલ્વર વડે પોતાના માથા પર ગોળી મારી હતી. 9 MMની ગોળી મગજને ચીરીને આરપાર નીકળી ગઈ હતી. ઘેલાણીને ગંભીર સ્થિતિમાં હોસ્પિલમાં દાખલ કરાયા હતા, જ્યાં 5 ફેબ્રુઆરીના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ જ દિવસે તેમની દીકરીના લગ્ન નક્કી કરાયા હતા. તુષાર ઘેલાણીએ લગ્નની કંકોત્રી બાબતે પરિવારજનો સાથે તકરાર થતા આત્મહત્યા કરી લીધાની વાતો સામે આવી હતી. જોકે તુષાર ઘેલાણીની બારમાની વિધિ પણ પૂરી નથી થઈ ત્યાં નવા દાવાઓ સામે આવી રહ્યા છે. વેસુ વિસ્તારમાં માતા-પિતા સાથે રહેતી એક મહિલાએ દાવો કર્યો છે કે ઘેલાણીએ આત્મહત્યા નથી કરી, પણ તેનું મર્ડર થયું છે. યુવતીએ આ સુરત શહેર પોલીસ કમિશનરને અરજી કરી તપાસની માગ કરી છે. તુષાર ઘેલાણીનાં પરિવારજનોએ મહિલા સામે અરજી કરી બ્લેકમેલ કરવામાં આવતાં હોવાની વાત કરી છે. આ અંગે સુરત ડીસીપી નિધિ ઠાકુરે એક પ્રેસ-કોન્ફરન્સ બોલાવી કહ્યું હતું કે ગઈકાલે તુષાર ઘેલાણીનાં પરિવારજનો દ્વારા એક અરજી કરવામાં આવી છે, જેમાં એક મહિલા દ્વારા ત્રાસ અને બ્લેકમેઈલિંગના કારણે આપઘાત કરી લીધાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આની તપાસ અમે ઉચ્ચ અધિકારના સુપરવિઝનમાં શરૂ કરી દીધી છે. આમા કોઈ તથ્ય અને પુરાવા સામે આવે તો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી કરીશું. બીજી તરફ જે મહિલાએ તુષાર ઘેલાણીનાં પરિવારજનો સામે અરજી કરી છે તેની કોપી દિવ્ય ભાસ્કરની મળી છે. હરજીભાઈ ઘેલાણી છેલ્લાં 15-16 વર્ષથી મારા ખૂબ અંગત મિત્ર હતા અને તેઓ મારી સાથે ખૂબ સમય વિતાવતા હતા. તેઓ મને તેમની અંગત પારિવારિક વાતો પણ કરતા હતા. મને 1 જાન્યુઆરી સવારે 6 વાગ્યે સમામાર મળ્યા કે તુષારભાઈ ઘેલાણીએ પોતાની જાતને ગોળી મારી દીધી છે અને મહાવીર હોસ્પિટિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

• સંક્ષીપ્ત સમાચાર

### ભરૂચ મહિલા પોલીસે એક વર્ષના બાળકને માતાને પરત અપાવ્યું

• ભરૂચ

ભરૂચ મહિલા પોલીસે સંવેદનશીલ કામગીરીનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પોલીસે એક વર્ષના બાળકને તેની માતાને સુરક્ષિત રીતે પરત અપાવવામાં સફળતા મેળવી છે. ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ, ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એ. આહિર અને તેમની ટીમ મહિલા સંબંધિત પ્રશ્નોમાં મદદરૂપ થવા સતત કાર્યરત છે. આ કેસમાં, મહિલા પોલીસ સ્ટેશનમાં એક અરજદાર મહિલાને બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. મહિલાએ રજૂઆત કરી હતી કે તેના પતિ અને સાસુ તેમના એક વર્ષના બાળકને પોતાની સાથે લઈ ગયા હતા અને તેને પરત આપવાનો ઈનકાર કરતા હતા. ન્યાય મેળવવા માટે તેણીએ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ મામલે, પીએસઆઈ વૈશાલી આહિરે હેડ કોન્સ્ટેબલ શીતલબેનની મદદથી સામા પક્ષને બોલાવી કાઉન્સેલિંગ કર્યું હતું. સમજાવટ અને માર્ગદર્શન બાદ, સામા પક્ષ બાળકને તેની માતાને પરત આપવા સંમત થયો હતો.

### પત્નીને લેવા સાસરીમાં જતો હતો ને મોત આવ્યું

# અમદાવાદમાં પૂરઝડપે જતી કાર ઝાડ સાથે ટકરાતા ચાલકનું ઘટનાસ્થળે મોત, 3 વર્ષ અગાઉ લગ્ન થયા હતા

### ગાંધીનગરના વાવોલમાં રહેતો આકાશ ગોસ્વામી નામનો યુવક ચાંગોદરમાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે

• અમદાવાદ

અમદાવાદમાં વધતા અકસ્માત વચ્ચે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. વટવા જીઆઈડીસી રોડ પર પૂરઝડપે ગાડી લઈને આવી રહેલા યુવકે કાબૂ ગુમાવતા ગાડી ઝાડ સાથે અથડાઈ હતી. ગાડીની ટક્કર એટલી જોરદાર હતી કે કાર ચાલક યુવકનું સ્થળ પર જ મોત થયું હતું. યુવક સાસરીમાં પત્નીને લેવા જઈ રહ્યો હતો આ દરમિયાન અકસ્માત થયો હતો.

ગાંધીનગરના વાવોલમાં રહેતો આકાશ ગોસ્વામી નામનો યુવક ચાંગોદરમાં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. આકાશની પત્ની બારેજડી ખાતે પિયરમાં ગઈ હતી. 12 ફેબ્રુઆરીના રોજ આકાશ તેના ઘરેથી પિયર પત્નીને લેવા જઈ રહ્યો હતો. આકાશ પૂર ઝડપે એસન્ટ કાર લઈને વટવા જીઆઈડીસી રોડ પરથી જઈ રહ્યો હતો. આ દરમિયાન સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ગાડી ઝાડ સાથે અથડાઈ હતી.

ગાડી ઝાડ સાથે અથડાતા ગણતરીની સેકન્ડોમાં જ આકાશને ગંભીર ઈજા થવાના કારણે સ્થળ પર મોત થયું હતું. આકાશના ત્રણ વર્ષ અગાઉ લગ્ન થયા હતા. ધર્મ મુજબ આકાશને વેડા ગામ ખાતે ગઈકાલે સમાધિ આપવામાં આવી હતી. અકસ્માતમાં પરિવારે 24 વર્ષનો યુવાન દીકરો ગુમાવ્યો છે. સમગ્ર મામલે જે ડિવિઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



### પોલીસ ભરતીમાં રનીંગના નિયમોમાં માનવીય અને વૈજ્ઞાનિક સુધારા કરો

• સાવરકુંડલા

સાવરકુંડલા યુવા એડવોકેટ દેવર્ષી બોરીસાગરે ગુજરાત રાજ્યના ગૃહ મંત્રીને પત્ર પાઠવી હાલમાં ચાલી રહેલી ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયામાં રનીંગના નિયમોમાં માનવીય અને વૈજ્ઞાનિક સુધારા કરવા લેખિત રજુઆત કરી હતી. તેમણે લેખિત રજુઆતમાં હાલ ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયા દરમિયાન પુરુષ ઉમેદવારો માટે 5 કિલોમીટરની દોડ 25 મિનિટમાં પૂર્ણ કરવાની શારીરિક કસોટી ફરજીયાત રાખવામાં આવી છે. આ દોડ પરીક્ષા દરમિયાન છેલ્લા સમયગાળામાં અનેક દુર્ભાગ્યપૂર્ણ બનાવો નોંધાયા છે, જેમાં ઉમેદવારોને દોડ દરમિયાન હાર્ટ એટેક આવતા મૃત્યુ થયાના કિસ્સાઓ સામે આવ્યા છે. આ બાબત સમગ્ર સમાજ અને ઉમેદવારોના પરિવારજનો માટે અત્યંત ચિંતાજનક અને દુઃખદ છે. પોલીસ સેવામાં શારીરિક તંદુરસ્તી જરૂરી છે પરંતુ માનવીના જીવનથી વધુ કોઈ ભરતી કે પરીક્ષા મહત્ત્વની નથી. ઘણા ઉમેદવારો ગ્રામ્ય વિસ્તારના તથા ગરીબ પરિવારોમાંથી આવતા હોય છે અને પૂરતી તબીબી તપાસ વિના કઠિન દોડ પરીક્ષામાં ભાગ લેતા તેઓના જીવનને ગંભીર જોખમ થાય છે. આવનારી ગુજરાત પોલીસ ભરતીમાં રનીંગના નિયમોમાં માનવીય તથા વૈજ્ઞાનિક આધારિત ફેરફાર કરવામાં આવે. ખાસ કરીને 5 કિલોમીટરની દોડના બદલે ઓછું અંતર નક્કી કરવામાં આવે અથવા સમયમર્યાદામાં યોગ્ય છૂટછાટ આપવામાં આવે ઉપરાંત તમામ ઉમેદવારો માટે પૂર્વ તબીબી ચેકઅપ ફરજીયાત કરવામાં આવે જેથી કોઈ પણ ઉમેદવારના જીવનને જોખમ ન થાય. ખાસ કરીને 5 કિલોમીટરની દોડના બદલે ઓછું અંતર નક્કી કરવામાં આવે અથવા સમયમર્યાદામાં યોગ્ય છૂટછાટ આપવામાં આવે ઉપરાંત તમામ ઉમેદવારો માટે પૂર્વ તબીબી ચેકઅપ ફરજીયાત કરવામાં આવે જેથી કોઈ પણ ઉમેદવારના જીવનને જોખમ ન થાય.

### , રોજના 400 ટ્રકો કાપડ લઈ દેશભરની મંડીઓમાં રવાના

## ઈદ-લગ્નની સિઝને કાપડ વેપારમાં નવો પ્રાણ ફૂંક્યો:એક જ મહિનામાં ટ્રકોના ડિસ્પેચમાં 150%થી વધુનો ઉછાળો

• સુરત



દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ સુરતનું કાપડ બજાર લાંબા સમયથી મંદીના માહોલનો સામનો કરી રહ્યું હતું. ઉત્પાદનથી લઈને ડિસ્પેચ સુધીની તમામ પ્રક્રિયાઓ ધીમી પડી ગઈ હતી. જોકે, ફેબ્રુઆરી મહિનાની શરૂઆત સાથે જ બજારના સમીકરણો બદલાયા છે. આગામી સમયમાં આવી રહેલી ઈદ અને લગ્નસરાની સિઝનને કારણે અચાનક દેશભરની મંડીઓમાંથી ઓર્ડરનો ધોધ છૂટ્યો છે. આ માગને કારણે સુરતના ટેક્સટાઈલ સેક્ટરમાં લાંબા સમય બાદ એક નવો ઉત્સાહ અને પ્રાણ ફૂંકાયા હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

બજારમાં આવેલી તેજીનું સૌથી મોટું પ્રમાણ ટ્રાન્સપોર્ટ સેક્ટરમાં જોવા મળી રહ્યું છે. માત્ર એક મહિના પહેલા જ્યાં સુરતથી દરરોજ માંડ 150 જેટલી ટ્રકો કાપડનો માલ લઈને રવાના થતી હતી, ત્યાં આજે આ આંકડો વધીને 350થી 400 ટ્રકો સુધી પહોંચી ગયો છે. માલની હેરફેર માટે ટ્રકોની સંખ્યામાં થયેલો આ અચાનક વધારો સૂચવે છે કે છૂટક મંડીઓમાં સુરતના કાપડની માગ કેટલી સારી છે.

આ તેજી પાછળનું મુખ્ય કારણ ઈદનો પવિત્ર તહેવાર અને તે જ સમયે શરૂ થઈ રહેલી લગ્નસરાની સીઝન છે. સુરતનું ટેક્સટાઈલ માર્કેટ ખાસ કરીને સાડીઓ, ડ્રેસ મટીરિયલ્સ અને સૂટ-દુપટ્ટા માટે જાણીતું છે. ઈદમાં નવા વસ્ત્રોની ખરીદી અને લગ્ન પ્રસંગોમાં સાડીઓની ભારે માગને કારણે ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાંથી મોટા પાયે ઓર્ડર મળી રહ્યા છે. આ ડબલ સિઝનને કારણે વેપારીઓ પાસે અત્યારે શ્વાસ લેવાનો પણ સમય નથી. માલના ડિસ્પેચમાં અચાનક થયેલા વધારાને કારણે ટ્રાન્સપોર્ટ કંપનીઓ પર ભારે દબાણ ઊભું થયું છે. ઘણી ટ્રાન્સપોર્ટ કંપનીઓ પાસે મર્યાદિત સંસાધનો અને ટ્રકો હોવાને કારણે, તેઓ વધારાનો માલ સ્વીકારી શકતા નથી. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે કેટલીક મોટી ટ્રાન્સપોર્ટ એજન્સીઓએ કામચલાઉ ધોરણે નવા બુકિંગ લેવાનું બંધ કરવું પડ્યું છે. આ અગાઉ ક્યારેય ન જોયેલું દબાણ છે.

### વેરાવળમાં તેજસ્વી તારલાઓનું સન્માન, કોમ્પ્યુટર સેન્ટર-લાઈબ્રેરીનો પ્રારંભ

• ગીર સોમનાથ (વેરાવળ)

વેરાવળ ખાતે સમસ્ત પટણી સમાજ અને સમસ્ત મુસ્લિમ સેવા સમાજ દ્વારા શિક્ષણ જાગૃતિ અને વિદ્યાર્થી પ્રોત્સાહન માટે સન્માન સમારોહ યોજાયો. આ પ્રસંગે આધુનિક પટણી કોમ્પ્યુટર સેન્ટર અને મોડર્ન લાઈબ્રેરીનો પણ પ્રારંભ કરાયો. સમારોહમાં ડીવાયએસપી કેડર સહિત વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થયેલા યુવાનોને સન્માનિત કરાયા. ધોરણ 9 થી પીએચડી સુધીનો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન થયું. સમાજના પ્રમુખ અફઝલ પંજાએ 'એક રોટી ઓછી ખાઓ, પણ બાળકોને ભણાવો' નો સંદેશ આપ્યો. કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શિક્ષણને વર્તમાન સમયની સર્વોચ્ચ શક્તિ ગણાવી, વિદ્યાર્થીઓને મહેનત અને સંકલ્પથી આગળ વધવા પ્રેરણા આપી. નવું કોમ્પ્યુટર સેન્ટર યુવાનોને ડિજિટલ યુગ માટે તાલીમ આપશે. લાઈબ્રેરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક બનશે. આ પ્રસંગે સમાજના આગેવાનો, નગરસેવકો, વેપારીઓ અને શ્રેષ્ઠીઓ પણ હાજર રહ્યા હતા. આ આયોજન દ્વારા સમાજની પ્રગતિ માટે શિક્ષણના મહત્વનો સંદેશ અપાયો. સન્માનિત વિદ્યાર્થીઓ અન્ય માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. આ નવી પહેલ ભવિષ્યમાં વધુ અધિકારીઓ અને વિદ્વાનો તૈયાર કરશે તેવી આશા વ્યક્ત કરાઈ.

### જનભાગીદારીથી પાણીની સમસ્યાનો ઉકેલ લવાશે

## VMC 200 કરોડનો બ્લ્યુ બોન્ડનો પબ્લિક માટે બહાર પાડશેઃ સ્ટેન્ડિંગમાં એજન્સીની નિમણૂકની મંજૂરી

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા હાલ સુધીમાં બે વખત બોન્ડ બહાર પાડવામાં આવ્યા છે, જેમાં રોકાણકારોએ અભૂતપૂર્વ ઉત્સાહ બતાવ્યા બાદ આગામી દિવસોમાં હવે નવો પબ્લિક ઈશ્યુ બહાર પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લ્યુ બોન્ડનો આ પબ્લિક ઈશ્યુ 200 કરોડનો હશે, જેમાં નાના રોકાણકારો પણ ભાગ લઈ શકે તેવું આયોજન છે.

મ્યુનિસિપલ બોન્ડ એક પ્રકારનું એવું સાધન છે જે સ્થાનિક સરકારી સંસ્થાઓ, જેમ કે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અથવા અન્ય સ્થાનિક સત્તાવાળાઓ, દ્વારા જાહેર જનતા પાસેથી ભંડોળ એકત્ર કરવા માટે બહાર પાડવામાં આવે છે. આ બોન્ડ ઈશ્યુ કરીને, મહાનગરપાલિકા રોકાણકારો પાસેથી પૈસા ઉધાર લે છે અને તેના બદલામાં રોકાણકારોને નિશ્ચિત વ્યાજ દરે સમયાંતરે વ્યાજ ચૂકવવાનું વચન આપે છે.

બોન્ડની પાકતી મુદત પૂરી થતા, મહાનગરપાલિકા રોકાણકારોને મૂળ રકમ પાછી ચૂકવે છે. આ બોન્ડનો ઉપયોગ સામાન્ય રીતે શહેરના વિકાસ પ્રોજેક્ટ્સ જેમ કે રસ્તાઓનું નિર્માણ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા સુધારવી, પૂલ બાંધવા, જાહેર પરિવહન સુવિધાઓ વિકસાવવી, બગીચાઓ બનાવવું અથવા અન્ય માળખાકીય સુવિધાઓના નિર્માણ માટે ભંડોળ પૂરું પાડવા માટે થાય છે.

વડોદરા મહાનગરપાલિકાએ અગાઉ બે બોન્ડ બહાર પાડયા હતા. હવે બ્લુ બોન્ડ ના પબ્લિક ઈશ્યુ બહાર પાડવા માટેનો તખ્તો તૈયાર થઈ ચુક્યો છે. આ બ્લુ બોન્ડ થકી જનભાગીદારીથી શહેરની પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટેનો પ્રયાસ કરવામાં આવશે. બજેટમાં બ્લુ બોન્ડ ઈશ્યુ જાહેર કરવા માટેની જાહેરાત બાદ સ્ટેન્ડિંગ સમિતિની બેઠકમાં આ અંગે એજન્સીની નિમણૂક સહિતના કામો મંજૂર કરવા માટેની દરખાસ્ત મુકવામાં આવી હતી, જેને મંજૂરી આપી દેવામાં આવી છે અને તે અંગેની સત્તા મ્યુનિસિપલ કમિશનરને આપવામાં આવી છે.

કેટલાક રોકાણકારો સલામત રોકાણ કરવા ઉપર ભાર મુકતા હોય છે. કોર્પોરેશને બહાર પાડેલા બોન્ડમાં ફિક્સ વ્યાજ નક્કી કરવામાં આવે છે જે દર છ મહિને તેઓને મળી જાય છે. જ્યારે મુદત પાકે ત્યારે તેઓએ રોકાણ કરેલી રકમ પરત મળી જાય છે. રોકાણકારોને બોન્ડમાં રોકાણ કરવામાં સલામતી એટલા માટે અનુભવાય છે, કારણ કે સરકારી સંસ્થા ક્યારેય ડૂબવાની નથી. આ ઉપરાંત અન્યત્ર ઈન્વેસ્ટ કરવા કરતા સારું અને સલામત વળતર મળે છે.

બોન્ડથી પાલિકાને શું ફાયદો થયો તે અંગે વડોદરા મહાનગરપાલિકાના ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીએ જણાવ્યું હતું કે, કોર્પોરેશન જો વિકાસના કામો માટે કોઈ બેન્ક પાસે લોન મેળવવા માટે જાય તો પાલિકાએ તેની સામે બમણી સિક્યુરિટી આપવી પડે છે. જ્યારે સામે બોન્ડના કારણે તે વ્યાજદર પણ ઓછું થાય છે. આ ઉપરાંત વડોદરા મહાનગર પાલિકાએ સફળતા પૂર્વક બોન્ડ પાર પાડ્યા, જેના કારણે ભારત સરકારે પાલિકાને રૂ.13 કરોડ ઈન્સેન્ટિવ આપ્યું, જેથી આ વ્યાજમાં પણ બે ટકા ઘટાડો થઈ ગયો.

સરળ ભાષામાં સમજીએ તો પાલિકાએ પ્રથમ બોન્ડ 7.15 ટકાએ બહાર પાડ્યો હતો, જેની સામે ભારત સરકારે 13 કરોડ આપ્યા હતાં, જેથી પાલિકાને વ્યાજમાં બે ટકા ઘટાડો થઈ ગયો. આ ઉપરાંત કોર્પોરેશન દર મહિને પાલિકા દ્વારા વ્યાજદરની રકમ અને મુદ્દલની રકમ સાઈડમાં મુકવામાં આવી હતી. વ્યાજ દર છ મહિને ચુકવવામાં આવે છે તે રકમ સિવાયની રકમ ફિક્સ ડિપોઝિટમાં મુકવામાં આવે છે, જેથી પાંચ વર્ષને અંતે તેઓએ મેળવેલા બોન્ડ પેટે તેઓને માત્ર 2થી 2.5 ટકા જ રકમ વ્યાજ ચૂકવવું પડે છે. જે બેંક લોન કરતા ખુબ ઓછું હોય છે.

કોર્પોરેશને અગાઉ ગ્રીન બોન્ડ બહાર પાડયા હતા. આ બોન્ડ થકી જે પ્રોજેક્ટ ઉભા કરાયા તેના આધારે પ્રદુષણમાં નિયંત્રણ કરવાનો પ્રયાસ કરાયો. અગાઉ ઉંડેરા અને શેરખી એસટીપી બનાવ્યું હતું. આ પ્રોજેક્ટ ડ્રેનેજ માટે હતો. જો આ પ્રોજેક્ટ ન થાય તો પ્રદુષણ કેટલું થશે તે અંગેનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જેના ઉપર ઈન્ટરનેશનલ એજન્સીના માન્ય ઓડિટરોએ ચકાસ્યું અને પેરામીટરમાં બેઠા બાદ વીએમસીને પ્રથમ ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ મળ્યું હતું. જે એશિયામાં પ્રથમ મહાનગરપાલિકા છે. વડોદરાના સામાન્ય નાગરિકો પણ આગામી સમયમાં પાડનાર ઈશ્યુ ખરીદી શકશે. પાલિકા અંદાજે 10,000ના ગુણાંકમાં રોકાણ કરી શકશે. જેનું ફિક્સ વ્યાજ નક્કી કરવામાં આવશે અને તે બાદ ઈશ્યુ જાહેર કરવામાં આવશે.

## આતંકવાદ-સંગઠિત ગુનાખોરી સામે સરકાર 'નિયંત્રણ વિધેયક' વિધાનસભામાં લાવશે:જેલવાસ અને મિલકત જપ્તીની જોગવાઈઓ વધુ કડક બનશે, ભૂ-માફિયા સામે ગાળિયો કસાશે

• અમદાવાદ

રાજ્યમાં વધતી અને રૂપ બદલતી સંગઠિત ગુનાખોરી પર લગામ કસવા રાજ્ય સરકાર આતંકવાદ અને ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સામે કડક સુધારા લાવવા તૈયારીમાં છે. ગૃહ વિભાગ દ્વારા 'આતંકવાદ-સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક' આવનારી વિધાનસભા બેઠકમાં રજૂ થવાની સંભાવના છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગુનાખોરીના નવા નેટવર્ક, સાયબર માધ્યમ અને ગેંગ આધારિત પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને સંગઠિત ગુનાની વ્યાખ્યા વધુ સ્પષ્ટ અને વ્યાપક બનાવવામાં આવશે. ખાસ કરીને ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સિન્ડિકેટને કાનૂની રીતે ઝડપી રીતે કાબૂમાં લેવા માટે જેલવાસની જોગવાઈઓ અને ગેરકાયદે સંપત્તિ જપ્ત કરવાની કલમો વધુ કડક બનાવવામાં આવશે.

સુધારા વિધેયકનો હેતુ માત્ર દંડાત્મક જ નહીં, પરંતુ નાણાકીય નેટવર્કને તોડી પાડવાનો છે, જેથી ગુનાખોરીના



માળખાને મૂળથી નાબૂદ કરી શકાય. ગૃહ વિભાગના અધિકારીઓ માને છે કે કડક જોગવાઈઓથી સંગઠિત ગુનાખોરીના ગેંગ પર અસરકારક નિયંત્રણ શક્ય બનશે.

રાજ્ય સરકાર ગેરકાયદે જમીન વેચાણ અને ભોગવટાને રોકવા માટે 'ગુજરાત સુધારા વિધેયક-2026' પણ વિધાનસભામાં લાવશે. ખાસ કરીને ગણોતધારા અને સૌરાષ્ટ્ર ઘરખેડ નિયમ હેઠળની જમીનોમાં ગેરરીતિ અટકાવવા આ કાયદો મહત્વપૂર્ણ માનવામાં આવે છે. નવા વિધેયક મુજબ જિલ્લા કલેક્ટરને વિશેષ સત્તાઓ આપવામાં આવશે. જો તપાસમાં જમીન તબદીલી ગેરકાયદે સાબિત થાય તો નોટિસ મળ્યાના એક મહિનામાં જમીન મૂળ માલિકને પરત સોંપવી ફરજિયાત રહેશે. ગેરકાયદે જમીન પચાવી પાડનાર વ્યક્તિ પાસેથી જંત્રીની કિંમતના 3 ગણા રકમનો દંડ વસૂલવામાં આવશે. સરકાર માને છે કે આ કડક જોગવાઈઓથી જમીન માફિયાઓ પર અસરકારક અંકુશ આવશે અને મૂળ જમીન માલિકોના હકોનું રક્ષણ થશે.

આ રીતે આતંકવાદ-સંગઠિત ગુનાખોરી અને ગેરકાયદે જમીન વ્યવહારો સામે રાજ્ય સરકાર ડબલ એક્શન મૂડમાં દેખાઈ રહી છે.

### વિકાસકામો, સ્વચ્છતા વ્યવસ્થા અને મહિલાઓની આજીવિકા પ્રવૃત્તિને મળ્યું પ્રોત્સાહન

# ગડતમાં વિકાસ કમિશનરની 15માં નાણાપંચ અને સ્વચ્છતા અભિયાનની સર્વગ્રાહી સમિક્ષા

• વ્યારા

રાજ્યના વિકાસ કમિશનર હિતેશ કોયાએ શુક્રવારે તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ગડત ગામે વિકાસલક્ષી કામોની સમીક્ષા અર્થે વિશેષ મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ગામમાં અમલમાં રહેલી વિવિધ સરકારી યોજનાઓનું સ્થળ નિરીક્ષણ કરી 15માં નાણાપંચ હેઠળ થયેલા વિકાસકામો તેમજ સ્વચ્છ ભારત મિશન (SBM) અંતર્ગત ચાલતા સ્વચ્છતા અભિયાનની વિગતવાર સમીક્ષા કરી હતી. કિાસ કમિશનરે ગ્રામ પંચાયત દ્વારા કરાયેલા નાણાકીય આયોજન, કાર્યક્ષમ અમલીકરણ અને વિકાસકામોની ગુણવત્તાની પ્રશંસા કરી હતી. તેમણે સ્વચ્છતા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા તેમજ જાહેર સુવિધાઓને લોકો માટે વધુ સુલભ બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન હિતેશ કોયાએ ગડત ગામના 'જાગૃતિ સખી મંડળ'ની પણ મુલાકાત લીધી હતી. મંડળની પાંચ બહેનોએ મનરેગા યોજના અંતર્ગત મળેલા વર્મી કમ્પોસ્ટ બેડ દ્વારા ખાતર ઉત્પાદન કરી આજીવિકા ઊભી કરી છે, જે અન્ય ગામો માટે પ્રેરણારૂપ બન્યું છે.

# ભાવનગરમાં રત્નકલાકારોના બાળકોને શૈક્ષણિક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

## ભારત યુ.એસ. ટ્રેડડીલથી હીરા અને કાપડ ઉદ્યોગને ફાયદો: નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી

• માહિતી બ્યુરો, ભાવનગર

ભાવનગરના કાળીયાબીડ વિસ્તારમાં આવેલ સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ ખાતે રત્નકલાકારોના બાળકોને શૈક્ષણિક સહાય વિતરણનો કાર્યક્રમ ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયા, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ ઉર્જા રાજ્યમંત્રી અને ભાવનગરના પ્રભારી મંત્રી કૌશિક ભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે દેશ અને દુનિયામાં પ્રથમ વખત ગુજરાત રાજ્ય સરકારે રત્નકલાકારો માટે વિશેષ પેકેજની જાહેરાત કરી છે. રત્નકલાકારોના દીકરા-દિકરીઓના અભ્યાસને સહાયરૂપ થવા માટે 14,400થી વધુ વિદ્યાર્થીઓને પ્રતિ વિદ્યાર્થી રૂ.13,000થી વધુની રકમ ચુકવવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં યુ.એસ. સાથે થયેલી ટ્રેડ ડીલથી સૌથી વધુ લાભ હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગને થવાનો છે. આ ઉપરાંત ટ્રેડ ડીલના કારણે રાજ્યના લાખો વેપારીઓ માટે વેપારની નવી સંભાવનાઓ ખુલશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજરોજ ભાવનગરમાં શરૂ થયેલી ઈ-બસ સેવાથી સામાન્ય નાગરિકોને જાહેર પરિવહનમાં મહત્વપૂર્ણ સુવિધા મળશે. ઉપરાંત ભાવનગર શહેર માટે આશરે રૂ.509 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જેના પરિણામે શહેરની આધારભૂત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે. કાર્યક્રમ દરમિયાન અનેક રત્નકલાકારોના બાળકોને શૈક્ષણિક સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાયથી રત્નકલાકારોના બાળકોને અભ્યાસમાં મહત્વપૂર્ણ મદદ મળશે તેમ ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું.આ પ્રસંગે મેયર શ્રી ભરતભાઈ બારડ, સ્ટેન્ડિંગ ચેરમેન શ્રી રાજુભાઈ રાબડીયા, ડેપ્યુટી મેયર શ્રીમતી મોનાબેન પારેખ, ધારાસભ્ય સર્વેશ્રી સેજલબેન પંડયા અને શ્રી શિવાભાઈ ગોહિલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી એન. કે. મીના, કલેકટર શ્રી ડૉ. મનીષકુમાર બંસલ, આગેવાન શ્રી કુમારભાઈ શાહ, દિગ્વિજયસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદરમાં જિલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કુલ શરૂ કરવા શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી

• ગોસા(ઘેડ)તા.૦૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં પોરબંદર જિલ્લામાં ''જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ'' શરૂ કરવામાં આવનાર છે. જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પોરબંદર દ્વારા જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ (DLSS) શરૂ કરવા માટે રસ ધરાવતી શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.શાળાની પસંદગી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવમાં દર્શાવ્યા મુજબના રહેશે. જેમાં ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધીની શિક્ષણ સુવિધા. રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૩ એકર જમીન જેમાં શાળામાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓ.

**સોના-ચાંદી** સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.208470.65 કરોડનાં સાપ્તાહિક કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 39262 પોઇન્ટના સ્તરે

# સોના-ચાંદીના વાયદામાં સાપ્તાહિક ધોરણે સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.765 તેજ, ચાંદીનો વાયદો રૂ.7380 ગબડ્યો

## ક્રૂડ તેલનો વાયદો રૂ.60 લપસ્યો: કોમોડિટી વાયદાઓમાં રૂ.275929.11 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.1618962.23 કરોડનું સાપ્તાહિક ટર્નઓવર

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર 6થી 12 ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.1894910.47 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.275929.11 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.1618962.23 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો 39262 પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.43576.82 કરોડનું થયું હતું.




સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 208470.65 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.149396ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.160250 અને નીચામાં રૂ.149396ના મથાળે અથડાઈ, રૂ.152071ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.765 વધી રૂ.152836ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે 8 ગ્રામદીઠ રૂ.535 ઘટી રૂ.124977ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.40 વધી સપ્તાહના અંતે રૂ.15678ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની માર્ચ વાયદો સપ્તાહના અંતે 10 ગ્રામદીઠ રૂ.372 વધી રૂ.150688 થયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.152401ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.160350 અને નીચામાં રૂ.151532ના મથાળે અથડાઈ, રૂ.153847ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.184 ઘટી રૂ.153663 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.234063ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.269373 અને નીચામાં રૂ.229187ના સ્તરને સ્પર્શી, રૂ.243815ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.7380 ઘટી રૂ.236435ના સ્તરે બંધ થયો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.8647 ઘટી રૂ.243324ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.8378 ઘટી સપ્તાહના અંતે રૂ.243467 થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 34968.18 કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.21.7 ઘટી રૂ.1206.3ના સ્તરે બંધ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.3.1 વધી રૂ.323.35ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે 40 પૈસા વધી રૂ.307.7ના ભાવે બંધ થયો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો રૂ.1.85 ઘટી સપ્તાહના અંતે રૂ.187.8ના ભાવે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 32409.17 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.3342ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.3540 અને નીચામાં રૂ.3239ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.83 વધી રૂ.3426ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.5738ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.5976 અને નીચામાં રૂ.5648ના સ્તરને સ્પર્શી, રૂ.5746ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.60 ઘટી રૂ.5686ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.58 ઘટી રૂ.5689 થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.23.1 ઘટી સપ્તાહના અંતે રૂ.294.2 થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.22.6 ઘટી રૂ.294.5ના સ્તરે સપ્તાહના અંતે બંધ થયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.983.7ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.16.9 ઘટી રૂ.966.6 થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.2598ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.12 વધી રૂ.2610 થયો હતો.

## ઓલપાડ તાલુકાના અટોદરા ગામે અસામાજીક તત્વોએ બીજી વખત આંતક મચાવ્યો

# ગ્રા.પં.ની મહિલા સભ્યના ઘરે અજાણ્યા શખ્સોએ વહેલી મળસ્કે સૂતળી બોમ્બ ફોડી ઘરને નુકસાન સાથે મહિલા ઈજાગ્રસ્ત

**સુતરી બોમ્બ** ફરીયાદીની કાકાની દીકરીને ગાલના ભાગે બારીના કાચ વાગતા હોસ્પિટલમાં સારવાર કરાવવી પડી

• ઓલપાડ,તા.૦૨

ઓલપાડ તાલુકાના અટોદરા ગ્રા.પં.ના વોર્ડની મહિલા સભ્યના ઘરે કોઈ અજાણ્યા અસામાજીક તત્વોએ મધરાત બાદ વહેલી મળસ્કે બે વાગ્યાંના સુમારે ચાર સૂતળી બોમ્બ ફોડી ઘરને નુકસાન કરી ભયનો માહોલ ફેલાવવાની ઘટના પ્રકાશમાં આવતા ઓલપાડ પોલીસ ફોડતી થઈ ગઈ છે.જયારે આ ઘટનામાં એક મહિલા ના ગાલમાં કાચ વાગતા તેણીને હોસ્પિટલમાં સારવાર કરાવવી પડી હતી.ગામતળના બસ સ્ટેન્ડ નજીક મોહમ્મદ અઝર અબ્દુલ સતાર મિરઝા નામનો યુવક તેના પરિવાર સાથે રહે છે.તેની માતા રઝિયાબીબી હાલમાં ગ્રા.પં.માં વોર્ડની મહિલા સભ્ય તરીકે સેવા આપી રહી છે. આ પરિવાર સોમવાર,તા.0૨ ના રોજ રાત્રીના સુમારે મીઠી નીંદર માણી રહ્યો હતો,ત્યારે વહેલી મળસ્કે બે કલાકના સુમારે અચાનક બોમ્બના ત્રણ ધડાકા થતા પરિવારના સભ્યો ભયના માહોલ સાથે ઉંઘમાંથી સફાળા જાગી ઘર બહાર દોડી આવ્યા હતાં. આ પરિવારે ઘર બહાર નીકળી ઘરનું નિરીક્ષણ કર્યું,ત્યારે તપાસમાં જણાયું હતું કે,કોઈ અસામાજિક તત્વોએ તેઓને ડરાવવા કે અન્ય કોઈ હેતુથી તેમના ઘરના પાછળના ભાગેથી ગલીમાં જઈ ઘરમાં લગાવેલ સીસી.ટીવી કેમેરાનો કેબલ કાપી નાંખી બહારના કેમેરા આગળ એક સુતરી બોમ્બ,બીજો ઘરના રસોડાની બારી પાસે, ત્રીજો બેડરૂમની બારી પાસે તથા ચોથો સુતરી બોમ્બ બાથરૂમની બારી પાસે ફૂટેલા જણાયા હતાં. જયારે ઘર આગળ ના પાર્કિંગની



દિવાલ પાસે મુકેલ બોમ્બ ફૂટેલો જણાયો ન હતો.ફૂટેલા ચારે

બોમ્બથી ઘર બહારનો કેમેરો, રસોડા,બેડરૂમ અને બાથરૂમની બારીના કાચ તૂટી ઘરમાં ફાંગોરાતા નુકસાન થયું હતું.જયારે બેડરૂમમાં બારી પાસે મીઠી નીંદર માણી રહેલ ફરીયાદીની કાકાની દીકરીને ફૂટેલા બારીના કાચ ફાંગોરાઈ તેણીને ગાલના ભાગે વાગતા ઈજા થઈ હતી. જેથી તેણીને સુરત શહેર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. જો કે ભયનો માહોલ ફેલાવનારી આ ચકચારી ઘટનાથી

મોહમ્મદ અઝર મિરઝાએ ત્વરિત સુરત પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૧૨ નંબર ઉપર ડાયલ કરી ઘટનાની જાણ કરતા ઓલપાડ પોલીસ દોડી હતી.

આ ઘટના મામલે

મોહમ્મદ અઝર મિરઝાએ ઓલપાડ પોલીસને અરજી આપી જણાવ્યું હતું કે,કોઈ અસામાજિક તત્વોએ આ અગાઉ બે વર્ષ પહેલા તે જયારે પોતાના લગ્ન કરી જાન લઈને રાત્રે ઘરે આવ્યો હતો, ત્યારે પણ આ પ્રકારનું કૃત્ય કરી પરિવારને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો.આ ઘટના બાબતે મોહમ્મદ અઝર મિરઝાનો મોબાઈલ સંપર્ક કરતા તેણે જણાવ્યું હતું કે,

તે સમયે પણ અમોએ પોલીસને જાણ કરવા છતાં પરિણામ ન આવતા આ તત્વોએ ફરી આંતક ફેલાવી અમોને ડરાવવાનો પ્રયાસ કર્યો છે.જયારે આ ઘટનામાં પોલીસે ઘરના સીસી.ટીવી કેમેરાની ફૂટેજ ચેક કરતા મળસ્કે બે વાગ્યાં પહેલા ઘર આગળથી પસાર થઈ રહેલ બાઈક જણાઈ હતી.પરંતુ ત્યારબાદ કેમેરાનો કેબલ કાપી નાંખવાથી આ ઘટના ફૂટેજમાં કેદ થઈ ન હતી.જો કે મામલે અન્ય કામમાં વ્યસ્ત પોલીસે મોહમ્મદ અઝરને સાંજે સાત વાગ્યે પોલીસ મથકમાં રૂબરૂ બોલાવ્યો છે અને તેનો જવાબ લીધા પછી ગુનો નોંધવા આશ્વાસન આપ્યું છે.

# શહેરાના લક્ષ્મણપુરા પ્રાથમિક શાળાના ભુતપુર્વ વિદ્યાર્થી નરેશકુમાર બારિયા સીઆઈએસએફમાં જોડાતા ભવ્ય સન્માન

• શહેરા

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના અણિયાદ ગામમાં હરખની હેલી જોવા મળી હતી. લક્ષ્મણપુરા પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નરેશકુમાર પોપટભાઈ બારીઆ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) માં દેશસેવા માટે પસંદગી પામી, ૧૧ માસની કઠિન ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત ફરતા ગ્રામજનો અને શાળા પરિવાર દ્વારા તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. નરેશકુમારે ઓડિશા રાજ્યના કટક શહેરના કેમ્પમાં ૧૧ મહિનાની સખત તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા નરેશકુમારને શાલ, હાર, શ્રીફળ, મોમેન્ટો અને સન્માન પત્ર આપીને નવાજવામાં આવ્યા હતા. અણિયાદ ગામના સરપંચ શ્રીમતી સરસ્વતીબેન દિલીપભાઈ બારીઆ, અગ્રણી આરતભાઈ ફતેસિંહ, હીરાભાઈ અને શિક્ષણવિદ કનુભાઈ સેવકની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં હાજર રહેલા એસ.એમ.સી સભ્યો, યુવા મિત્રો અને ગ્રામજનોએ



નરેશકુમારની ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના બારીઆ સમાજના અગ્રણીઓ અને બહેનોએ પણ પુષ્પગુચ્છ આપી દીકરાને વધાવ્યો હતો. આ પ્રસંગે વાતાવરણ દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું.

નોંધનીય છે કે, ગત ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આ જ શાળાની દીકરી બારીઆ વૈશાલીબેન કિરણસિંહ BSFમાં ટ્રેનિંગ પૂર્ણ કરી પરત ફર્યા હતા, જેમનું પણ ભવ્ય સન્માન કરાયું હતું. એક જ મહિનાના અંતરાલમાં ગામના બે રત્નો દેશની સુરક્ષા દળોમાં જોડાતા સમગ્ર શહેરા તાલુકો અને પંચમહાલ જિલ્લો ગૌરવ અનુભવી રહ્યો છે.'નરેશકુમારની આ સિદ્ધિ માત્ર ગામ માટે જ નહીં, પણ સમગ્ર જિલ્લાના યુવાનો માટે પ્રેરણારૂપ છે. તેમની મહેનત આજે રંગ લાવી છે.'

# થરાદના ચાગડા ગામે મારવાડી ચૌધરી સમાજનું સામાજિક બંધારણ: 'એક સમાજ, એક જાજમ, એક રિવાજ' મુજબ બંધારણ ઘડ્યું

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

રાજેશ્વર ધામ ચાગડા ખાતે યોજાયેલી સમાજની વિશાળ બેઠકમાં ''એક સમાજ - એક જાજમ - એક રિવાજ'' ના સૂત્ર સાથે સમાજનું નવું બંધારણ તૈયાર કરી તેને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.વાવ-થરાદ પંથકના મારવાડી ચૌધરી સમાજ દ્વારા સામાજિક એકતા અને સંસ્કારને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. રાજેશ્વર ધામ ચાગડા ખાતે યોજાયેલી સમાજની વિશાળ બેઠકમાં ''એક સમાજ - એક જાજમ - એક રિવાજ'' ના સૂત્ર સાથે સમાજનું નવું બંધારણ તૈયાર કરી તેને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

બેઠક દરમિયાન લગ્ન પ્રસંગ, મરણ પ્રસંગ, જન્મ પ્રસંગ, બેબી શાવર, ગવાળા પ્રસંગ, વ્યસન, ઓઢામણી, સગપણ સહિતના વિવિધ સામાજિક મુદ્દાઓ પર ચર્ચા કરી સુધારણા કરવામાં આવ્યા. સમાજમાં એકરૂપતા રહે અને




અનાવશ્યક ખર્ચા તથા કુરિવાજો અટકે તે માટે આગેવાનો દ્વારા સહમતી સાધવામાં આવી.

આ પ્રસંગે દયારામજી મહારાજ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમની હાજરીમાં સમાજના આગેવાનો અને પ્રતિનિધિઓએ બંધારણને સ્વીકારી અમલમાં મૂકવાનો નિર્ધાર વ્યક્ત કર્યો.

સમાજના વડીલો મુજબ આ નિર્ણયથી આવનારી પેઢીને સારા સંસ્કાર મળશે અને સમાજ વધુ સંગઠિત બનશે.

# મેટોડા જીઆઇડીસીમા વિર શહિદ ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા યોજાયેલ રક્તદાન કેમ્પમા ૭૦ દાતોઓ એ કર્યું રક્તદાન




આજ રોજ પુલવા મા શહિદ થયેલ વિર જવાનોને પુષ્પાંજલિ રૂપે તેમજ થેલેસેમીયા ગ્રસ્ત બાળકો જરૂરીયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ જેમાં ૭૦ રક્તદાતાઓ એ શહિદોને પુષ્પાંજલિ રૂપે રક્તદાન કરેલ તેમજ વિર શહિદ ભગતસિંહ યુવા ગ્રુપ નું આ સાતમો રક્તદાન કેમ્પ હતો જેમાં સંતો તેમજ આગેવાનો યુવા કર્યો તાલુકાના તેમજ જીલ્લા ના ઉપસ્થિત આમંત્રીત આગેવાનો હસ્તે દિપ પ્રાગટય કરી રક્તદાન કેમ્પ ની શરૂઆત કરવામાં આવેલ તેમજ આગેવાનો દ્વારા આવા સેવા કાર્યો હંમેશા કરતા રહે તેવી આશા સાથે વિર શહિદ ભગતસિંહ યુવા ગ્રુપ રકતદાન કેમ્પ ના આયોજકો ટીમ ના એસપી રામાનંદી તેમજ તેમની ટીમ ને શકિત સ્વરૂપે તલવાર થી તાલુકા ના આગેવાનો પદાધિકારીઓ દ્વારા સન્માનિત કરવામાં આવેલ

## ડભોઈ તાલુકાના ચાંદોદ-નવા માંડવા સ્થિત પરમહિત ધામ આધ્યાત્મિક સંકુલમાં સ્થાપિત શ્રી એકલિંગજી મહાદેવના તૃતીય પાટોત્સવ નિમિત્તે

# પ્રખર વક્તા જય વસાવડા અને મહાનુભાવોના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમાનું લોકાર્પણ કરાયું

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ચાંદોદ-નવા માંડવા સ્થિત પરમહિત ધામ આધ્યાત્મિક સંકુલમાં સ્થાપિત શ્રી એકલિંગજી મહાદેવના તૃતીય પાટોત્સવ નિમિત્તે પ્રખર વક્તા જય વસાવડા અને મહાનુભાવોના વરદ હસ્તે સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમાનું લોકાર્પણ કરાયું;'એકતા ની આધ્યાત્મિકતા' વિશે ના વક્તવ્ય માં જય વસાવડાએ સરદાર સાહેબને ભારતનું તીર્થ કહ્યું..

શાસ્ત્રી નયનભાઈ જોશી દ્વારા વડોદરા જિલ્લાના તીર્થક્ષેત્ર ચાંદોદ-નવા માંડવા ખાતે ઉભા કરાયેલા પરમહિતધામ આધ્યાત્મિક સંકુલમાં સ્થાપિત શ્રી એકલિંગજી



મહાદેવના તૃતીય પાટોત્સવ પ્રસંગે મુખ્ય અતિથિ પદે પ્રખર વક્તા અને લેખક જય વસાવડા ઉપસ્થિત રહ્યા હતા આ અવસરે જય વસાવડા તેમજ મહાનુભાવો ના વરદ હસ્તે સંકુલમાં સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય પ્રતિમા નું અનાવરણ કરાયું હતું

પાટોત્સવ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગત પ્રસ્તુતિ દીપ પ્રાગટ્ય અને મહાનુભાવોના અભિવાદન બાદ સમજદાર સરદાર 'એકતાની આધ્યાત્મિકતા' સંદર્ભમાં પોતાનું વક્તવ્ય રજૂ કરતા જય વસાવડાએ સરદાર સાહેબના સૂક્ષ્મ સ્વભાવ નો પરિચય ઉપસ્થિતિ તો સમક્ષ રજૂ કર્યો હતો તેઓએ ઉમેર્યું હતું કે સરદાર સાહેબે નામ વગરના કામ કર્યા છે, એ ન્યાય ના માણસ હતા, તેઓ દરેક વાતનો બારીકાઈથી અભ્યાસ કરતા એટલે જ સરદારમાં ઝીણી સીતારીનું સંગીત રણકતું હતું. સિવિલ સર્વિસનું માળખું તૈયાર કરવાની વાત હોય કે પછી દેશમાં રાજકીય અસ્થિરતા આવે તો પણ દેશ અટકી નથી જતો એની પાછળનો જશ તેઓએ સરદાર સાહેબને આપ્યો હતો ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉભી કરાયેલી દુનિયાની સૌથી મોટી સરદારની પ્રતિમા એ અહમની ઊંચાઈ નથી પણ એ જ્ઞાનની ઊંચાઈ દર્શાવે છે જેના થકી દેશ અને દુનિયાને સરદાર સાહેબના પ્રતિભાવાન વ્યક્તિત્વ ને જાણવા સમજવાની જીજીવીસા મળી છે નું ઉમેર્યું હતું .

### રોડ પર મૃતદેહ જોઈ લોકોની કંપારી છૂટી ગઈ; પરિવારે એકનો એક પુત્ર ગુમાવ્યો

# વડોદરામાં 19 વર્ષીય યુવતીએ થારથી યુવકને ઉડાવ્યો, :એક્ટિવા દૂર સુધી ઢસડાયું

## યુવતીઓ લગ્નપ્રસંગમાંથી પાછી જઈ રહી હતી એ સમયે અકસ્માત થયો, પોલીસે અટકાયત કર : પોલીસે સ્થળે પહોંચી મૃતદેહ કબજે કર્યો

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરામાં રફતારનો કહેર યથાવત્ જોવા મળી રહ્યો છે. ગત મોડીરાત્રે શહેરના પશ્ચિમ વિસ્તારમાં એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં લગ્ન પ્રસંગમાંથી બેફામ ગતિએ થાર કાર લઈને જતી 19 વર્ષીય યુવતીએ એક્ટિવાચાલક યુવકને અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. રોડ પર પડેલા યુવકને મૃતદેહનો જોઈ લોકોની કંપારી છૂટી ગઈ હતી. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેમાં એક્ટિવા દૂર સુધી ઢસડાતું અને લોકો દોડીને ઘટનાસ્થળે જતાં દેખાઈ રહ્યાં છે.

એક્ટિલાને ઉડાવ્યાં બાદ થારચાલક યુવતીએ આજ સ્થળ પર બે દિવસ અગાઉ મહારાષ્ટ્રથી આવેલ પરિવારનો શેરડીનો રસ કાઢવાનું મશીનને ટક્કર મારી તોડી નાખ્યું છે. રાતના 1 વાગ્યે બનેલી ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. તો બીજી તરફ યુવકના પિતાની ફરિયાદના આધારે પોલીસે યુવતીની અટકાયત કરી છે. નોંધનિય છે કે, થાર કારમાં ત્રણ યુવતી સવાર હતી.

આ અંગે યુવકના પિતરાઈ ભાઈ સંદીપભાઈ મોરેએ જણાવ્યું હતું કે, મારા કાકાનો દીકરો અભિષેક નોકરી પરથી પાર્સલ આપવા માટે જતો હતો, તે દરમિયાન સામેથી ફોર-વ્હીલર થાર કારે અકસ્માત કર્યો હતો. અભિષેકનું સ્થળે જ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, અકસ્માતની આ ઘટના અક્ષર ચોકથી સન ફાર્મા રોડ તરફ જવાના માર્ગ પર સર્જાઈ હતી. 13 ફેબ્રુઆરીની મોડીરાત્રે 27 વર્ષીય અભિષેક મોરે નામનો યુવક પોતાનું એક્ટિવા લઈને જઈ રહ્યો હતો, ત્યારે ઋષિકાબેન સરનાની નામની યુવતી અન્ય બે યુવતી સાથે પોતાની થાર ગાડી લઈને લગ્નપ્રસંગમાંથી પૂરપાટ ઝડપે આવી રહી હતી. યુવતીએ ગાડી પરનો કાબૂ ગુમાવતાં અભિષેકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભારે હતી કે અભિષેક મોરેનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું. અકસ્માત થતાં જ આસપાસના લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.

ઘટનાની જાણ થતાં જ અટલાદરા પોલીસકાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતક અભિષેકના મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખસેડ્યો છે. આ મામલે મૃતકના પિતા વાસુદેવ રામજીભાઈ મોરેએ અટલાદરા પોલીસ સ્ટેશનમાં થારચાલક યુવતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતાં આરોપી યુવતી ઋષિકાબેન સરનાનીની અટકાયત કરી છે અને અકસ્માત સમયે યુવતી નશામાં હતી કે કેમ? એ દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

મૃતક યુવક ફૂડ ડિલિવરીનું કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે. જુવાનજોધ દીકરાના અચાનક મોતના સમાચાર મળતાં જ મોરે પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મોડીરાતે પરિવારજનો સહિતાએ પોલીસ સ્ટેશન પહોંચી ભારે હોબાળો પણ કર્યો હતો. વડોદરામાં રાત્રિના સમયે વધતા જતા નબીરાઓના જોખમી ડ્રાઈવિંગ સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.13 ફેબ્રુઆરીઃ ગાંધીનગરમાં બેફામ કારચલકે અન્ય કારની પાછળથી ટક્કર મારી, કારચાલકને યુવતીએ ફડાકો ઝીંક્યોગઈકાલે ગાંધીનગરના સિટી પલ્સ રોડ પર એક બેફામ ગતિએ આવતી ટાટા નેક્સન કારે રોડની સાઈડમાં ઊભેલી આઈ-20 કારને પાછળથી જોરદાર ટક્કર મારતાં કાર દૂર ફંગોળાઈ ગઈ હતી. ઘટનાને પગલે ભોગ બનનારી યુવતીએ કારચાલકને સણસણતો તમાચો ચોડી દઈ ઊધડો લઈ નાખ્યો હતો.

### • સંક્ષીપ્ત સમાચાર

#### વડિયાના લુણીધારમાં પરિણીતાને સાસરીયાએ દુઃખ ત્રાસ આપ્યો

**• અમરેલી**

વડીયાના લુણીધારમાં પરણિતાને સાસરીયાએ શારિરીક અને માનસીક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ ફોનમાં ધીમે બોલવા મુદ્દે બોલાચાલી કરી ઝગડો કર્યો હતો. દયાબેન ચાવડા એ સાસુ કંચનબેન ચાવડા, સસરા ભરત ચાવડા, દીયર જયસુખ ચાવડા, દેરાણી ચેતનાબેન ચાવડા, કાકાજી સસરા અરવિંદ ચાવડા અને દીયર કમલેશ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે કંચનબેને દયાબેનને ફોનમાં શુ વાત કરે છે અને ધીમે બોલ અહીં બધા રહે છે. ત્યારે દયાબેને તેને તમારા દીકરા સાથે ફોનમાં વાત કરૂ છુ તેમ કહેતા કંચનબેન ચાવડા અને ભરત ચાવડાએ તેમની સાથે ઝગડો કર્યો હતો. ત્યારબાદ છએય શખ્સોએ ઝગડો કર્યો હતો. જે બાદ દયાબેને તેમના ભાઈ અમરેલીના દીનેશભાઈ જેઠાભાઈ મેરીયાને ફોન કરી બોલાવતા અરવિંદ ચાવતા અને કમલેશ ચાવડાએ તેને મારી નાખવાની ધમકી આપી હતી. સાસરીયાએ પરણિતાને શારિરીક અને માનસીક દુઃખ ત્રાસ આપતા વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા એએસઆઈ બી.પી.ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### વલસાડ જિલ્લામાં આગામી 17 ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે

# વલસાડમાં 11,273 મતદારો ગેરલાયક ઠર્યા:17 ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થશે

## સુનાવણી દરમિયાન, 11,273 મતદારો કોઈપણ પ્રકારના આધાર-પુરાવા રજૂ કરી શક્યા નહોતા અથવા હાજર રહ્યા નહોતા

**• વલસાડ**

ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી વિશેષ મતદાર યાદી સુધારણા પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી છે. વલસાડ જિલ્લામાં આગામી 17 ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પ્રક્રિયા દરમિયાન, પુરાવાના અભાવે અથવા સુનાવણીમાં હાજર ન રહેવાને કારણે કુલ 11,273 મતદારોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હિમાંશુ સોલંકીએ માહિતી આપતા જણાવ્યું કે, જિલ્લામાં મતદાર યાદીમાં જોવા મળતી લોજિકલ વિસંગતતા (Logical Discrepancy) અને નો-મેપિંગ જેવા કિસ્સાઓમાં વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી. આવા કુલ 2,85,966 મતદારોને નોટિસ પાઠવવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન, 11,273 મતદારો કોઈપણ પ્રકારના આધાર-પુરાવા રજૂ કરી શક્યા નહોતા અથવા હાજર રહ્યા નહોતા. પરિણામે, તેમના નામ હાલની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાં મતદારોના આંકડામાં ઘટાડો નોંધાયો છે. ધરમપુરમાં 15,960, વલસાડમાં 40,010, પારડીમાં 75,950, કપરાડામાં 27,174 અને ઉમરગામમાં 78,576 મતદારોના નામોમાં ફેરફાર અથવા કમી નોંધાઈ છે. કુલ મળીને 2,37,670 મતદારોના નામોમાં ફેરફાર/કમી થઈ છે.આંકડાકીય સ્થિતિ પર નજર કરીએ તો, ડ્રાફ્ટ પૂર્વેની યાદીમાં કુલ 13,85,507 મતદારો હતા, જે ડ્રાફ્ટ મતદાર યાદી પછી 11,59,110 થયા. ગેરલાયક ઠરેલા 11,273 મતદારો બાદ હાલના પાત્ર મતદારોની સંખ્યા 11,47,837 છે. આ આંકડાઓ દર્શાવે છે કે જિલ્લામાં મતદાર યાદી વધુ ચોક્કસ અને પારદર્શક બનાવવા માટે વિશાળ અભિયાન હાથ ધરાયું હતું.

ચૂંટણી તંત્રએ તમામ નાગરિકોને અપીલ કરી છે કે 17 ફેબ્રુઆરીએ પ્રસિદ્ધ થનારી આખરી યાદીમાં પોતાનું નામ જરૂર ચકાસી લેવું. જો કોઈ મતદારનું નામ ભૂલથી કે અન્ય ક્ષતિને કારણે કમી થઈ ગયું હોય, તો તેઓ પોતાના વિસ્તારના BLO (બૂથ લેવલ ઓફિસર), મામલતદાર કચેરી અથવા મતદાર નોંધણી અધિકારીનો સંપર્ક કરી શકે છે. ફોર્મ નંબર 6 ભરી જરૂરી દસ્તાવેજો સાથે ફરીથી નોંધણી માટે અરજી પણ કરી શકાય છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે, ₹17મી ફેબ્રુઆરીએ આખરી યાદી પ્રસિદ્ધ થશે. તમામ મતદારોને વિનંતી છે કે તેઓ પોતાનું નામ યાદીમાં ચકાસી લે અને જો કોઈ ભૂલ હોય તો ત્વરિત સંપર્ક કરે.₹ ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને શુદ્ધતા જળવાઈ રહે તે માટે આ સુધારણા અભિયાન મહત્વપૂર્ણ ગણાઈ રહ્યું છે.



### રાજ્યમાં 165 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન:સાબરકાંઠામાંથી 11 નાયબ મામલતદારોની બદલી, 3 નવા આવ્યા

**• સાબરકાંઠા (હિંમતનગર)**

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા 37 મામલતદારોની બદલી કરવામાં આવી છે, જ્યારે 165 નાયબ મામલતદારોને પ્રમોશન આપી મામલતદાર તરીકે નિમણૂક અપાઈ છે. આ પ્રમોશન અને બદલીઓમાં સાબરકાંઠા જિલ્લામાંથી 11 નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી સાથે બદલી કરવામાં આવી છે.સાબરકાંઠા જિલ્લામાંથી પ્રમોશન મેળવી અન્ય જિલ્લાઓમાં બદલી પામેલા 11 નાયબ મામલતદારોના નામ અને તેમની નવી નિમણૂક નીચે મુજબ છે: હરેશકુમાર બી. પટેલ (હડાદ, બનાસકાંઠા), મીનલબેન વી. પટેલ (કલેક્ટર ઓફિસ, અરવલ્લી), યોગેશકુમાર એમ. પટેલ (રાહ, વાવ-થરાદ), તકદીરકુમાર યુ. સોલંકી (કલેક્ટર ઓફિસ, અરવલ્લી), સંકેતકુમાર એ. શાહ (વડગામ, બનાસકાંઠા), પ્રિયંકકુમાર બી. પટેલ (મહેસૂલ નિરીક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર), જૈમીનીબહેન કે. ગોસ્વામી (ચિટનીસ-કમિશનરશ્રી મધ્યાહન ભોજન, ગાંધીનગર), ધવલકુમાર કે. પરમાર (મામલતદાર-PSO-iORA, મહેસૂલ નિરીક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર), ભાવિકા કે. મોદી (આસિસ્ટન્ટ મેનેજર, ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ., ગાંધીનગર), હર્ષદકુમાર વી. ચાવડા (ચિટનીસ, અધિક કલેક્ટર સિંચાઈ (ઉત્તર-મધ્ય ગુજરાત), ગાંધીનગર) અને ભાવેશકુમાર ડી. પટેલ (સાઠંબા, અરવલ્લી).આ ઉપરાંત, અન્ય જિલ્લાઓમાંથી પ્રમોશન મેળવી સાબરકાંઠા જિલ્લામાં બદલી પામેલા ત્રણ નાયબ મામલતદારો મામલતદાર બન્યા છે. જેમાં સંગીતાબેન એમ. દેસાઈ (અમરેલીથી વિજયનગર), હિતેન્દ્રકુમાર એમ. ચૌધરી (મહેસાણાથી આસિસ્ટન્ટ પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર-TASP-ખેડબ્રહ્મા), અને કિરણસિંહ એ. વિહોલ (મહેસાણાથી પોશીના)નો સમાવેશ થાય છે.

### બાળકોનું LC લેવા ગયેલી માતાને આચાર્યએ હોટલમાં બોલાવી

# નડિયાદની મહિલા પરિવાર સાથે અમદાવાદની હોટલમાં પહોંચી, LC બુક સાથે લંપટ મળતાં પરિવારનો હોબાળો

**• અમદાવાદ**

શિક્ષણજગતને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે, જેમાં નડિયાદમાં પોતાનાં બે બાળકોનાં LC લેવા પહોંચેલી માતાને લંપટ આચાર્યએ LC લેવા માટે અમદાવાદની હાથીજણની એક હોટલમાં બોલાવી. હેબતાઈ ગયેલી મહિલા હોટલમાં તો પહોંચી, પરંતુ સાથે પરિવાર પણ પહોંચ્યો. ત્યાં લંપટ આચાર્ય પહેલાંથી જ હોટલના રૂમમાં હાજર હતો. બસ પછી શું?, મહિલા અને પરિવારે હોટલમાં ભારે હોબાળો મચાવ્યો. હાલ તો સમગ્ર મામલે વટવા GIDC પોલીસે ગુનો નોંધી શરૂ કરી છે. મહિલા આચાર્યના કહ્યા મુજબ અમદાવાદના હાથીજણ સર્કલ પાસે આવેલી રોયલ ઈન હોટલમાં પહોંચી હતી. હોટલના રૂમ નંબર 304માં આચાર્ય પહેલાંથી જ હાજર હતો. મહિલા જ્યારે હોટલના રૂમમાં પહોંચી તેની ગણતરીની મિનિટોમાં જ મહિલાના પરિવારના સભ્યો પણ હોટલના રૂમમાં પહોંચ્યા હતા. આ તમામ લોકોએ હોટલમાં હોબાળો કર્યો હતો. આચાર્ય પાસેથી હોટલ રૂમમાંથી જ LC બુક પણ મળી હતી.નડિયાદ વિસ્તારમાં આવેલી એક સ્કૂલમાં 37 વર્ષનાં મહિલાનાં બે બાળકો અભ્યાસ કરતાં હતાં. મહિલાએ



બાળકોની સ્કૂલ બદલવી હોવાથી બંને બાળકોનાં LC માટેની અરજી કરી હતી. આ અરજી કર્યા બાદ જ્યારે સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય કિરીટસિંહ ઝાલાને મળ્યા ત્યારે લંપટ આચાર્યએ મહિલાને કહ્યું હતું કે બાળકોનાં LC લેવા હોટલમાં આવવું પડશે.

પરિવારે હોબાળો કરીને વીડિયો ઉતારતાં આચાર્ય વીડિયોમાં પોતાનું મોઢું ઢાંકતા નજરે પડ્યો હતો. આ સમગ્ર મામલે મહિલાએ વટવા GIDC પોલીસ સ્ટેશનમાં આચાર્ય કિરીટસિંહ ઝાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે હાલ આચાર્યને નોટિસ ફટકારીને પોલીસ સ્ટેશનમાં હાજર થવા માટે આદેશ કર્યો છે.

પીડિત મહિલાએ જણાવ્યું કે મારા બાળકોને સ્કૂલમાંથી બીજી સ્કૂલમાં મૂકવા હતા એટલે મેં LC માગ્યું હતું. પ્રિન્સિપાલે મને કહ્યું કે મળી જશે, જે બાદમાં વોટ્સએપમાં ખોટા મેસેજ કર્યા હતા.

નડિયાદ વિસ્તારમાં આવેલી એક સ્કૂલમાં 37 વર્ષનાં મહિલાનાં બે બાળકો અભ્યાસ કરતાં હતાં. મહિલાએ બાળકોની સ્કૂલ બદલવી હોવાથી બંને બાળકોનાં LC માટેની અરજી કરી હતી. આ અરજી કર્યા બાદ જ્યારે સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય કિરીટસિંહ ઝાલાને મળ્યા ત્યારે લંપટ આચાર્યએ મહિલાને કહ્યું હતું કે બાળકોનાં LC લેવા હોટલમાં આવવું પડશે.

### મોલની 280 જેટલી ઓફિસોમાં ગભરાટ ફેલાયો, આગને પગલે દોડધામ:ઇન્ડિયા બુલ્સની કમ્પ્યૂટર લેબમાં આગ

**• વડોદરા**

જેતલપુર રોડના ઈન્ડિયા બુલ્સ કોમ્પ્લેક્સમાં શુક્રવારે સવારે આગ ભભૂકી હતી. આગ લાગતાં જ મોલની 280 જેટલી ઓફિસોમાં ગભરાટ ફેલાયો હતો. ઓફિસોમાં કામ કરતા લોકોમાં દોડધામ થઈ હતી. ફાયરબ્રિગેડે આવીને આગ બુઝાવી હતી. કોમ્પ્લેક્સના બીજા માળે બ્લ્યુ બોક્સ ઈન્ડિયાની ઓફિસ છે. ઓફિસની કમ્પ્યૂટર લેબમાં સવારે સવા નવ વાગ્યાના સુમારે આગ ભભૂકી હતી. ઘટનાની જાણ કરતાં દાંડિયાબજાર ફાયરબ્રિગેડની ટીમ આવી હતી. ઓફિસના બારી-બારણા જડબેસલાક બંધ હતા. જેથી ઓફિસની અંદર ગરમી અને ધુમાડો એકત્ર થયા હતા. લાશ્કરોએ ઓફિસ ખોલી તો ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા હતા. જેથી એક્ઝોસ્ટથી પહેલા ધૂમાડો કાઢ્યો હતો. ત્યારબાદ જોતાં ઓફિસની અંદરની કમ્પ્યૂટર લેબમાં આગ લાગી હતી. આગમાં ચારેક કમ્પ્યૂટર અને બે એસી અને અન્ય પરચુરણ સામાન ખાક થયો હતો. ફાયરબ્રિગેડને આગ બુઝાવતાં 30 મિનિટ જેટલો સમય થયો હતો. મોલની આખી ફાયર સિસ્ટમ જ બંધ હાલતમાં પડી હતી, હાઈડ્રન્ટમાં પણ પાણી ન હોવાનો ઘટસ્ફોટ ફાયરબ્રિગેડના સૂત્રોના જણાવ્યા મુજબ લાશ્કરો ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે મોલની ફાયરસિસ્ટમ બંધ હતી. એટલું જ નહીં હાઈડ્રન્ટમાં પણ પાણી ન હતું. આ બાબતની ફાયરબ્રિગેડે ગંભીર નોંધ લીધી હતી. કોમ્પ્લેક્સના પ્રમુખ યજ્ઞેશ દેસાઈએ જણાવ્યું કે, કોમ્પ્લેક્સના 60 ટકા ધારકો નિયત ચાર્જ ભરતા નથી. જેથી તેના મેન્ટેનન્સમાં મુશ્કેલી પડી રહી છે. મહારાષ્ટ્રની સરખામણીમાં ગુજરાતમાં નિયમો હળવા હોવાથી કોમ્પ્લેક્સના કેટલાક લોકો મનમાની વધુ કરે છે.

### 'કોઈ એવી દવા આપો કે મારા મિત્રને પ્રપોઝ કરી શકું'

# પિંપલ્સે તો યુવતીને પરેશાન જ કરી દીધી, વાંચો વેલેન્ટાઇન વીકમાં બનેલા સોશિયલ ફોબિયાના રોચક કિસ્સાઓ

**• વડોદરા**

આગામી વેલેન્ટાઈન ડેને લઈને યુવાનોમાં ભરપૂર ઉત્સાહ છે, હાલમાં એક પછી એક ડે ચાલી રહ્યા છે ત્યારે યુવાધન આ દિવસોને ઉત્સવની જેમ ઊજવી રહ્યું છે અને પોતાના મનગમતા પાત્રને પોતાની લાગણીઓ જણાવીને તેને જીવનસાથી બનાવવા માટે એડી ચોટીનું જોર લગાવે છે. જોકે આ દિવસો અજાણતા જ યુવાનોને એક એવી માનસિક બીમારીનો શિકાર બનાવી દે છે કે જેનાથી અમુક દર્દીઓ તો અજાણ હોય છે. જો આ બીમારીનાં લક્ષણોને ઓળખીને તેનો તાત્કાલિક ઈલાજ ન કરવામાં આવે તો તે તમારો વેલેન્ટાઈન ડે બગાડી શકે છે. વડોદરાની SSG હોસ્પિટલમાં આવેલી મેડિકલ કોલેજના માનસિક રોગ વિભાગના એસો.પ્રોફેસર તરીકે ડૉ. ચિરાગ બારોટે દિવ્ય ભાસ્કર સાથે વાતચીત કરી વેલેન્ટાઈન વીકમાં યુવાઓમાં જોવા મળતી એક માનસિક બીમારી વિશે જણાવ્યું. આ બીમારીનું નામ છે સોશિયલ ફોબિયા.

ડૉક્ટરે આ બીમારીની ગંભીરતા સમજાવતાં કહ્યું હતું કે જે કોઈ યુવક-યુવતી આ બીમારીથી પીડિત હોય તે પોતાની વાત અન્ય કોઈ વ્યક્તિની સામે કહી શકતો નથી. એકાએક તેને બેચેની અને તણાવનો અનુભવ થવા લાગે છે, જેના કારણે તેને પરસેવો વળી જાય છે. પોતાની વાત કહેવા માટે તે અંદર ન અંદર ઘૂંટાયા રાખે છે અને પરિણામે



તણાવમાં અણધાર્યું પગલું લેવા માટે પણ પ્રેરાય છે. આ બીમારીને વધુ સારી રીતે સમજાવવા માટે તેઓ પોતાની હોસ્પિટલમાં આવેલા એક દર્દીનો કિસ્સો શેર કરતાં જણાવે છે કે અમારા વિભાગમાં હાલ થોડા દિવસો પહેલાં એક યુવક દર્દી આવ્યો. તેણે આવીને મને કહ્યું કે મને સોશિયલ એન્ઝાઈટી રહે છે, એટલે કે બે-ત્રણ વ્યક્તિ સાથે બેઠેલી હોય ત્યારે કંઈપણ વાત કરવી તેના માટે મુશ્કેલ બની જાય છે. મારી જીભ સિવાય જાય છે, હું જે કહેવા માગું છુ એ કહી નથી શકતો. કોઈ એવું ડ્રગ આપો ને કે હું નીડરતાથી મારી વાત શેર કરી શકું. મારી જાતને એક્સપ્રેસ કરી શકું. મારા મનમાં જે છે એ હું કહી શકું. સામેની વ્યક્તિને સમજી શકું. ડૉક્ટરે કહ્યું- તેની વાતો થોડીવાર સાંભળ્યા બાદ એવું અનુમાન નીકળ્યું કે તે તેની કોઈ મિત્રને આ વેલેન્ટાઈન ડે પર પ્રપોઝ કરવા માગે છે, પણ તે વાત કરવા માટે ખૂબ જ ગભરાય છે. સોશિયલ એન્ઝાઈટીને કારણે તે પોતાની ફીલિંગ્સ શેર ન કરી શકે, આ બીમારી તેની લાગણીઓને વ્યક્ત કરવામાં નડતરરૂપ બની શકે છે. આ કારણોસર તે પોતાની આ બીમારી સામે લડવા માટે અને તેને દૂર કરવા માટે તે મારી મદદ માટે હોસ્પિટલ આવ્યો હતો.આગામી દિવસોમાં વેલેન્ટાઈન આવે છે ત્યારે આવા સમયે યુવાઓમાં સોશિયલ એન્ઝાઈટીનું હાવી થવું સામાન્ય છે. આ એક કોમન બીમારી છે, એને આપણે સોશિયલ ફોબિયા પણ કહીએ છીએ. આવા કિસ્સામાં યુવકો અહીં આવે એ પહેલાં ક્યારેક અંદર-અંદર આ બાબતનું નિરાકરણ સાહજિકતાથી લાવી દેતા હોય છે. આવા ઘણા દર્દીઓ અમારી પાસે આવતા હોય છે, જેમાં રોજિંદા જીવનમાં લોકો સાથે કામ કરવાનું હોય, લેક્ચર આપવાનું હોય, પ્રેઝન્ટેશન અને ખાસ કરીને અઠવાડિયાના પાંચ-છ દર્દી એવરેજ માટે ત્યાં આવતા હોય છે. પોતાની વાતને આગળ વધારતાં ડૉક્ટરે કહ્યું હતું કે જ્યારે પણ આવો કોઈ એકલો યુવક કે યુવતી આવે ત્યારે અમારી પ્રાથમિકતા એ જ હોય છે કે તું તારા પેરેન્ટ્સને બોલાવીને આવ, કારણ કે માતા-પિતાને પણ ખબર હોવી જોઈએ કે મારા દીકરા કે દીકરીને આ પ્રકારની સમસ્યા છે. તો એ લોકો પણ ઘરે એ સમસ્યા પર કામ કરી શકે એટલે સૌથી પ્રથમ અમે એ જ કહેતા હોઈએ છીએ કે તું તારા ઘરમાં જેની જોડે રહેતો હોય તેમને લઈને આવ, જેથી અમને વધારે ખબર પડે અને અમે પણ તેમને જણાવી શકીએ કે તમારા દીકરા કે દીકરીને આ પ્રકારની તકલીફ છે, તો એ આગળ જતાં ખૂબ જ મદદરૂપ થઈ શકે છે. આ સાથે જ અન્ય એક કિસ્સો શેર કરતાં ડૉ. ચિરાગે જણાવ્યું હતું કે લગભગ 10 દિવસ પહેલાં એક યુવતી તેમની પાસે આવી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### સાંસદ પૂનમબેન માડમે યોગ્ય ઉકેલની ખાતરી આપી

# જામનગરના હનુમાન ટેકરીમાં રેલવેની નોટિસ બાદ સ્થાનિકોની સાંસદને રજૂઆત

**સાંસદ પૂનમબેન માડમ, જેઓ લોકસભા સત્ર પૂર્ણ કરીને દિલ્હીથી હવાઈ માર્ગે જામનગર પહોંચ્યા હતા, તેમણે મોડી રાત્રે પોતાના કાર્યાલય પર સ્થાનિકોને સાંભળ્યા હતા**

• જામનગર

જામનગરના દિગ્જામ સર્કલ નજીક આવેલા હનુમાન ટેકરી અને આસપાસના વિસ્તારના અનેક રહેવાસીઓને રેલવે તંત્ર દ્વારા સાત દિવસમાં જગ્યા ખાલી કરવાની નોટિસ અપાઈ છે. આ નોટિસ બાદ સ્થાનિકોમાં ડિમોલેશનનો ભય વ્યાપી ગયો હતો. ગઈકાલે દિવસભર અનેક લોકો મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરવા પહોંચ્યા હતા.સાંસદે આ પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને મોડી રાત્રે જ તમામ સ્થાનિકો સાથે બેઠકોનો દોર યોજી યોગ્ય નિરાકરણ લાવવા માટે ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે, રેલવે તંત્ર દ્વારા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ સમગ્ર ગુજરાતમાં કાર્યવાહી થઈ રહી છે, ત્યારે તેઓ રેલવે અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજી આ મામલે ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે.

સાંસદ પૂનમબેન માડમ, જેઓ લોકસભા સત્ર પૂર્ણ કરીને દિલ્હીથી હવાઈ માર્ગે જામનગર પહોંચ્યા હતા, તેમણે મોડી રાત્રે પોતાના કાર્યાલય પર સ્થાનિકોને સાંભળ્યા હતા. સાંસદે તમામ પ્રશ્નકર્તાઓને યોગ્ય ઉકેલ લાવવા માટે હૈયાધારણા આપી હતી.

સાંસદ પૂનમબેન માડમના કાર્યાલયમાં યોજાયેલી આ બેઠકમાં જામનગર શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી પણ જોડાયા હતા. બીનાબેન કોઠારીએ જામનગર શહેરમાં ગઈકાલે દિવસભર બનેલી ઘટનાઓ અને સમગ્ર ઘટનાક્રમ અંગે સાંસદને માહિતી આપી હતી.

સાંસદે આ પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને મોડી રાત્રે જ તમામ સ્થાનિકો સાથે બેઠકોનો દોર યોજી યોગ્ય નિરાકરણ લાવવા માટે ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે, રેલવે તંત્ર દ્વારા સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ સમગ્ર ગુજરાતમાં કાર્યવાહી થઈ રહી છે, ત્યારે તેઓ રેલવે અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજી આ મામલે ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે.

સાંસદે વધુમાં જણાવ્યું કે, સ્થાનિક નાગરિકોને વૈકલ્પિક વ્યવસ્થા અને પુનર્વસન માટે પૂરતો સમય મળી રહે તે દિશામાં કાર્યવાહી થાય તે માટે તેઓ પ્રયત્નશીલ રહેશે. આગામી સોમવારે રેલવે વિભાગના ડીઆરએમ, જામનગરના જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર સાથે સંયુક્ત બેઠક યોજી વોર્ડ નંબર ૬ના રહેવાસીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવા ચર્ચા કરાશે.

આ બેઠકમાં રેલવે વિભાગની જમીનમાં વસવાટ કરતા તમામને પુનર્વસન અને વૈકલ્પિક વ્યવસ્થા માટે પૂરતો સમય મળે તે દિશામાં કાર્યવાહી કરવા પર ભાર મૂકવામાં આવશે. સાંસદે એ પણ ઉલ્લેખ કર્યો કે, રેલવે તંત્ર દ્વારા જે લોકોને નોટિસ પાઠવાઈ છે, તેમાં કેટલાક મહાનગરપાલિકાની જગ્યામાં વસવાટ કરે છે, જ્યારે કેટલાક નાગરિકોને ભૂતકાળમાં સનદ પણ મળી ચૂકી છે. જેથી રેલવે વિભાગ દ્વારા જે નોટિશ અપાઈ છે, તેમાં ફરીથી આ વિસ્તારનો સર્વે કરી તેમજ તમામ નાગરિકો માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટેનો પૂરતો સમય મળી રહે, તે દિશામાં જ સમગ્ર કાર્યવાહી કરવા માટેના પોતાના સંપૂર્ણ પ્રયાસો રહેશે, તેવી આ તકે ખાતરી આપી હતી. જેથી સર્વે સ્થાનિક રહેવાસીઓમાં રાહત પહોંચી છે.

**• સંક્ષીપ્ત સમાચાર**

### ' ન્યુ એજ્યુકેશન પોલિસી 2020 અને શિક્ષક ' વિષય અંતર્ગત સેમિનાર:500થી વધુ ગ્રાન્ટેડ

• અમદાવાદ

અમદાવાદ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક સંઘ અને અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તેમજ એચ બી કે સ્કૂલ, મેમનગર ના સંયુક્ત ઉપક્રમે 'ન્યુ એજ્યુકેશન પોલિસી 2020 અને શિક્ષક ' વિષય અંતર્ગત શૈક્ષણિક સેમિનાર એચ બી કે સ્કૂલ, મેમનગર અમદાવાદ ખાતે યોજાયો હતો..આ પ્રસંગે સમારંભ ના ઉદઘાટક તરીકે નરહરિ અમીન (સંસદસભ્ય, રાજ્યસભા) અને અધ્યક્ષ તરીકે ભુપેન્દ્રસિંહ ચુડાસમા (પૂર્વ શિક્ષણ મંત્રી, ગુજરાત) ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ પદે મનુભાઈ રાવલ (સ્થાપક પ્રમુખ, ગુ.રા.ઉ.મા.શિક્ષક સંઘ મહામંડળ ), પંકજભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ, ગુ.રા.ઉ.મા. શિક્ષક સંઘ મહામંડળ ), વિમલકુમાર પી મકવાણા (પ્રમુખ, ગુ.રા.ઉ.મા.શિક્ષક સંઘ મહામંડળ ), મુક્તકભાઈ કાપડિયા (મેનેજીંગ ટ્રસ્ટી, એચ બી કે સ્કૂલ, મેમનગર ), પરેશભાઈ પટેલ (મહામંત્રી ગુ.રા.ઉ.મા.શિક્ષક સંઘ મહામંડળ), અજિતકુમાર બી પટેલ (બોર્ડ મેમ્બર , ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ) તેમજ ડો ભગવાનભાઈ પ્રજાપતિ (DEO અમદાવાદ જિલ્લા ) ઉપસ્થિત રહ્યા હતા.

### ગટરમાં બેભાન થઈને બેનાં મોત, હિમાલયા પાર્ટી પ્લોટ પાસેની ઘટના

# ગટર લાઈનનું કામ કરતા સમયે લાઈનમેનને બચાવવા પ્રોજેક્ટ મેનેજર પણ ગટર ચેમ્બરમાં ઊતર્યા હતાં

**શહેરની નજીક આવેલા અણખોલ ગામની સીમમાં વુડાની ગટર લાઈનનું કામ કરતા લાઈનમેન અને પ્રોજેક્ટ મેનેજરનું મોત થયું હતું**

• વડોદરા

નજીક આવેલા અણખોલ સીમમાં ગટર લાઈન ચોકઅપ થઈ જતા પ્રોજેક્ટ મેનેજર અને તેનો લાઈનમેન ગટર લાઈનની તપાસ કરી રહ્યા હતા. કામકાજ દરમિયાન ચેમ્બરમાં લાઈનમેન બેભાન થઈ જતાં પ્રોજેક્ટ મેનેજર તેને બચાવવા માટે ચેમ્બરમાં ઉતર્યો હતો. જોકે બંને બેભાન થઈ જતાં કર્મચારીને ખાનગી અને કોન્ટ્રાક્ટરને સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

શહેરની નજીક આવેલા અણખોલ ગામની સીમમાં વુડાની ગટર લાઈનનું કામ કરતા લાઈનમેન અને પ્રોજેક્ટ મેનેજરનું મોત થયું હતું. અમદાવાદના નિકોલમાં રહેતા 45 વર્ષીય વિપુલભાઈ માંગરોલીયા પ્રોજેક્ટ મેનેજર તરીકે કામ કરે છે. શુક્રવારે વિપુલભાઈ તેમના અન્ય કર્મચારીઓ સાથે અણખોલ ગામની સીમમાં ખાતે ગટર લાઈનનું કામ કરવા માટે આવ્યા હતા. ગટર લાઈન ચોકઅપ થઈ ગઈ હોવાથી વિપુલભાઈ માંગરોલીયા અને અક્ષય ભાભોર લાઈન તપાસતા-તપાસતા હાઈવે નજીક આવેલા આણખોલ પાસેના હિમાલયા પાર્ટી પ્લોટ નજીકમાં આવેલી ગટરના ચેમ્બર પાસે પહોંચ્યા હતા. સફાઈ માટે પહેલા અક્ષય ભાભોર ગટરની ચેમ્બરમાં ઉતર્યો હતો. જે થોડા સમયમાં ગટરની ચેમ્બરમાંજ બેભાન થઈ જતાં તેને બચાવવા માટે વિપુલભાઈ પણ ચેમ્બરમાં ઉતર્યા હતા. જે બાદ બંને બેભાન થઈ જતા તેઓને હૉસ્પિટલમાં લઈ જવામાં આવતા તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ચાર વર્ષ પહેલા વુડાએ રૂ. 15.40 કરોડના ખર્ચે અણખોલ ગામથી ખટંબા થઈ કપુરાઈ સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ સુધીના 18 કિમીના ડ્રેનેજ નેટવર્ક નાખવાનું કામ કોન્ટ્રાક્ટર



જેન્તી સુપર કન્સ્ટ્રક્શન સોંપાયું હતું. વુડાના આધારભૂત સૂત્રો મુજબ ગુરુવારે પુશિંગની કામગીરી પૂર્ણ થઈ છે. કોન્ટ્રાક્ટરના બે કર્મચારીઓએ હિમાલયા પાર્ટી પ્લોટની બહાર વાહન પાર્કિગની જગ્યામાં આવેલી ડ્રેનેજની ચેમ્બરમાં ચેકિંગ દરમિયાન પડી ગયા હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે, વુડાએ આ કામ 4 વર્ષ પહેલાં કોન્ટ્રાક્ટરને સોપ્યું હતું, કોન્ટ્રાક્ટરે ગોકળગતિએ કામ કરતા માત્ર 90 ટકા જ પૂર્ણ થઈ છે.

સયાજી હૉસ્પિટલમાંથી મળતી માહિતી અનુંસાર વિપુલભાઈનું વજન 90 કિલોથી વધારે હોવાથી તેઓને ચેમ્બરમાંથી બહાર કાઢતા ઘણો 1 થી 2 કલાક લાગ્યા હતા. જે બાદ તેઓને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે તેમને મૃત જાહેર કરાયા હતા.

વિપુલભાઈ સાથે કામ કરતા અન્ય લાઈનમેન બીજી જગ્યાએ કામ કરતા હતા. બપોરે 1 વાગ્યાની આસપાસ જમવાનો સમય થતાં કર્મીઓ વિપુલભાઈ, અક્ષયને શોધવા નિકળ્યા હતા. પાર્ટી પ્લોટના પાર્કિંગમાં ગટર લાઈનની ચેમ્બરમાં બંને બેભાન હાલતમાં મળ્યા હતા.

### જૈન સ્મશાન ભૂમિમાં 95 બાળકોને શૈક્ષણિક કિટ અપાઈ:ધર્મેશ પટવાના જન્મદિવસે સ્વ. માતાની સ્મૃતિમાં વિતરણ કરાયું

• પાટણ

શહેરની જૈન સ્મશાન ભૂમિમાં અભ્યાસ કરતા 95 જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. ધર્મેશ પટવાના જન્મદિવસ નિમિત્તે તેમની સ્વર્ગસ્થ માતાની સ્મૃતિમાં આ સેવાકીય કાર્ય કરાયું હતું. બાળકોને નોટબુક, પેન્સિલ અને કંપાસ બોક્સ જેવી વસ્તુઓ આપવામાં આવી હતી.જૈન સ્મશાન ભૂમિમાં શોભનાબેન યાદવ સિનિયર કેજીથી ધોરણ 12 સુધીના અંદાજે 95 છોકરા-છોકરીઓને ટ્યુશન આપી ભણાવે છે. આ બાળકો ખુલ્લા વાતાવરણમાં ચાદરા પાથરીને અભ્યાસ કરે છે. દસ દિવસ પહેલા ધર્મેશ પટવાના માતાનું અવસાન થતા તેમના અંતિમ સંસ્કાર માટે પરિવાર અહીં આવ્યો હતો. તે સમયે તેમણે આ બાળકોને ભણતા જોયા અને તેમની અભ્યાસ પ્રત્યેની રુચિથી પ્રભાવિત થયા.આ દ્રશ્ય જોઈને ધર્મેશ પટવાએ શિક્ષિકા શોભનાબેન યાદવની મુલાકાત લીધી હતી. શિક્ષિકાએ બાળકો માટે ચોપડા, નોટબુક, પેન્સિલ, કંપાસ અને પાઉચ જેવી શૈક્ષણિક વસ્તુઓની જરૂરિયાત જણાવી હતી. ધર્મેશ પટવાએ જરૂરી તમામ સામગ્રી પૂરી પાડવાની ખાતરી આપી હતી.આજે ધર્મેશ પટવાના જન્મદિવસ નિમિત્તે તેમણે આપેલું વચન પૂર્ણ કરવામાં આવ્યું. તમામ 95 બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધર્મેશ પટવા, પ્રિયાબેન, એક્ટિવ દિલીપ પટેલ, ગ્રુપના સભ્યો, કોર્પોરેટર મનોજભાઈ અને વિષ્ણુભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સ્મશાન જેવી જગ્યાએ શિક્ષણ મેળવતા બાળકોને જરૂરી સાધનો મળતા તેમના અભ્યાસમાં સરળતા રહેશે. આ પ્રસંગે ધર્મેશ પટવા, પ્રિયાબેન, એક્ટિવ દિલીપ પટેલ, ગ્રુપના સભ્યો, કોર્પોરેટર મનોજભાઈ અને વિષ્ણુભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સ્મશાન જેવી જગ્યાએ શિક્ષણ મેળવતા બાળકોને જરૂરી સાધનો મળતા તેમના અભ્યાસમાં સરળતા રહેશે.

### ફાયર વિભાગની પાંચથી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી

# સિટી લાઈટમાં રુંગટા ઑસ્ટ્રિયા નામની બિલ્ડીંગ નીચે ભીષણ આગ

• સુરત

સુરતના સિટી લાઈટ વિસ્તારમાં આવેલી નવી બનેલી રુંગટા ઑસ્ટ્રિયા નામની બિલ્ડીંગ નીચે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે, જેમાં આગના ગોટેગોટા દૂર સુધી નજરે પડતા ભયનો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને બે બિલ્ડિંગની વચ્ચેના ભાગમાં આગની જ્વાળાઓ જોવા મળી હતી. આ ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની પાંચથી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. બિલ્ડિંગની પાછળના ભાગમાં જમા થયેલા કચરાના ઢગલામાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું




8 ફેબ્રુઆરીએ સુરત પુણાની નિધિ ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગી હતી સુરતના પુણા વિસ્તારમાં આવેલી નિધિ ટેક્સ્ટાઈલ માર્કેટમાં આજે (8 ફેબ્રુઆરી) વહેલી સવારે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. માર્કેટના ફર્સ્ટ બેઝમેન્ટમાં અચાનક આગ લાગવાની શરૂઆત થઈ હતી. બેઝમેન્ટમાં રહેલા વાયરિંગ અને મોટા પ્રમાણમાં લાકડાના સામાનને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભીષણ હતી કે તેનો કાળો ધુમાડો પાંચમા માળ સુધી પ્રસરી ગયો હતો, જેના કારણે જાણે આખી માર્કેટ સળગી રહી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા૩ ફેબ્રુઆરીએ કચરાના કૌભાંડના આક્ષેપ વચ્ચે ખજોદ ડમ્પિંગ સાઈટ પર લાગેલી આગસુરતમાં ખજોદ ડિસ્પોઝલ સાઈટમાંથી કચરો બારોબાર લઈ જઈ અન્ય વિસ્તારોમાં ઠાલવવાનો વિવાદ છેલ્લા એક મહીનાથી ગરમાયો છે.

### પાટણ કોર્ટે પોક્સો કેસમાં આરોપીને સજા ફટકારી:સગીરાનું અપહરણ અને દુષ્કર્મ બદલ 20 વર્ષની સખ્ત કેદ, 55 હજાર દંડ

• પાટણ

સ્પેશ્યલ પોક્સો કોર્ટે સગીરાનું અપહરણ અને દુષ્કર્મ કેસમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી રાહુલ ગણપતભાઈ પ્રજાપતિ (ઉ.વ.24) ને 20 વર્ષની સખ્ત કેદ અને 55,000 નો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરે તો વધુ ત્રણથી એક માસની કેદની સજા ભોગવવી પડશે.જજ બી.કે. બારોટે આરોપીને બીએનએસ કલમ 137(2) તથા 87 હેઠળ ત્રણ વર્ષની સખ્ત કેદ અને 5,000 નો દંડ, તેમજ પોક્સો એક્ટની કલમ 5(એલ) અને 6 હેઠળ 20 વર્ષની સખ્ત કેદ અને 50,000 નો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સરકારી વકીલ જનકભાઈ ડી. ઠક્કરે રજૂઆત કરી હતી. કોર્ટે દુષ્કર્મ પીડિતાને 1 લાખનું વળતર ચૂકવવા માટે પાટણ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને ભલામણ પણ કરી છે.આ કેસની વિગત એવી છે કે, પાટણમાં રહેતી એક સગીરા 8 નવેમ્બર, 2024 ના રોજ ગુમ થઈ ગઈ હતી. તેના પિતાએ આ અંગે ફરિયાદ નોંધાવ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ભોગ બનનાર સગીરા અને આરોપી મળી આવ્યા હતા. તેમના નિવેદનોના આધારે કેસમાં પોક્સો એક્ટની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો.આરોપી અને સગીરા પાટણથી ભાગીને અલગ-અલગ જગ્યાએ રોકાયા હતા અને દ્વારકા જઈને લગ્ન કર્યા હોવાનું સગીરાએ નિવેદનમાં જણાવ્યું હતું. સગીરાએ એમ પણ જણાવ્યું હતું કે આરોપીએ તેની સંમતિથી સંબંધ બાંધ્યો હતો. જોકે, કોર્ટે નોંધ્યું હતું કે ભોગ બનનાર સગીર હોવાથી તેણે આપેલી સંમતિ કાયદેસરની સંમતિ ગણી શકાય નહીં.

### કલાકમાં 6,000 ગરમાગરમ રોટલી:30 મિનિટમાં 100 કિલો નાયલોન ખમણ

# ભોજનમાં દરરોજ 8થી વધુ વાનગીઓ; જૂનાગઢમાં શ્રી આઈ ખોડીયાર રાસ મંડળની 'હરિહર'ની હાકલ

• જુનાગઢ

જૂનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં અત્યારે મિની કુંભ સમાન મહાશિવરાત્રીનો મેળો જામ્યો છે. 'ટુકડો ત્યાં હરિ ઢૂકડો'ની ભાવના સાથે ભવનાથના ખૂણે ખૂણેથી અત્યારે એક જ સાદ સંભળાય છે, 'આવો બાપા, હરિહર કરતા જાઓ.' આ વર્ષે કમોસમી વરસાદને કારણે પરિક્રમા બંધ રહેતા મેળામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. લાખો શ્રદ્ધાળુઓની જઠરાગ્નિ તૃપ્ત કરવા માટે તળેટીમાં અનેક અન્નક્ષેત્રો ધમધમી રહ્યા છે, જેમાં 'શ્રી આઈ ખોડીયાર રાસ મંડળ ટ્રસ્ટ' છેલ્લા છ દાયકાથી સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે.

આ અન્નક્ષેત્રની શરૂઆત પાછળ એક પ્રેરણાદાયી ઈતિહાસ છુપાયેલો છે. ટ્રસ્ટના પ્રમુખ જાદવભાઈ કાકડીયા જણાવે છે કે, વર્ષ 1960માં જ્યારે તેમના વડીલો પ્રથમ વખત ગિરનારની પરિક્રમામાં આવ્યા હતા, ત્યારે એક સાધુના આશ્રમે ભોજન લીધું હતું. તે સમયે છ જણાનું ભોજન હોવા છતાં સાધુના આશીર્વાદથી બાર જણા તૃપ્ત થયા હતા. તે સાધુએ વડીલોને શીખ આપી હતી કે પરિક્રમામાં આવતા ભાવિકોની આંતરડી ઠારવી એ જ સાચી ભક્તિ છે. આ વાત હૈયે ધરીને વર્ષ 1961માં પરિક્રમામાં પ્રથમવાર અન્નક્ષેત્ર શરૂ કરાયું અને 1965થી આ સેવા અવિરત પણે શિવરાત્રી મેળામાં પણ શરૂ કરવામાં આવી.

શરૂઆતમાં માત્ર રવો-ખીચડી જેવી સાદી વાનગીઓથી શરૂ થયેલો આ પ્રવાસ આજે એક



વિશાળ વટવૃક્ષ બની ગયો છે. આજે અહીં 350થી વધુ સ્વયંસેવકો રાત-દિવસ સેવામાં હાજર રહે છે. આશ્ચર્યની વાત એ છે કે આ સ્વયંસેવકોમાં અનેક મોટા ઉદ્યોગપતિઓ પણ છે, જેઓ પોતાના હોદ્દાને બાજુ પર મૂકીને ભાવિકોની થાળી પીરસવામાં અને વાસણ સાફ કરવામાં પણ ગર્વ અનુભવે છે. જાદવભાઈ કહે છે કે, હું જ્યારે માત્ર બે રૂપિયા કમાતો હતો ત્યારથી આ સેવામાં જોડાયેલો છું, આજે આ સેવાથી જ પરિવારમાં સુખ-શાંતિ છે.

ભોજનની ગુણવત્તા એવી છે કે ભક્તો તેને ફાઈવ સ્ટાર હોટલ સાથે સરખાવે છે. અહીં વપરાતો કાચો માલ સીધો દાતાઓ પાસેથી આવે છે. શુદ્ધ ઘીમાં બનેલા મિષ્ટાન અને સીંગતેલમાં બનેલા ફરસાણની સોડમ આખા મેળામાં પ્રસરેલી હોય છે. દરરોજ અલગ-અલગ વાનગીઓ પીરસાય છે, જેમાં લાડવા, મોહનથાળ, બુંદી, શિરો, ભજીયા, દાળ-ભાત, કઢી-ખીચડી, સંભારો અને રોટલીનો સમાવેશ થાય છે. ભોજનમાં દરરોજ 8થી વધુ વાનગીઓ પીરસવામાં આવે છે.પીરસવાની ક્ષમતા વધારવા માટે અહીં આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ થાય છે. અન્નક્ષેત્રમાં કાર્યરત ઓટોમેટિક રોટલી મશીન એક કલાકમાં 6,000થી વધુ ગરમાગરમ રોટલીઓ તૈયાર કરે છે. તેમજ માત્ર અડધા કલાકમાં 100 કિલો નાયલોન ખમણ તૈયાર થઈ જાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, દાળ-ભાત અને શાક જેવી પરંપરાગત વાનગીઓ તો આજે પણ મોટા ચુલાઓ પર જ રાંધવામાં આવે છે.

# બાળ તસ્કરીની શંકાએ યુવતી પર મહિલા-બાળકો તૂટી પડ્યાં, :સુરત પોલીસે ટોળાથી બચાવી, માર ખાનાર ફૂટપાથ પર રહેતી ભિક્ષુક નીકળી

• સુરત

સુરતના ઉન જીલાની નગર વિસ્તારમાં રણમેદાન જેવી સ્થિતિ સર્જાઈ હતી. અહીં એક યુવતી શંકાસ્પદ હાલતમાં જણાતા સ્થાનિક લોકોએ તેને ઘેરી લીધી હતી. જોતજોતામાં વાત વાયુવેગે ફેલાઈ ગઈ કે આ યુવતી બાળક ચોરી કરવા માટે વિસ્તારમાં આવી છે. આ અફવા ફેલાતા જ સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને મોટી સંખ્યામાં લોકટોળું એકત્ર થઈ ગયું હતું. લોકોએ સત્ય જાણ્યા વગર જ યુવતીને પર આક્ષેપો કરવાનું શરૂ કરી દીધું હતું.

આ ઘટનાનો એક ચોંકાવનારો લાઈવ વીડિયો સામે આવ્યો છે, જેમાં ભીડનો ઉગ્ર મિજાજ સ્પષ્ટપણે જોવા મળે છે. માનવતા ત્યારે નેવે મુકાઈ જ્યારે મહિલાઓ પણ જોડાઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે, સ્થાનિક મહિલાઓ આ યુવતીને પકડીને બેરહેમીથી મારી રહી છે. એટલું જ નહીં, ત્યાં હાજર નાના બાળકો પણ હાથથી યુવતીને માર મારતા નજરે પડ્યા હતા. જાહેરમાં થયેલા આ હુમલાને કારણે વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે ત્યાં હાજર લોકો યુવતીને ન મારવા કહેતા પણ નજરે આવે છે.

ઘટનાની જાણ થતા જ ભેસ્તાન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા પોલીસે યુવતીને સુરક્ષિત રીતે પોલીસ વાનમાં બેસાડી ભેસ્તાન પોલીસ મથકે ખસેડી હતી.



### 4 લાખ કરોડની નજીક પહોંચશે ગુજરાતનું બજેટ?

# 18 ફેબ્રુઆરીએ રજૂ થશે 2026-27નું બજેટ; 7થી 10% વધારાની સંભાવના

• ગાંધીનગર

ગુજરાત સરકારનું વર્ષ 2026-27નું વાર્ષિક બજેટ આવતી 18 ફેબ્રુઆરીએ વિધાનસભામાં રજૂ થવાનું છે. આ વખતે રાજ્યનું બજેટ કદાચ ઐતિહાસિક કદ ધારણ કરી શકે છે. આર્થિક સૂત્રોના અનુમાન મુજબ બજેટનો આકાર 3.90 લાખ કરોડથી વધીને 4 લાખ કરોડ સુધી પહોંચી શકે છે.ગત વર્ષ 2025-26માં રાજ્ય સરકારે 3.70 લાખ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન જી.એસ.ટી. વસુલાત, સ્ટેમ્પ ડ્યૂટી અને ઉદ્યોગ ક્ષેત્રની આવકમાં થયેલા વૃદ્ધિને ધ્યાનમાં લેતા આ વખતે 7થી 10 ટકા જેટલો વધારો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. અંદાજે 20 હજાર કરોડથી 30 હજાર કરોડ સુધીનો વધારો થવાની ચર્ચા છે.આવતા બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માર્ગ-મકાન, પાણી પુરવઠા, આરોગ્ય અને શિક્ષણ જેવા પ્રાથમિક ક્ષેત્રોમાં વધુ ફાળવણી થવાની સંભાવના છે. સાથે જ કૃષિ, ઉદ્યોગ અને યુવા રોજગારને પ્રોત્સાહન આપવા નવી યોજનાઓની જાહેરાત પણ થઈ શકે છે. રાજ્ય સરકાર મૂડી ખર્ચમાં વધારો કરીને વિકાસની ગતિને વધુ વેગ આપે તેવી અપેક્ષા છે. જો બજેટનો આકાર 4 લાખ કરોડને અડી જાય અથવા પાર કરે.

### વીડિયો કોલમાં માતાને જોઈ આંખો છલકાઈ, 3 મહિના પહેલાં અમદાવાદ રેલવે સ્ટેશનથી મળી હતી

# અજાણી મૂકબધિર, પ્રેગ્નન્ટ યુવતીનું આધારકાર્ડ બનાવવા જતાં અસલ ઓળખ થઈ

**આ સેન્ટર ટૂંકા ગાળાના રોકાણ માટે બનાવવામાં આવ્યું છે, એટલે જ થોડા દિવસ પછી યુવતીને પાલડી વિકાસ ગૃહ અને ત્યાર બાદ તેની માનસિક સ્થિતિને જોતાં દિલ્હી દરવાજા સ્થિત માનસિક આરોગ્યની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી**

• અમદાવાદ

અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન ગુજરાતના સૌથી વ્યસ્ત સ્ટેશનોમાંનું એક છે. એમાં પણ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામને કારણે મુસાફરો અટવાઈ જવાના ઘણા કિસ્સા બને છે. થોડા દિવસો પહેલાં આ રેલવે સ્ટેશનથી એક યુવતી મળી આવી. ન તો તે બોલી શકતી, ન સાંભળી શકતી. એના કારણે તેની સુરક્ષા અને ઓળખને લઈને એક મોટો પ્રશ્ન હતો, પરંતુ કોઈ વાર્તાની માફક આ કિસ્સામાં એક એવો વળાંક આવ્યો, જેની કોઈએ કલ્પના પણ નહોતી કરી.

યુવતી પોતાના નામ, શહેર કે અન્ય કોઈ માહિતી આપવા માટે સક્ષમ નહોતી. તેની સાથે કોઈ અનિચ્છનીય ઘટના ન બની જાય એ માટે પોલીસે ગંભીરતા દાખવી તેને અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના સખી વન સ્ટોપ સેન્ટરમાં આશ્રય અપાવ્યો.

આ સેન્ટર ટૂંકા ગાળાના રોકાણ માટે બનાવવામાં આવ્યું છે, એટલે જ થોડા દિવસ પછી યુવતીને પાલડી વિકાસ ગૃહ અને ત્યાર બાદ તેની માનસિક સ્થિતિને જોતાં દિલ્હી દરવાજા સ્થિત માનસિક આરોગ્યની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી. ત્યાંથી આ યુવતી ગર્ભવતી તેમજ માનસિક બીમાર હોવાનું તબીબી રીતે જાણવા મળ્યું. એટલે પરિસ્થિતિ વધુ ગંભીર બની ગઈ. આથી તેને લાંબા ગાળાના આશ્રય અને સંભાળ માટે ઓઢવમાં આવેલા નારી સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી.

આ અંગે અમદાવાદ મહિલા અને બાળ વિકાસ અધિકારી જિગર જસાણીએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે સખી વન સ્ટોપ સેન્ટરમાં રેલવે પોલીસ દ્વારા એક કેસ આવ્યો હતો. એ દીકરી માનસિક રીતે દિવ્યાંગ હતી, જેથી તેને સારવાર આપીને રાજ્યના નારી સંરક્ષણ ગૃહ (માનસિક દિવ્યાંગ ગૃહ)માં મોકલાઈ હતી.

ફાલ્ગુની સોલંકી અમદાવાદ અમદાવાદ મહિલા અને બાળ વિકાસ વિભાગમાં ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમણે જણાવ્યું હતું કે દીકરી અમારે ત્યાં આવી ત્યારે ઘરે જવા માટે બહુ જીદ કરતી હતી. તે દીકરી પોતાનો કપડાંનો થેલો હંમેશાં સાથે જ રાખતી હતી. કોઈપણ વ્યક્તિ આવે એટલે મારે તેની સાથે જવું છે એવું ઈશારાથી જણાવતી, ધમપછાડા કરતી.

ઘણા દિવસો વીતી ગયા પણ યુવતીની ઓળખ નહોતી થઈ શકી. યુવતી મૂકબધિર હોવાથી તેની સાથે કાઉન્સેલિંગ કરવું ઘણું જ મુશ્કેલીભર્યું હતું. એટલે જ મહિલા અને બાળ વિકાસ વિભાગ, અમદાવાદના ફિલ્ડ ઓફિસર ફાલ્ગુની સોલંકીએ એક આશા સાથે તેની પાસે થોડું લખાણ લખાવ્યું. આ લખાણ વસ્ત્રાપુર ખાતે આવેલી મૂકબધિર શાળામાં બતાવ્યું હતું, પરંતુ તેઓ પણ એ લખાણ ઉકેલી શક્યા ન હતા, પરંતુ તેના શરીરના બાંધા પરથી તે યુવતી મધ્યપ્રદેશની હોવાનું જણાવ્યું હતું.

સરકારી કાગળોમાં તેની કોઈ ઓળખ ન હોવાથી પત્ર વ્યવહાર કરવામાં પણ તકલીફ પડતી હતી. અજાણી યુવતી હોવાથી અમદાવાદ મહિલા અને બાળ વિકાસ અધિકારી જિગર જસાણીએ તે યુવતીનું નામ અનામિકા આપ્યું. આ નામ કચેરીના અધિકારીએ આપ્યું હોવાથી કચેરીના સ્ટાફ માટે યુવતીની ઓળખ થઈ ગઈ હતી, પણ તેની અસલ ઓળખ હજુ બાકી હતી.

## • સંક્ષીપ્ત સમાચાર

### કામને સૈધાંતિક મંજૂરી:સા.કુંડલામાં જળસંચય માટે 1.05 કરોડના ખર્ચે ચેકડેમ અને પૂર સંરક્ષણ દીવાલના કામને મંજૂરી

• સાવરકુંડલા

સાવરકુંડલા તાલુકાના બાઢડા, ઘાંડલા, મેરીયાણા, શેલણા ગામોની નદીપર ચેકડેમ, ઉંડી ઉતારવાનું કામ કરી પુનર્જીવન સાથે તેમજ ફલડ પ્રોટેક્શનનું કામ 1.05 કરોડના ખર્ચે કરાશે. આ કામને સૈધાંતિક મંજૂરી મળી છે. સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધિ માટેના પ્રયત્નોને મોટી સફળતા મળી છે. તાલુકાની ''જીવનદોરી' સમાન નદીઓ અને ડેમોની જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે સરકાર દ્વારા આ કામ અંતગત બાઢડા નદી ઊંડી ઉતારવાનું કામ 37.92 લાખ, શેલણા, નદી પર નવો ચેકડેમ બનાવવો 28.07 લાખ, ઘાંડલા ફલડ પ્રોટેક્શન (પૂર સંરક્ષણ) દીવાલ 22.78 લાખ, મેરીયાણા ફલડ પ્રોટેક્શન (પૂર સંરક્ષણ) દીવાલ 17.12 લાખ કુલ 1.05 કરોડના વિકાસકાર્યોને સેધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને ચોમાસા દરમિયાન પૂરના જોખમમાં ઘટાડો થશે.

### 25 લાખથી વધુ કિંમતનું વિદેશી ચલણ જપ્ત

# અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી દુબઈ જઈ રહેલા એક પુરુષ મુસાફર પાસેથી કરન્સી મળી, કસ્ટમની મુસાફરો પર બાજનજર

**અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હમણાંથી હેરાફેરીની ઘટનાઓ વધતી જાય છે**

• અમદાવાદ

DRI તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)ના અધિકારીઓએ 13 ફેબ્રુઆરી, 2026ના રોજ SVPI એરપોર્ટ, અમદાવાદથી ફ્લાઈટ SG-15 દ્વારા દુબઈ જઈ રહેલા એક પુરુષ મુસાફરને અટકાવ્યો હતો.

મુસાફરના સામાનની તપાસ અને વ્યક્તિગત તલાશી લેતા તેની ટ્રોલી બેગ, કેરી બેગ અને તેણે પહેરેલા ટ્રાઉઝરના ખિસ્સામાંથી 100 USD મૂલ્યની કુલ 288 ચલણી નોટો, જે દરેકની કિંમત 28,800 USD હતી તે મળી આવી હતી. તાજેતરમાં કસ્ટમ વિભાગે ગાંજાનો જથ્થા સહિત સોનાની લગડી વગેરે કબજે કર્યા હતા. ત્યાં વળી ડી. આર.આઈ. તરફથી મળેલી માહિતીના આધારે મુસાફરને રોકીને તપાસ કરતા વિદેશી ચલણ- 28,800 USD મળી આવ્યા હતા. જે કસ્ટમ્સ એક્ટ, 1962ની સંબંધિત જોગવાઈઓ હેઠળ 25,81,920/- મૂલ્યની વિદેશી ચલણ જપ્ત કરવામાં આવી છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે.

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હમણાંથી હેરાફેરીની ઘટનાઓ વધતી જાય છે. તેને ધ્યાનમાં લઈને કસ્ટમ વિભાગના અધિકારીઓ મુસાફરો પર બાજનજર રાખી રહ્યાં છે.

તાજેતરમાં કસ્ટમ વિભાગે ગાંજાનો જથ્થા સહિત સોનાની લગડી વગેરે કબજે કર્યા હતા. ત્યાં વળી ડી. આર.આઈ. તરફથી મળેલી માહિતીના આધારે મુસાફરને રોકીને તપાસ કરતા વિદેશી ચલણ- 28,800 USD મળી આવ્યા હતા. જે કસ્ટમ્સ એક્ટ, 1962ની સંબંધિત જોગવાઈઓ હેઠળ 25,81,920/- મૂલ્યની વિદેશી ચલણ જપ્ત કરવામાં આવી છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે.



### પાણીનો બગાડ:મુંજીયાસર ડેમની કેનાલ તૂટતા રવિ પાક માટે છોડાયેલું લાખો લિટર પાણી વેડફાયું

• અમરેલી

એક તરફ અમરેલી જિલ્લામાં સિંચાઈની અપૂરતી સુવિધા છે અને જે પણ જળાશયો છે તે પ્રમાણમાં નાના છે તેવી સ્થિતિ વચ્ચે આજે બગસરાના મુંજીયાસર ડેમની કેનાલમાં રવિ પાક માટે પાણી છોડાતા કેનાલમાં ગાબડુ પડ્યું હોય લાખો લેટર પાણી વેડફાયું હતું.અમરેલી જિલ્લામાં ધાતરવડી અને ખોડીયાર ડેમની જેમ જ મુંજીયાસર ડેમમાંથી પણ ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવે છે. આ માટે કેનાલનું નેટવર્ક પણ ગોઠવાયેલું છે. આજે રવિ પાક માટે મુંજીયાસર ડેમની કેનાલમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. એક તો આ ડેમ પ્રમાણમાં નાનો છે અને તેની પાણી સંગ્રહ ક્ષમતા ઓછી છે. જેને પગલે બહુ ઓછા વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપી શકાય છે. તેવી સ્થિતિ વચ્ચે આજે કેનાલમાં પાણી છોડાયું ત્યારે એક સ્થળે કેનાલમાં ગાબડું પડ્યું હતું.બગસરાના ખારી તરફ જવાના પુત્રેશ્વર મહાદેવ મંદિરના રોડ નજીક આ કેનાલ તુટતા તેનું પાણી વેડફાઈને રસ્તા પર રહેવા લાગ્યું હતું. રવિ પાક માટે ખૂબ જ ઉપયોગી પાણી ખેડૂતો સુધી પહોંચ્યું ન હતું, પરંતુ બિનજરૂરી રીતે રસ્તા પર વહેતું થયું હતું. જેના કારણે વાહન ચાલકોને પણ તકલીફ વેઠવી પડી હતી. પાણીના બિનજરૂરી વેડફાટને પગલે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા કેનાલની યોગ્ય સમયે મરામત અને દેખરેખ રાખવામાં આવતી ન હોય આ ઘટના બની હતી. ખારી રોડ પર જાણે નદી વહેતી હોય તેમ કેનાલનું પાણી વહ્યું હતું અને આ દ્રશ્યો જોઈ ખેડૂતોમાં ભારે કચવાટ જોવા મળ્યો હતો. સિંચાઈ વિભાગ દ્વારા જ્યારે કેનાલમાં પાણી છોડવાનો નિર્ણય કરાય તે પહેલા કેનાલની સ્થિતિ બરોબર છે કે કેમ તેની ચકાસણી કરવી જોઈએ. જેથી આ વિસ્તાર માટે અમૂલ્ય પાણી બચાવી શકાય. મુંજીયાસર ડેમની કેનાલની યોગ્ય સાર સંભાળના અભાવે આ ઘટના બની હતી.

### મહેસાણામાં બે માસમાં 3 લાખથી વધુનો દંડ

## આંખો આંજી દેતી LED-લાઈટો લગાવતા વાહનચાલકો સામે RTOની લાલ આંખ



• મહેસાણા

મહેસાણા જિલ્લામાં માર્ગ અકસ્માતો નિવારવા અને ટ્રાફિક નિયમોના ચુસ્ત પાલન માટે પ્રાદેશિક પરિવહન કચેરી RTO દ્વારા કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને વાહનોમાં નિયમ વિરુદ્ધ લગાડવામાં આવતી તીવ્ર પ્રકાશવાળી વ્હાઈટ LED લાઈટો સામે RTO ઈન્સ્પેક્ટરોએ તડાપીટ બોલાવી છે. છેલ્લા બે મહિના દરમિયાન કરવામાં આવેલી કાર્યવાહીમાં કુલ 3,08,000 રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે.

RTO ના આંકડા મુજબ જાન્યુઆરી માસમાં તપાસ દરમિયાન કુલ 132 કેસો નોંધાયા હતા.જેમાં વાહનચાલકો પાસેથી 2,12,000 રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.જ્યારે ફેબ્રુઆરી માસમાં અત્યાર સુધીમાં 96 કેસો નોંધી 96,000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

વાહનચાલકો દ્વારા કંપની ફિટેડ લાઈટોના બદલે બહારથી વધુ તીવ્રતાવાળી LED લાઈટો લગાડવામાં આવે છે. જે રાત્રિના સમયે સામેથી આવતા અન્ય વાહનચાલકોની આંખોમાં આંજી દેતી હોય છે. આ પ્રકારની લાઈટો અકસ્માત માટે મુખ્ય કારણ બનતી હોવાથી RTO દ્વારા રૂટિન ચેકિંગ દરમિયાન આવી લાઈટો દૂર કરાવી દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.આ અંગે મહેસાણા RTOના આસિસ્ટન્ટ ઓફિસર જી.જે. સોલંકીએ જણાવ્યું હતું કે, વાહનકંપનીઓ દ્વારા જે લાઈટો ફિટ કરવામાં આવે છે તેના કરતા વધુ તીવ્રતા ધરાવતી લાઈટો લગાવવી એ નિયમ વિરુદ્ધ છે. આવી લાઈટો અન્ય ચાલકો માટે જોખમી સાબિત થતી હોવાથી જિલ્લામાં સતત ચેકિંગ હાથ ધરી કડક પગલાં લેવામાં આવી રહ્યા છે અને આગામી સમયમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે.

### ગુજસીટોકનો ફરાર આરોપી ઝડપાયો:બોટાદ LCB એ સબિહા હોસ્પિટલ પાસેથી પકડ્યો




• બોટાદ

બોટાદ LCB પોલીસે ગુજસીટોકના ગુનામાં જામીન શરત ભંગ કરી ફરાર થયેલા આરોપી જાવેદ ઉર્ફે ટકો ડોન રજાકભાઈ જાંગડની ધરપકડ કરી છે. પોલીસે બાતમીના આધારે તેને સબિહા હોસ્પિટલ પાસેથી દબોચી લીધો હતો.

આરોપી જાવેદ ઉર્ફે ટકો ડોન હાઈકોર્ટમાંથી શરતી જામીન પર છૂટ્યો હતો, પરંતુ તેણે જામીનની શરતોનો ભંગ કર્યો હતો. આથી, રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટે તેના જામીન રદ કરીને પકડ વોરંટ ઈશ્યુ કર્યું હતું. આ વોરંટના આધારે LCB પોલીસે તેની ધરપકડ કરી છે. આરોપી જાવેદ ઉર્ફે ટકો ડોન હાઈકોર્ટમાંથી શરતી જામીન પર છૂટ્યો હતો, પરંતુ તેણે જામીનની શરતોનો ભંગ કર્યો હતો. આથી, રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટે તેના જામીન રદ કરીને પકડ વોરંટ ઈશ્યુ કર્યું હતું. આ વોરંટના આધારે LCB પોલીસે તેની ધરપકડ કરી છે.

### મનપા પ્રાઈવેટ સ્કૂલના સ્ટાફને તાલીમ આપીને મેદાનમાં ઉતારી શકે

## રાજકોટમાં 20 લાખ લોકોની સામે વસ્તીગણતરી માટે 2500નો સ્ટાફ:50 ટકા ઘટથી અધિકારીઓ મૂંઝાયા

• રાજકોટ

રાજકોટમાં વસ્તી ગણતરીની કામગીરી આડે મોટું વિઘ્ન સામે આવ્યું છે. આ કામગીરી માટે મનપા તંત્રને 5,000 કર્મચારીઓની જરૂરિયાત છે. જેની સામે મનપા તેમજ મનપા સંચાલિત સરકારી શાળાઓ મળી માત્ર 2,500નો સ્ટાફ હાલ ઉપલબ્ધ છે. એટલે જરૂરિયાત કરતા અડધો જ સ્ટાફ ઉપલબ્ધ હોવાથી અધિકારીઓ મૂંઝવણમાં મુકાયા છે. ખાસ કરીને વર્ષ 2011 પછી લાંબા સમયના અંતરાલ બાદ 20 એપ્રિલ-2026થી આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હોવાથી તેમાં અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. આ વખતે રાજકોટના ભૌગોલિક નકશામાં થયેલા મોટા ફેરફારો અને નવા ભળેલા વિસ્તારોને કારણે કામગીરીનું ભારણ વધ્યું છે. જેની સામે સૌથી મોટો પ્રશ્ન સ્ટાફની અછતનો ઉભો થયો છે. જેને લઈ ખાનગી શાળાઓના સ્ટાફની મદદ લેવા સહિતના અન્ય પાસાઓ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવી રહ્યો છે. રાજકોટ મનપાના અધિકારી પ્રણય પંચાલના જણાવ્યા મુજબ, આગામી વસ્તી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં વિભાજિત કરાઈ છે. આ વખતે ગણતરીની પદ્ધતિમાં પેપરવર્કને બદલે સંપૂર્ણ પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં માત્ર હાઉસ લિસ્ટિંગ કરવામાં આવશે. આ પછી ફેબ્રુઆરી 2027માં વાસ્તવિક વસ્તી ગણતરી કરવામાં આવશે. જેમાં દરેક વ્યક્તિની વિગતવાર માહિતી જેવી કે, ઉંમર, શૈક્ષણિક લાયકાત,



વ્યવસાય અને અન્ય જાણકારી એકત્ર કરવામાં આવશે. ત્યારબાદ વસ્તી ગણતરીનું સાચું પરિણામ સામે આવશે. રાજકોટ મનપા દ્વારા કરવામાં આવેલા માઈક્રો પ્લાનિંગ મુજબ, જેમાં મહાનગરપાલિકાનો પોતાનો સ્ટાફ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સરકારી શાળાઓના શિક્ષકો અને આચાર્યોનો સમાવેશ થાય છે. આમ, જરૂરિયાત કરતા 50 ટકા સ્ટાફ ઓછો હોવાને કારણે કામગીરી સમયસર પૂર્ણ થશે કે કેમ તે બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરી એ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની પ્રક્રિયા છે, જો સ્ટાફ ઓછો હોય તો એક કર્મચારી પર કામનું ભારણ વધે છે અને ડેટાની ચોકસાઈ પર પણ તેની અસર પડી શકે છે. આ સ્ટાફની ઘટ પૂરી કરવા માટે હવે મનપા તંત્ર દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે. મનપાનાં ચૂંટણી અધિકારી પ્રણય પંચાલના જણાવ્યા અનુસાર, ઘટતા 2,500 કર્મચારીઓની વ્યવસ્થા કરવા માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં શહેરમાં આવેલી ખાનગી શાળાઓના શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફને આ સરકારી કામગીરીમાં જોડવા માટે મંજૂરી મેળવવા પ્રક્રિયા ચાલી રહી છે. જો સરકાર તરફથી મંજૂરી મળશે, તો ખાનગી શાળાના સ્ટાફને જરૂરી તાલીમ આપીને મેદાનમાં ઉતારવામાં આવશે. આ સિવાય વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકો અને એલઆઈસી જેવી સંસ્થાઓના કર્મચારીઓની સેવાઓ લેવા માટે કલેક્ટર મારફત પત્રવ્યવહાર કરવામાં આવ્યો છે.

## વેલેન્ટાઈન ડે પર ગુલાબના ભાવમાં ઉછાળો:સામાન્ય દિવસમાં 25 રુપિયે વેચાતા ગુલાબનો ભાવ 50એ પહોંચી ગયો

• પાટણ

વેલેન્ટાઈન ડે નિમિત્તે પાટણ શહેરમાં ગુલાબ સહિતના ફૂલોની માંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. આ દિવસે એક ઈંગ્લિશ ગુલાબનો ભાવ 50 સુધી પહોંચી ગયો હતો, જે સામાન્ય દિવસોમાં 15 થી 25 માં મળતો હતો. અમદાવાદ, નાસિક અને બેંગ્લોર જેવા શહેરોમાંથી વિવિધ પ્રકારના ગુલાબ અને ફૂલો પાટણના બજારમાં આવ્યા હતા.માત્ર ગુલાબ જ નહીં, પરંતુ અન્ય ફૂલોના ભાવમાં પણ વધારો થયો હતો. હાલમાં લગ્નની સિઝન ચાલુ હોવાથી ડેકોરેશન માટે ઉપયોગમાં લેવાતા રંગબેરંગી ફૂલોની માંગ પણ વધી છે. ગુલાબ સાથે સેવન્ટી અને અન્ય ફૂલોના કોમ્બિનેશનથી બનતા વિવિધ બુકેની પણ વેલેન્ટાઈન ડે પર ખાસ માંગ રહે છે, જેના ભાવમાં પણ વધારો નોંધાયો હતો.ફૂલોનો વ્યવસાય કરતા રમેશભાઈએ જણાવ્યું હતું કે, વેલેન્ટાઈન ડે નિમિત્તે ગુલાબની માંગ ધારણા કરતાં વધુ રહી હતી. આ ઉપરાંત, 10 પ્રકારના સેવન્ટી ફૂલોની પણ સારી માંગ જોવા મળી હતી. બજારમાં જે ગુલાબ સામાન્ય રીતે 20 માં મળતું હતું, તેનો ભાવ 50 થઈ ગયો હતો. આમ, દરેક ફૂલના ભાવમાં લગભગ ત્રણ ગણો વધારો જોવા મળ્યો હતો અને બજારમાં તેના ઊંચા ભાવ વસૂલવામાં આવ્યા હતા.



## વીજ કંપનીના ખાનગીકરણના વિરોધમાં વીજ કર્મચારીઓના કચેરીએ સૂત્રોચ્ચાર

• જામનગર

વીજ કંપનીઓના ખાનગીકરણ ન કરવા દેશભરમાં વીજકર્મીઓ દ્વારા ઉઠેલા વિરોધના સમર્થનમાં જામનગર ખાતે PGVCL અને GETCO ની બંને યુનિયનોની સંકલન સમિતિના તમામ સભ્યો દ્વારા શહેરના લાલ બંગલો ઓફીસ અને સાત રસ્તા ઓફીસ ખાતે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને મર્યાદિત સમયગાળાનો હતો અને આ હડતાલ/ વિરોધના કારણે ગુજરાત રાજ્યમાં ક્યાંય પણ વીજ પુરવઠા અથવા સેવાઓમાં કોઈ અવરોધ કે અસર થવા દેવામાં આવી ન હતી. અને આ હડતાલ/ વિરોધના કારણે ગુજરાત રાજ્યમાં ક્યાંય પણ વીજ પુરવઠા અથવા સેવાઓમાં કોઈ અવરોધ કે અસર થવા દેવામાં આવી ન હતી. જામનગર શહેરમાં વીજ કંપનીના અધિકારીગણ અને કર્મચારીગણ એકત્રિત થઈ કેન્દ્ર સરકારની વીજળી કંપનીઓના ખાનગીકરણ તથા આઉટ સોર્સિંગની નીતિ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. સંકલન સમિતિએ જણાવ્યું હતું કે વીજ ક્ષેત્રનું ખાનગીકરણ કરવાથી જનહિત પર પ્રતિકૂળ અસર થઈ શકે છે, ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં વીજ પુરવઠા, દરની નીતિ, રોજગારીની સુરક્ષા અને સેવા ગુણવત્તા જેવા મુદ્દાઓ પર નકારાત્મક અસર થવાની શક્યતા છે.